૧૫ વર્ષની ઉંમરે, જ્યારે ઘણા કિશોરો શાળા અને મિત્રો વિશે વિચારવામાં વ્યસ્ત હોય છે, ત્યારે શિખા શર્મા પહેલેથી જ પૈસા કમાઈ રહી હતી. ટ્યુશન ક્લાસીસ લેવાથી લઈને કોલ સેન્ટરોમાં પાર્ટ-ટાઈમ કામ કરવા સુધી, તેણીએ કોર્પોરેટ જગતમાં પ્રવેશતા ઘણા સમય પહેલાં જ પોતાના પરિવારને ટેકો આપવાનું શરૂ કરી દીધું હતું. વર્ષો પછી, આ IT પ્રોફેશનલે પોતાનું 3BHK ફ્લેટ ખરીદ્યું છે, અને આ શક્ય બનાવવા માટે વર્ષોની બચત, જમીનના રોકાણમાંથી થયેલા નફા અને હોમ લોનનો ઉપયોગ કર્યો છે. બીજું ઘર ખરીદવા અંગેની તેની અગાઉની ઇન્સ્ટાગ્રામ રીલ (Instagram reel) લગભગ બે અઠવાડિયા પહેલાં વાયરલ થઈ હતી. આ પ્રતિસાદ બાદ, શર્માએ બીજો એક વીડિયો શેર કર્યો જેમાં તેણે સમજાવ્યું કે તેણે પોતાનું 3BHK ફ્લેટ કેવી રીતે ખરીદ્યું અને તેની કોમેન્ટ્સ તથા DMsમાં ઉમટી પડેલા પ્રશ્નોના જવાબ આપ્યા. શર્માની નાણાકીય સફર આરામદાયક પગારથી શરૂ થઈ ન હતી. કિશોરાવસ્થામાં, તેણીએ ઘરના ખર્ચમાં ફાળો આપવા માટે ટ્યુશન ક્લાસીસ લીધા અને કોલ સેન્ટરોમાં કામ કર્યું. "આ ઘર માત્ર મારા માટે નથી. તે મારા પરિવાર માટે પણ છે. હું ૧૫ વર્ષની હતી ત્યારથી પરિવારની જવાબદારીઓ નિભાવી રહી છું," તેણીએ પોતાની સમજાવટવાળી રીલમાં કહ્યું. તેણીએ ઉમેર્યું, "મેં વહેલા કામ કરવાનું શરૂ કર્યું, બાળકોને ટ્યુશન આપવાનું, કોલ સેન્ટરોમાં પાર્ટ-ટાઈમ કામ કરવાનું, મારા પોકેટ મની માટે નહીં, પરંતુ ખરેખર પરિવારની રોજીરોટી કમાવવા માટે." તેણીની શરૂઆતની મોટાભાગની આવક ઘર ચલાવવામાં જતી રહી, જેનાથી બચત માટે બહુ ઓછો અવકાશ રહેતો. તેણી IT ક્ષેત્રમાં પ્રવેશી અને નિયમિત પગાર મેળવવાનું શરૂ કર્યું ત્યારબાદ સ્થિતિ બદલાઈ. તેણીએ દર મહિને લગભગ રૂા.૨,૦૦૦થી રૂા.૫,૦૦૦ અલગ રાખવાનું શરૂ કર્યું, ક્યારેક તેનાથી વધુ, તેણી શું પરવડી શકે તેના આધારે. થોડા વર્ષો પછી, તેણીએ જમીનના એક ટુકડામાં રોકાણ કર્યું જે તેણીએ વાજબી



કિંમતે ખરીદ્યો હતો. તેણીએ આ વર્ષે તે સારા નફામાં વેચી દીધો અને તેમાંથી મળેલી રકમનો ઉપયોગ પોતાના 3BHK ફ્લેટ માટે ડાઉન પેમેન્ટ (down payment) ચૂકવવા કર્યો. બાકીની રકમ હોમ લોન દ્વારા પૂરી કરવામાં આવી. પોતાનું ઘર ખરીદવાની ઈચ્છા રાખનારાઓને શર્માની સલાહ છે કે નાણાકીય આયોજન વહેલું શરૂ કરો, ઇમરજન્સી ફંડ બનાવો અને સતત રોકાણ કરો, ભલે શરૂઆતની રકમ નાની હોય. "જો તમે ક્યારેક તમારું પોતાનું ઘર ખરીદવાનું આયોજન કરી રહ્યા છો, તો તમારા નાણાકીય બાબતોનું આયોજન વહેલું શરૂ કરો. ઇમરજન્સી ફંડ બનાવો. સતત રોકાણ કરો, ભલે તમે તમારા પગારની નાની ટકાવારીથી જ શરૂઆત કરી શકો," તેણીએ કહ્યું. આર્થિક રીતે પોતાના પરિવારને ટેકો આપનારાઓ માટે પણ તેણી પાસે એક સંદેશ હતો. "જો તમારી પાસે પરિવારની જવાબદારીઓ છે, તો તમારી નાણાકીય સફરની બીજા કોઈ સાથે સરખામણી કરશો નહીં અને વાસ્તવિક રીતે જે પણ શક્ય હોય તેનાથી શરૂઆત કરો," તેણીએ ઉમેર્યું. તેણીની વાર્તાને ઓનલાઈન પ્રશંસા મળી છે, જેમાં યુઝર્સે પરિવાર પ્રત્યેની તેણીની પ્રતિબદ્ધતા અને વર્ષોની મહેનતને પોતાના ઘરમાં પરિવર્તિત કરવા માટે જરૂરી શિસ્તની પ્રશંસા કરી છે.

ડભોઈ સ્ટેટ હાઈવેના અધિકારીઓની ઘોર બેદરકારી

થરવાસા રેલવે ઓવરબ્રિજ બિસ્માર હાલતમાં, મસમોટા ખાડા

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૨૬

ડભોઈ પંથકમાં માર્ગ અને મકાન (સ્ટેટ હાઈવે) વિભાગના અધિકારીઓની ઘોર બેદરકારી અને કોન્ટ્રાક્ટરની નબળી કામગીરીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. ડભોઈથી થરવાસા તરફ જતા માર્ગ પર વાહનચાલકોની સુવિધા માટે બનાવવામાં આવેલો રેલવે ઓવરબ્રિજ હાલ અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં ફેરવાઈ ગયો છે. બ્રિજ પર મસમોટા ખાડા પડી જવાના કારણે હવે લોખંડના સળિયા પણ બહાર દેખાવા લાગ્યા છે, જે મોટા અકસ્માતની ભીતિ સર્જી રહ્યા છે મળતી વિગતો અનુસાર, આ ઓવરબ્રિજ પર અગાઉ પડેલા ખાડાઓને પૂરવા માટે તંત્ર દ્વારા આરસીસી (RCC) રોડ પર ડામરનું થીગડું મારીને કામ ચલાવી લેવામાં આવ્યું હતું. પરંતુ ચોમાસું પૂર્ણ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં સ્ટેટ હાઈવે વિભાગ દ્વારા બ્રિજનું કોઈ પણ પ્રકારનું યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી. પરિણામે, હાલ



(તસવીર : આઈ.જી. બોડીવાલા, ડભોઈ)

બ્રિજની સપાટી સંપૂર્ણપણે ઉખડી ગઈ છે અને ઠેર-ઠેર જીવલેણ ખાડા પડી ગયા છે, જેમાંથી લોખંડના સળિયા બહાર ડોકિયાં કરી રહ્યા છે આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં નાના-મોટા વાહનોની અવરજવર રહે છે. તેઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે પૂરપાટ ઝડપે આવતા વાહનચાલકોને અંધારામાં આ ઊંડા ખાડા અને સળિયા દેખાતા ન હોવાથી વાહનો પટકાવાના અને નાના-મોટા અકસ્માતો સર્જાવાના બનાવો બની રહ્યા છે.

સ્થાનિક નાગરિકોમાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે સ્ટેટ હાઈવે વિભાગના જવાબદાર અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને વહીવટ ચલાવી રહ્યા છે અને સ્થળ પર આવીને પરિસ્થિતિની સમીક્ષા કરવાની પણ તસ્દી લેતા ન હોવાનું કહેવાય છે.

વડોદરાના દક્ષિણ ઝોનમાં સમારકામના પગલે વિવિધ વિસ્તારોમાં ચાર કલાક વીજ કાપ રહેશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૬

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ લાઈનના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રાખવામાં આવશે. ૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ ચાર સબ ડિવિઝન હેઠળના ફીડરમાં સવારે ૭થી ૧૧ વાગ્યા સુધી ચાર કલાક વીજકાપ રહેશે.

કંપની દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, ૨૬ નવેમ્બર ગુરુવારે લાલબાગ સબ ડિવિઝનના માંજલપુર ફીડર પર સમારકામની કામગીરી કરવામાં આવશે. જ્યારે ૨૭ નવેમ્બર શુક્રવારે તરસાલી સબ ડિવિઝનના બંસલ ફીડર, માંજલપુર સબ ડિવિઝનના તુલસીધામ ફીડર અને જીઆઈડીસી સબ ડિવિઝનના સ્કાય ઓનિક્સ ફીડર પર કામગીરી હાથ ધરાશે.

આ તમામ ફીડરમાં સવારે ૭થી ૧૧ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. સમારકામની કામગીરી પૂર્ણ થતાં કોઈપણ પૂર્વ જાણ કર્યા વગર વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

અમરેલી : કંપનીના યાર્ડમાં ધાડ પાડી કેબલની ચોરી કરનાર પાંચ આરોપીઓ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના કોયાવા ગામે આવેલી અલ્ટ્રાટેક કંપનીના યાર્ડમાં સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કરી તાંબાના કેબલ વાયરની ચોરી કરવાના ઘાટના ગુનાનો પીપાવાવ મરીન પોલીસે ભેદ ઉકેલી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ગત તા.૬ નવેમ્બરના રોજ આરોપીઓએ કંપનીના યાર્ડની દિવાલની ફેન્સિંગ કાપી ગેરકાયદેસર પ્રવેશ કરી સિક્યુરિટી ગાર્ડને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ૩૦૪ મીટર જેટલો કોપર કેબલ વાયર, મોબાઈલ ફોન સહિતની ચીજવસ્તુઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

બનાવની તપાસ દરમિયાન પીપાવાવ મરીન પોલીસની ટીમે બાતમી અને ટેક્નિકલ એનાલિસિસના આધારે પાંચ આરોપીઓ જેમાં ચમરૂભાઈ દુલાભાઈ લાપણોત્રા, નિઝામ રસુલભાઈ ઉકંડ, ઈનફીમભાઈ મરીન પોલીસે ભેદ ઉકેલી પાંચ જુમાભાઈ દલ, દુલાભાઈ આરોપીઓને ઝડપી પાડ્યા છે, કશાડાભાઈ લાપણોત્રા, નિઝામ જ્યારે અન્ય ત્રણ આરોપીઓની હબીબભાઈ પરમાર અને મજીદ શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઉર્ફે કાળુ નનુભાઈ કુરેશીને ઝડપી પાડી તેમની પાસેથી મોબાઈલ ફોન, મોટરસાઈકલ, રેનોલ્ટ ડસ્ટર કાર, ટ્રેક્ટર-ટ્રોલી સહિત કુલ રૂા.૧૧,૨૪,૬૯૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પીપાવાવ મરીન પોલીસ ઇન્સ્પેક્ટર વી.કે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે કામગીરી કરી ધાડના અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

વાગરાના પીપલિયા નજીક ગમખ્વાર અકસ્માત

બાઈક પર સવાર મહિલાનું કન્ટેનર નીચે કચડાઈ જતાં કરૂણ મોત, અન્ય ત્રણ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૨૬

વાગરા-દહેજ માર્ગ પર પીપલિયા નજીક કન્ટેનરે બે બાઈકને અડફેટે લઈ પલટી ખાતા મહિલાનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પતિ સહિત ત્રણને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વાગરાના પીપલીયા ગામના રહેવાસી ઠાકોરભાઈ જીવણભાઈ રાઠોડ સવારના અરસામાં પોતાની મોટરસાઈકલ નંબર જીજે-૧૬ ઈકે-૯૪૧૭ પર પત્ની સંગીતાબેનને સાથે બેસાડી જંબુસર ખાતે મોટર સાઈકલ સર્વિસ કરાવવા તેમજ નંબર પ્લેટ બનાવડાવવા જઈ રહ્યા હતા.

દરમિયાન પીપલીયા ગામથી વહીયાલ ગામ તરફ જતા માર્ગ પર વળાંક પાસે પાછળથી આવી રહેલા કન્ટેનર ટ્રક નંબર જીજે-૧૬ એ વી ૦૭૭૩ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી અને બેફામ રીતે હંકારી સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના પરિણામે કન્ટેનર ટ્રક પલટી ખાઈ મોટરસાઈકલ પર પડતાં મોટરસાઈકલ સવાર દંપતી તેની નીચે દબાઈ ગયું હતું. આ અકસ્માતમાં પત્ની સંગીતાબેનને માથા તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું કરૂણ મોત નીપજ્યું હતું,



(તસવીર : અમજદ સૈયદ, વાગરા)

પીપલિયા કન્ટેનર ચાલક દારૂના નશામાં હોવાની ચર્ચા

પીપલિયા ગામ નજીક સર્જાયેલા ગમખ્વાર કન્ટેનર અકસ્માતમાં એક મહિલાનું કરૂણ મોત અને અન્ય લોકોને ઈજાઓ પહોંચવાની ઘટના બાદ હવે કન્ટેનર ચાલક દારૂના નશામાં ચૂર હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિક સ્તરે ઉઠી રહેલી ચર્ચાઓ મુજબ અકસ્માત સમયે કન્ટેનર ચાલક નશાની હાલતમાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આથી પોલીસ દ્વારા ચાલકનું મેડિકલ પરીક્ષણ અને જરૂરી તપાસ કરવામાં આવે તેવી લાગણી પંથકમાં પ્રસરી જવા પામી છે. જો ચાલક નશામાં હોવાનું સાબિત થાય તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી થવી જોઈએ તેવી લોકમાંગ પણ ઊઠી રહી છે.

જ્યારે ઠાકોરભાઈને કમર તથા પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત આગળ જઈ રહેલી અન્ય મોટરસાઈકલ નંબર જીજે ૧૬ એ એન ૭૫૩૨ને પણ કન્ટેનર ટ્રક અડફેટે લીધી હતી. ઘટના અંગે ઠાકોરભાઈ રાઠોડની ફરિયાદના આધારે વાગરા પોલીસે કન્ટેનર ચાલક વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા મોટર વ્હીકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઠાસરાના બાધરપુરાની સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ કરનાર ઈસમને વીસ વર્ષની સજા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૬

ઠાસરા તાલુકાના બાધરપુરામાંથી સગીર વયની યુવતીને લગ્નની લાલચે ભગાડી જઈ મોરબી ખાતે દુષ્કર્મ આચરવાના ગુનામાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.મળતી માહિતી મુજબ ઠાસરા તાલુકાના બાધરપુરા ખેતરમાં, ઉમીયા ક્વોરીની બાજુમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે સમુડો દલાભાઈ ભાભોર (ઉ.વ. ૪૨, એ ૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ બાધરપુરા ખાતેથી સગીર વયની યુવતીને લગ્નની લાલચ આપી, લલચાવી-ફોસલાવી ભગાડી લઈ ગયો હતો. ત્યારબાદ ભોગ બનનારને મોરબી જિલ્લાના બહાદુરગઢ ગામની સીમમાં આવેલી ઓરડીમાં રાખી, તેની મરજી વિરૂદ્ધ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે ઠાસરા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે તપાસ હાથ ધરીને આરોપીને પકડી પાડ્યો હતો અને ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી.આ કેસ નડિયાદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલી ગયો હતો. સુનાવણી દરમિયાન ૧૭ દસ્તાવેજ પુરાવા, આશરે ૧૦ સાહેદોની જુબાની અને દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી વીસ વર્ષની કેદની સજા ફટકારી હતી. તેની સાથે સાથે આરોપીના દંડમાંથી રૂા. ૨૫,૦૦૦ વળતર તરીકે તેમજ સરકારના ઠરાવ મુજબ ભોગ બનનારને રૂા. ૧,૦૦,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો હુકમ પણ કોર્ટે કર્યો છે.

DEOનો શાળાઓને કડક આદેશ

ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થિનીઓ અને દિવ્યાંગો પાસેથી ફી વસૂલવા પર પ્રતિબંધ

પરીક્ષા ફી લેવામાં આવશે તો શાળા સામે કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષાને લઈને જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા શાળાઓને મહત્ત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારની જોગવાઈ મુજબ વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષાની ફીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. તેમ છતાં કેટલીક શાળાઓ દ્વારા આવા વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી વસૂલવામાં આવતી હોવાની ફરિયાદોને પગલે વડોદરા DEOએ કડક વલણ અપનાવ્યું છે.

વડોદરા DEO દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે, ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષા માટે કોઈપણ વિદ્યાર્થીની કે દિવ્યાંગ વિદ્યાર્થી પાસેથી પરીક્ષા ફી લેવામાં ન આવે. જો કોઈ શાળા સરકારના આ નિયમનું ઉલ્લંઘન કરીને ફી વસૂલશે તો સંબંધિત શાળા સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગની જોગવાઈ મુજબ વિદ્યાર્થિનીઓ અને દિવ્યાંગ ઉમેદવારોને બોર્ડ પરીક્ષાની ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આથી શાળાના સંચાલકો અને આચાર્યોએ પરીક્ષાનાં ફોર્મ ભરાવતી વખતે આ બાબતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

હિંમતનગર ખાતે ફોર્ચ્યુનરમાંથી રૂા.૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા LCBની ટીમ હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે ગાંભોઈથી હિંમતનગર તરફ નેશનલ હાઈવે પર આવતા વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન રાજસ્થાનથી ગાંધીનગર તરફ જઈ રહેલી ફોર્ચ્યુનર કાર નંબર GJ-12-DS-0025ને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસે સરકારી વાહન આડું મૂકી કારચાલકને રોકવાનો ઈશારો કરતાં તેણે કાર થોડે દૂર ઊભી રાખી

રાજસ્થાનના એક આરોપીની ધરપકડ

પુલ તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, LCBની ટીમે કારને કોર્ડન કરી ચાલકને ઝડપી લીધો હતો.ફોર્ચ્યુનર કારની તપાસ દરમિયાન વિદેશી દારૂ અને નેશનલ હાઈવે પર આવતા વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન રાજસ્થાનથી ગાંધીનગર તરફ જઈ રહેલી ફોર્ચ્યુનર કાર નંબર GJ-12-DS-0025ને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસે સરકારી વાહન આડું મૂકી કારચાલકને રોકવાનો ઈશારો કરતાં તેણે કાર થોડે દૂર ઊભી રાખી પુલ તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, LCBની ટીમે કારને કોર્ડન કરી ચાલકને ઝડપી લીધો હતો.ફોર્ચ્યુનર કારની તપાસ દરમિયાન વિદેશી દારૂ અને બિયરની કુલ ૧,૨૪૬ બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂા.૪,૦૭,૨૩૮ થવા પામી હતી. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત રૂા.૫ હજારનો મોબાઈલ, ચાર નંબર પ્લેટ અને રૂા.૨૦ લાખની ફોર્ચ્યુનર કાર મળી કુલ રૂા.૨૪,૧૨,૨૩૮નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ મામલે પોલીસે રાજસ્થાનના સલૂમ્બર જિલ્લાના ડાલ ભાવાવત વાલા ફળા ગામના ૩૨ વર્ષીય કિશોરસિંહ પર્વતસિંહ રાઠોડની ધરપકડ કરી હતી. જ્યારે રાજસ્થાનના દેવગઢમાં રહેતા જયપાલસિંહ, ક્રિષ્ના અને ગાંધીનગર ખાતે દારૂનો જથ્થો લેવા આવનાર એક અજાણ્યો શખ્સ ફરાર હોવાનું સામે આવ્યું હતું. LCBએ પકડાયેલા આરોપી અને ત્રણ ફરાર શખ્સો સહિત ચાર સામે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાવ્યો હતો. પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી હતી.

‘ફીડમ ડે કેર સેન્ટર’, ધોળકા દ્વારા

વૌઠાના મેળામાં દિવ્યાંગજનો માટે જાગૃતિ અભિયાન

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૨૬

ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફીડમ ડે કેર સેન્ટર, ધોળકા દ્વારા ધોળકા તાલુકાના વૌઠા ગામે સપ્ત નદીઓના સંગમસ્થળે અને ચકલેશ્વર મહાદેવના પ્રાંગણમાં યોજાતા ગુજરાતના સુપ્રસિદ્ધ વૌઠાના મેળામાં દિવ્યાંગ બાળકો તથા દિવ્યાંગ વ્યક્તિઓને મળતા સરકારી લાભો, સહાય યોજનાઓ અને તેમના અધિકારો અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી વિશેષ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોળકા તાલુકા પંચાયત દ્વારા દિવ્યાંગજનોના હિતાર્થે વિનામૂલ્યે ફાળવવામાં આવેલા આ સ્ટોલ પર મેળામાં આવેલા મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ લોકોએ મુલાકાત લઈ વિવિધ સરકારી યોજનાઓ અને લાભો અંગે માહિતી મેળવી હતી. સ્ટોલમાં દિવ્યાંગજનો માટેની વિવિધ સરકારી યોજનાઓ, આર્થિક સહાય, પેન્શન, સાધન સહાય તથા અન્ય ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતીપ્રદ બેનરો અને પેમ્ફલેટ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને યોજનાઓનો લાભ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો, અરજી પ્રક્રિયા અને ફોર્મ અંગે વિસ્તૃત માહિતી



(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

સંસ્થાના પ્રતિનિધિ ભાવિન પરમાર તથા હરીશભાઈ પરમાર દ્વારા મુલાકાતીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા સહાય પૂરી પાડવામાં આવી હતી. આ જનજાગૃતિ સ્ટોલની અધિકારીઓ, પદાધિકારીઓ એ પણ મુલાકાત લીધી હતી.



પાલીતાણા ખાતે તળાજા રોડ વડલી પાસે આવેલ દાદાની ગૌશાળા બલોચ ફાર્મ ખાતે પીરે તરીકત સરકાર સૈયદ હુસૈની બાવની હાજી અહેમદબાપુ ફાતમી હતી તેમના શહેઝાદા પીરે તરીકત સરકાર સૈયદ સાદીકબાપુ બાવની ફાતમી એ મુલાકાત લીધી. આ સમયે અખિલ ગુજરાત બલોચ સમાજનાં પ્રમુખ અને પાલીતાણા શહેરના પૂર્વ નગરપતિ ડો. હાજી હૈયાતખાન બલોચ, એડવોકેટ સંજયખાન બલોચ, અરમાનખાન બલોચ વિગેરે હાજર રહેલ. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

નવા અને બાકી રહી ગયેલા મતદારો પણ કરાવી શકશે નોંધણી

ગીર સોમનાથ જિલ્લામાં ફોટાવાળી મતદાર યાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

તા.૨૯ નવેમ્બર અને તા.૬ તેમજ તા.૧૩ ડિસેમ્બરના રોજ સવારના ૧૦:૦૦થી સાંજના ૫-૦૦ સુધી કરાવી શકાશે નોંધણી

પ્રભાસપાટણ, તા.૨૬

ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં સમાવિષ્ટ ૯૦-સોમનાથ, ૯૧-તાલાલા, ૯૨-કોડિનાર (S.C) અને ૯૩-ઉના વિધાનસભા મતદાર વિભાગોમાં ફોટાવાળી મતદાર યાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે.

ગીર સોમનાથ જિલ્લામાં તા.૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં સંક્ષિપ્ત સુધારણા હેઠળ બાકી રહી ગયેલા અને નવા/પ્રથમ વખતના પાત્ર મતદારોના નામ મતદાર યાદીમાં નોંધવા અંગેની ખાસ ઝુંબેશ યોજાશે.

આ ખાસ ઝુંબેશ અંતર્ગત તા.૨૯-૧૧-૨૦૨૬(રવિવાર), તા.૬-૧૨-૨૦૨૬ (રવિવાર), તા.૧૩-૧૨-૨૦૨૬(રવિવાર)ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી સાંજના સાંજે ૫-૦૦ કલાક સુધી નજીકના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહેશે.

સંબંધિત મતદાન મથકો ખાતે બુથ લેવલ ઓફિસરને આધાર પુરાવા સાથે નિયત ફોર્મ ભરી સુપ્રત કરવાનું રહેશે. આ સતત સુધારણા પ્રક્રિયા દરમિયાન ૧૮-૧૯ વર્ષના યુવા મતદારો અને સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહેલા તમામ પાત્ર નાગરિકોની મતદારયાદીમાં નોંધણી માટે વિશેષ પ્રયાસો કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ કોઈપણ પાત્ર નાગરિક મતદાર યાદીમાં નોંધણીથી વંચિત ન રહે અને આ ઝુંબેશનો લાભ લે એવો નાગરીકોને ખાસ અનુરોધ કર્યો છે.

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના SMCના દાવા પોકળ

સુરતના રૂસ્તમપુરામાં શાળાઓ નજીક ગંદકીથી ભૂલકાઓના આરોગ્ય સામે ખતરો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૬

સુરત મહાનગરપાલિકા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના પોકળ દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ રૂસ્તમપુરામાં જે સ્થળે ભૂલકાઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યાં જ સ્કૂલનાં પ્રાંગણ બહાર ગંદકીના ઢગલા આ દાવાઓની પોલ ખોલી રહ્યા છે. વોર્ડ નં. ૧૩માં ઉર્દૂ માધ્યમ શાળા ક્રમાંક-૨૦ અને કુમાર કેન્દ્ર નં. ૫ પાસે કચરાના ઢગલા ખડકાતાં સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. શાળાની આસપાસ ફેલાયેલી ગંદકી અને દુર્ગંધથી વિદ્યાર્થીઓ સહિત આસપાસના રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં કચરાની સમસ્યા નવી નથી. વારંવાર રજૂઆતો કરવા છતાં સફાઈની વ્યવસ્થા કાયમી ધોરણે થતી નથી. મનપાની સફાઈ ટીમ દ્વારા કચરો ઉઠાવવામાં આવે છે, પરંતુ ગણતરીના સમયમાં ફરી એ જ સ્થળે કચરાના ઢગલા ખડકાઈ જાય છે. પરિણામે સફાઈ પાછળ થતી કામગીરી અને ખર્ચ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે શાળાની નજીક જ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. જ્યાં બાળકો શિક્ષણ મેળવવા આવે છે ત્યાં જ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. વિદ્યાર્થીઓ અને સ્થાનિકોને દુર્ગંધ વચ્ચે અવર-જવર કરવાની ફરજ પડી રહી છે. સ્વચ્છતાના નામે માત્ર દેખાવ પૂરતી સફાઈ થતી હોવાનો પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિકોએ રાજકીય નેતાઓ સામે પણ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી આવે ત્યારે મત માંગવા માટે નેતાઓ અને તેમના કાર્યકરો ઘરે-ઘરે પહોંચી જાય છે, પરંતુ લોકોની પાયાની સમસ્યાઓ ઉકેલવાની વાત આવે ત્યારે કોઈ ડોકાતું નથી. સ્થાનિકોની સ્પષ્ટ માંગ છે કે, કચરો એક વખત ઉઠાવીને સંતોષ માનવાને બદલે આ સ્થળે કાયમી સફાઈ વ્યવસ્થા ગોઠવવામાં આવે અને કચરો ઠાલવતા લોકોને અટકાવવા અસરકારક પગલાં લેવામાં આવે.

ભાવનગરમાં ૩૨મો સમૂહ શાદી સમારોહ સફળતાપૂર્વક સંપન્ન



(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૬

ભાવનગરના હઝરત શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ૩૨મી સમૂહશાદીનું ભાવનગરના નારી રોડ, કુંભારવાડામાં આવેલ હઝરત રોશન ઝમીર લિયાકતઅલી બાપુની દરગાહ શરીફના પટાંગણમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમૂહશાદી સમારોહમાં દુલ્હાઓ અને દુલ્હનો નિકાહના પાક બંધનમાં બંધાયા હતા તેમજ નાત શરીફનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી તેમજ ઉપસ્થિત આલીમ સાહેબો, મૌલાના સાહેબોએ સમૂહ શાદીનું મહત્ત્વ સમજાવી દુલ્હા અને દુલ્હનો માટે ખાસ દુવાઓ પણ કરી હતી. પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સંસ્થા તથા સખીદાતાઓ દ્વારા દુલ્હનોને ઘરવખરીની ચીજવસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ હઝરત સૈયદ સિરાજુદ્દીનબાપુ ચિશ્તી, નાતખ્વા હાફીઝ હસનરઝા અશરફી, પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ, મૌલાના હબીબ સાહેબ, સૈયદ મુનાબાપુ સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

કચ્છમાં લોહિયાળ અકસ્માતો બાદ તંત્ર સફાળું જાગ્યું : સઘન તપાસ

અંજાર-આદિપુર રોડ વચ્ચે ત્રેવડા અકસ્માતમાં કાર પલટી

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૨૬

કચ્છમાં છેલ્લા ત્રણ દિવસમાં બે અકસ્માતમાં મહિલાઓ બાળકો સહિત ૧૧ મોત થયા બાદ તંત્ર સફાળું જાગ્યું છે. કચ્છમાં ટ્રાફિક ઝુંબેશ શરૂ થઈ છે. ઓવરલોડ વાહનો વગેરેની તપાસ થઈ રહી છે. ભયજનક વળાંકો પરના રોડ પર પટ્ટા છપાઈ રહ્યા છે. વેકરીયા રણ પાસે આર્મી પરિવારના સાત જણના મોત બાદ કચ્છના વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને ભૂજ-ખાવડા રોડનું બારીકીથી નિરીક્ષણ કરી અકસ્માત થવાના કારણો પર મનોમંથન કર્યું હતું. આ તમામ કાર્યવાહીઓ વચ્ચે અંજાર-આદિપુર રોડ પર આજે બપોર પછી ટ્રીપલ કાર અકસ્માત થયો છે જેમાં એક કાર રોડ પરથી પલ્ટી ઝાડીઓ વચ્ચે જઈ ખાબકી છે.

હિંમતનગરમાં બંધારણ ગૌરવ દિવસની ઉજવણી

બંધારણના મૂલ્યો અને નાગરિકોની ફરજો અંગે માર્ગદર્શન



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ૨૬ નવેમ્બરના રોજ ભારતીય બંધારણ દિવસ નિમિત્તે જિલ્લા પોલીસ કચેરી ખાતે બંધારણ ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા સરકારી વકીલની કચેરી, ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન ગુજરાત રાજ્ય અને લો કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ન્યાયાધીશો, વહીવટી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, વકીલો અને લો કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ એમ.પી. પુરોહિત,જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાદુ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહિલ, અન્ય ન્યાયાધીશો, સાબરકાંઠા સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા, હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ અરૂણાબેન કડિયા અને ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, જિલ્લા સરકારી વકીલ હિરેન ત્રિવેદી તથા બાર એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્ર શર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વક્તાઓએ ભારતીય બંધારણની રચના, લોકશાહી વ્યવસ્થામાં તેની ભૂમિકા તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારો અને ફરજો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.બાબાસાહેબ આંબેડકર સહિત બંધારણ સભાના મહાનુભાવોના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે લો કોલેજના વિદ્યાર્થીઓને બંધારણના અભ્યાસ અને સમજણ માટે બંધારણની પુસ્તિકાનું વિ

મોરબીના વાંકાનેર પાસે ઓવરહાઈટ ટ્રકના ચાલકના જોખમી સાહસનો વીડિયો વાયરલ !

વિશાળ પવનચક્કીના સામાન લઈ જતો ઓવર હાઈટ ટ્રક બ્રિજ નીચે ફસાઈ જતા દોડધામ !

આખરે ટ્રકના ટાયરોમાંથી હવા કાઢીને પરાણે ટ્રક પસાર કરાવાયો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

હાઈવેના મુખ્ય માર્ગો સહિતના માર્ગો પર અવારનવાર ફૂલસ્પીડ અને સ્ટંટના અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. ત્યારે આ પ્રકારની અન્ય એક ઘટના સામે આવી છે, પરંતુ તેમાં ઓવરસ્પીડ કે સ્ટંટ નહિ પરંતુ દુ:સાહસ કહો કે ટ્રકચાલકની ગંભીર બેદરકારી કહો તેની વાત છે મોરબીના વાંકાનેર પાસે વિશાળ પવનચક્કીનો સામાન લઈ જતી ઓવરહાઈટ ટ્રક રેલવે ઓવરબ્રિજ નીચેથી પરાણે પસાર કરવાના પ્રયાસમાં ફસાઈ જવા પામતાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

ચિંતાની વાત એ છે કે, આ દરમિયાન બ્રિજ પરથી ટ્રેન પણ પસાર થઈ રહી હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થતા રેલવે મુસાફરોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.



મળતી માહિતી મુજબ, વાંકાનેરમાં આવેલા રેલવે ઓવરબ્રિજ નીચેથી પવનચક્કીનો સામાન લઈ જતો એક ઓવરહાઈટ ટ્રક પસાર કરાવવામાં આવ્યો હતો. ટ્રકની ઊંચાઈ વધુ હોવાથી તેને બ્રિજ નીચેથી પસાર કરવામાં મુશ્કેલી હતી. આ સમસ્યાનો ઉકેલ લાવવા ટ્રકના ટાયરની હવા કાઢવામાં આવી હતી. ત્યારબાદ ટ્રકને બ્રિજ નીચેથી પસાર કરાવાયો હોવાની વિગતો સામે આવી છે. આ ઘટનામાં સૌથી ગંભીર બાબત એ છે કે, ટ્રક પસાર થઈ રહ્યો હતો ત્યારે બ્રિજ પર ટ્રેન પણ દોડી રહી હતી. એક તરફ રેલવે ટ્રેક પર ટ્રેન પસાર થઈ રહી હતી અને બીજી તરફ નીચેથી ઓવરહાઈટ ટ્રકને પસાર કરાવવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન બ્રિજને નુકસાન થવાની આશંકા પણ ઊભી થઈ હતી. જો કોઈ અનિચ્છનીય ઘટના બની હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. આર્થિક ફાયદા માટે આટલું જોખમી પગલું ભરવામાં આવ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. રેલવે બ્રિજની સુરક્ષા અને તેના પરથી પસાર થતા હજારો મુસાફરોના જીવ જોખમમાં મૂકાય તેવી બેદરકારી સામે આવી છે. ઓવરહાઈટ વાહનને બ્રિજ નીચેથી પસાર કરાવતી વખતે જરૂરી સુરક્ષા નિયમોનું પાલન થયું હતું કે નહીં તે પણ તપાસનો વિષય છે. આ ગંભીર બેદરકારીમાં સામેલ ટ્રક ચાલક સહિત જવાબદાર લોકો સામે તપાસ કરીને કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે. ભવિષ્યમાં આવી જોખમી ઘટનાઓ અટકાવવા યોગ્ય પગલાં લેવા જોઈએ.

એસ.જી. હાઈવે પરનો સરખેજ-ઈસ્કોન બ્રિજ ચર્ચામાં

નવનિર્મિત બ્રિજમાં બે-ત્રણ જગ્યાએ તિરાડો દેખાતા તંત્રની કામગીરી સામે સવાલ

ઉદ્‌ઘાટનના માત્ર મહિનામાં જ પિલ્લરમાં તિરાડો દેખાતા લોકોની સુરક્ષાનો સવાલ ઉઠ્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં સરખેજ-ઈસ્કોન નવનિર્મિત બ્રિજમાં તિરાડો પડ્યાની ગંભીર વિગતો સામે આવી છે. નવરાત્રિના આગલા દિવસે જ ખુલ્લા મૂકાયેલા બ્રિજના બાંધકામની પોલ ૧ મહિનામાં ખૂલી ગઈ છે અને ત્રણ જગ્યાએ તિરાડો પડતી હોવાના વીડિયો સામે આવ્યા છે. ત્યારે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલ આ બ્રિજની ગુણવત્તા સામે મોટા સવાલો ઊભા થયા છે અને આ બાબત લોકોમાં ચર્ચાનો વિષય બની છે.





સરખેજથી ગાંધીનગર જવા માટે લોકોનો સમય બચે અને રસ્તા પર ટ્રાફિક ન નડે એ હેતુથી હમણાં જ એક લાંબો નવો બ્રિજ સરખેજ-ઈસ્કોન બ્રિજ તૈયાર કરાયો હતો, જેને નવરાત્રીના આગલા દિવસે જ વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો હતો. ખુલ્લો મુકાયા બાદ આ બ્રિજ શરૂઆતથી જ ચર્ચામાં રહ્યો છે પણ હવે અત્યારથી જ બ્રિજ પર બે-ત્રણ જગ્યાએ તિરાડો પડતી હોવાના વીડિયો સામે આવ્યા છે. એક તિરાડ સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટીની બરાબર સામે આવેલા પિલર પર જોવા મળી રહી છે, બીજી તિરાડ શપથ ફાઈવ બિલ્ડિંગની સામેના પિલર પર છે અને ત્રીજી તિરાડ શપથ ફાઈવથી થોડા આગળ જઈને બે-ત્રણ પિલર છોડીને આવતા પિલર પર જોવા મળી છે. આ નવો બ્રિજ લોકોને ટ્રાફિકમાંથી ઝડપી રાહત આપવા માટે બન્યો છે, પણ હજુ તો બ્રિજ બન્યાને થોડો જ સમય થયો છે અને તિરાડો પડવા લાગી છે, જે રોજ અવરજવર કરતા લોકો માટે કેટલું મોટું જોખમ છે તેવો સવાલ ઊભો કરે છે. સામાન્ય લોકોમાં એ ચિંતા છે કે, નવીન બનેલા બ્રિજમાં આ રીતે તિરાડો દેખાય તો અમારે જીવના જોખમે નીકળવાનું થાય અને કામગીરીમાં ક્યાંક ખામી રહી ગઈ છે. સરખેજ-ગાંધીનગરના આ નવા બ્રિજ પર અત્યારથી જ દેખાતી તિરાડોએ લોકોની સુરક્ષા અને તંત્રની કામગીરી બંને પર મોટા સવાલ ઊભા કર્યા છે. એક તરફ લોકોને સમય અને ટ્રાફિકમાંથી રાહત મળી છે, તો બીજી તરફ નવા બ્રિજની આવી હાલત લોકોમાં ચિંતા અને ચર્ચાનો વિષય બની છે. હવે જોવાનું એ રહે છે કે, તંત્ર આ તિરાડો મામલે ઝડપી તપાસ કરીને ક્યારે અને કેવી કાર્યવાહી કરે છે.

૨.૫૩ લાખની કિંમતનું MD ડ્રગ્સ જપ્ત

અમદાવાદમાં મોંઘા શોખ પૂરા કરવા પરિણીત મહિલા બની ડ્રગ્સ પેડલર : ઘરમાંથી મળ્યું MD ડ્રગ્સ

મહિલા ૪૦થી ૫૦ હજારના ભાવે ડ્રગ્સ ખરીદી ૧.૨૦થી ૧.૩૦ લાખ સુધીમાં વેચાણ કરતી

અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં ડ્રગ્સના કાળા કારોબાર સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં પોલીસે સોનલ પટેલ નામની પરિણીત મહિલાની MD ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા પોતાની હાઈપ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને મોંઘા શોખ પૂરા કરવા ડ્રગ્સના વેચાણમાં જોડાઈ હતી. તેની પાસેથી અંદાજે ૨.૫૩ લાખની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું છે.

વસ્ત્રાલ પોલીસે મળેલી બાતમીના આધારે સોનલ પટેલના રહેણાંક સ્થળે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન તેના ઘરેથી 'ડોલર' નામથી ઓળખાતા ૮૪.૬૧૦ ગ્રામ MD ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડ્રગ્સ સહિત કુલ અંદાજે ૨.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે મહિલા ડ્રગ્સનો જથ્થો ૪૦થી ૫૦ હજારના ભાવે ખરીદતી હતી અને ત્યારબાદ ૧.૨૦ લાખથી ૧.૩૦ લાખ સુધીમાં વેચાણ કરતી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે સોનલ પટેલ છેલ્લા કેટલાક સમયથી પતિથી અલગ રહેતી હતી. આશરે ત્રણ વર્ષ પહેલાં સિંધુભવન વિસ્તારમાં રંગતાળી નામના ગરબા ક્લાસનું આયોજન કરતી વખતે તેનો સંપર્ક પંકજ દરજી નામના વ્યક્તિ સાથે થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, પંકજ દરજીએ તેને રાયપુર દરવાજા પાસે રહેતા મોહમ્મદ નામના ડ્રગ્સ ડીલર સાથે પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ મહિલા તેની પાસેથી ડ્રગ્સ ખરીદવા લાગી હતી.

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, સોનલ છેલ્લા ચાર મહિનાથી મોહમ્મદ પાસેથી MD ડ્રગ્સ ખરીદતી હતી. મહિનામાં ચારથી પાંચ વખત જથ્થો મેળવીને તે પોતાના રહેણાંક વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં છૂટક વેચાણ કરતી હોવાનો પોલીસનો દાવો છે.

આરોપ છે કે ડ્રગ્સ ડીલર મોહમ્મદે તેને માત્ર ડ્રગ્સનો જથ્થો જ નહીં, પરંતુ ગ્રાહકો સાથે પણ સંપર્ક કરાવી આપ્યો હતો. મહિલા ઓનલાઈન પેમેન્ટ મેળવીને પણ ડ્રગ્સની ડિલિવરી કરતી હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. સોનલ પટેલની ધરપકડ બાદ પોલીસે ડ્રગ્સના મુખ્ય સપ્લાયર મોહમ્મદ, પંકજ દરજી અને આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોની ભૂમિકા તપાસવાનું શરૂ કર્યું છે.

આ ઉપરાંત મહિલા પાસેથી ડ્રગ્સ ખરીદતા ગ્રાહકોની યાદી તૈયાર કરીને તેમની પણ તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ડ્રગ્સના નેટવર્કની કડીઓ સુધી પહોંચવા વસ્ત્રાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

નાસીરનગર ડિમોલિશન મામલે હાઈકોર્ટની ખંડપીઠનો સ્ટે

સુરત મનપા કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને રૂબરૂ હાજર રહેવામાંથી મળી મોટી રાહત

અમદાવાદ, તા.૨૬

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલિશન અને અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ ન આપવાના મુદ્દે સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સામે ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી શરૂ કરવા તથા બંનેને ૨૭મી નવેમ્બરે અદાલતમાં રૂબરૂ હાજર રહેવા ફરમાન કરતા સિંગલ જજના હુકમ સામે હાઈકોર્ટની ખંડપીઠે આજે સ્ટે જારી કર્યો છે. આ નિર્ણયથી સુરત મહાનગરપાલિકાના કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને આવતીકાલે હાઈકોર્ટમાં રૂબરૂ હાજર રહેવામાંથી મોટી રાહત મળી છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી) દ્વારા કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના બચાવમાં દાખલ કરાયેલી લેટર્સ પેટન્ટ અપીલ પર હાઈકોર્ટની ખંડપીઠ સમક્ષ આજે સળંગ સાડા ત્રણ કલાક સુધી સુનાવણી ચાલી હતી. સુનાવણી દરમિયાન મનપા તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે કોર્ટ ઓફિસર પક્ષકાર વતી અદાલતમાં રજૂઆત કરી રહ્યા હોય ત્યારે અધિકારીઓને વ્યક્તિગત રીતે બોલાવવાની જરૂર રહેતી નથી. વધુમાં એવી દલીલ પણ કરવામાં આવી હતી કે ડિમોલિશનની ઘટના બની ત્યારે મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના હોદ્દા પર અલગ વ્યક્તિઓ હતા, જ્યારે વર્તમાન સમયે બંને પદ પર નવા અધિકારી-હોદ્દેદાર કાર્યરત છે. મનપા તરફથી અદાલતને જણાવવામાં આવ્યું હતું કે, આ સમગ્ર પ્રકરણમાં કોર્પોરેશનના પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરની બદલી પણ થઈ ચૂકી છે. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે અને તેનો અહેવાલ હજુ સુધી આવ્યો નથી, ત્યારે હોદ્દેદારો અને અધિકારીઓની વ્યક્તિગત હાજરી વિના પણ કેસની સુનાવણી આગળ વધી શકે છે.

વધુમાં મનપા તરફથી એવી રજૂઆત પણ કરાઈ હતી કે ચૂંટાયેલી પાંખે નાસીરનગરના અસરગ્રસ્તોને વૈકલ્પિક રહેઠાણ ન આપવાનો નિર્ણય લીધો હોય ત્યારે અધિકારીઓ તે નિર્ણયની વિરુદ્ધ જઈ શકે નહીં, જેથી તેમની સામે કન્ટેમ્પ્ટની કાર્યવાહી યોગ્ય નથી. અસરગ્રસ્તોના મકાનો રોડલાઈનમાં ગેરકાયદે રીતે આવેલા હોવાનું જણાવી મનપાએ દલીલ કરી હતી કે નોટિસ આપ્યા વિના પણ ડિમોલિશન કરાયું હોય તો તેને ગેરકાયદે કૃત્ય ગણી શકાય નહીં અને ગેરકાયદે બાંધકામ કરનારાઓને વૈકલ્પિક આવાસ આપવામાં આવે તો ભવિષ્યમાં આવી અરજીઓનો સિલસિલો ચાલુ રહેશે. બીજી તરફ નાસીરનગરના અસરગ્રસ્તોએ આ અપીલનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, વૈકલ્પિક રહેઠાણ આપવાના મુદ્દે મનપા વારંવાર પોતાનું વલણ બદલી રહી છે અને અગાઉ કોર્ટ સમક્ષ વૈકલ્પિક વ્યવસ્થા અંગે સ્વીકાર કર્યા બાદ હવે તેમાંથી પીછેહઠ કરી રહી છે. અસરગ્રસ્તોના વકીલે દલીલ કરી હતી કે આ જ કારણસર સિંગલ જજે કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને વ્યક્તિગત હાજર રહી કન્ટેમ્પ્ટની કાર્યવાહી શા માટે ન કરવી તે અંગે ખુલાસો માંગ્યો હતો, જે હુકમ યોગ્ય હોવાથી અપીલ ફગાવી દેવી જોઈએ. તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટની ખંડપીઠે મનપાના કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રાહત આપતા સિંગલ જજના હુકમ સામે સ્ટે ફરમાવ્યો હતો.

ડ્રાઈવરોના વિવિધ પ્રશ્નોને લઈને કલેક્ટર કચેરી ખાતે આજે ધરણાં યોજવામાં આવશે

ડ્રાઈવરોના હક અને રોજીરોટીના રક્ષણ માટે દેશવ્યાપી આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાત સહિત સમગ્ર દેશના ઓટો રિક્ષા, બાઈક ટેક્સી, ટેક્સી-કેબ અને માલવાહક વાહનોના ચાલકોના કાયદેસરના હક, રોજીરોટીની સુરક્ષા અને કલ્યાણકારી યોજનાઓના અમલીકરણની માગ સાથે શુક્રવારના રોજ દેશવ્યાપી આવેદનપત્ર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપે અમદાવાદ ખાતે પણ ડ્રાઈવર સંગઠનો દ્વારા શક્તિ પ્રદર્શન અને રજૂઆતનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. સરકાર સમક્ષ રજૂ થનારા આવેદનપત્રમાં ડ્રાઈવરોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા માટેના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ આવરી લેવાયા છે. મુખ્ય માગણીઓમાં રાજ્યમાં 'ગુજરાત ડ્રાઈવર્સ વેલ્ફેર બોર્ડ'ની તાત્કાલિક રચના કરવી, મોંઘવારી અને ઈંધણના ભાવને ધ્યાનમાં રાખીને ઓટો રિક્ષાના ભાડાનું વૈજ્ઞાનિક ઢબે નિર્ધારણ કરવું તેમજ ઓનલાઈન એગ્રીગેટર કંપનીઓના મનસ્વી અને અન્યાયી નિયમો પર સરકારી નિયંત્રણ લાદવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તમામ શ્રેણીના ડ્રાઈવરોને સામાજિક સુરક્ષા કવચ, યોગ્ય અને નિશ્ચિત આવકની ખાતરી, ટ્રાફિક અને પરિવહન કાયદાનું સમાન અમલીકરણ તથા સ્ટેન્ડ અને પાર્કિંગ સ્થળોએ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા માટે રજૂઆત કરવામાં આવશે. આ અંગે ગુજરાત સારથી સંઘના સ્થાપક રાજવીર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લાખો ડ્રાઈવરો આજે મોંઘવારી અને એગ્રીગેટર કંપનીઓની નીતિઓને કારણે આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે. ડ્રાઈવરોના હક અને રોજીરોટીના પ્રશ્નોનો કાયમી અને ન્યાયી ઉકેલ આવે તે માટે સરકાર સમક્ષ રચનાત્મક સંવાદ અને કાયદેસરની રજૂઆત કરવામાં આવશે. તમામ વાહનચાલકોને સન્માનજનક જીવન અને કલ્યાણકારી સુવિધાઓ મળે તે જ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "સ્વાગત" ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં લોકોની સમસ્યા ઉકેલી

ગેરકાયદેસર દબાણો દૂર કરવા મંજૂર થયેલા પ્લોટનો કબજો સોંપવાના આદેશો

જિલ્લા કલેક્ટરો સહિત સંબંધિત વિભાગોને મુખ્યમંત્રીએ કરી તાકીદ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાન્ય નાગરિકોની રજૂઆતો અને લોકફરિયાદોનો પોઝિટીવ એપ્રોચ સાથે સમયમર્યાદામાં ઉકેલ લાવવાની નવેમ્બર માસના રાજ્ય સ્વાગતમાં જિલ્લા કલેક્ટરો અને સંબંધિત વિભાગોના અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવેમ્બર-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં ગ્રામીણ ખેડૂતો સહિતના રજૂઆતકર્તાઓની સમસ્યાઓનું નિરાકરણ કર્યું હતું. આ રાજ્ય સ્વાગતમાં ૨૪૦થી વધુ રજૂઆતકર્તાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં કુલ ૧,૭૩૩ અને તાલુકા સ્વાગતમાં કુલ ૨,૧૪૯ મળીને કુલ ૪,૧૨૨થી વધુ રજૂઆતકર્તાઓની અરજીઓ પરત્વે જરૂરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી સમક્ષ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામના અરજદારે તેઓના પિતાને મંજૂર થયેલા પ્લોટનો કબજો તથા સનદ સોંપવા અંગેની રજૂઆત કરી હતી. આ રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીએ હકારાત્મક અભિગમ દાખવી અરજદારને જરૂરી પ્રક્રિયા હાથ ધરી મંજૂર થયેલા પ્લોટનો કબજો સોંપવા જિલ્લા કલેક્ટર અને સ્થાનિક વહીવટી તંત્રને સૂચના આપી હતી. ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સાગવાડી ગામના અરજદાર દ્વારા ગામતળનો પ્લોટ ફાળવવા અંગે કરવામાં આવેલી રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને આજુબાજુનાં ગામોમાં જ્યાં પ્લોટ ઉપલબ્ધ હોય ત્યાં અરજદારને પ્લોટ ફાળવવા માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. અમરેલી જિલ્લાના કુકાવાવ-વડિયા તાલુકાના લુણીધર ગામમાં થયેલા ગેરકાયદેસર દબાણ દૂર કરવા અંગેની રજૂઆતના સંદર્ભમાં મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક દબાણ દૂર કરાવવા સૂચના આપી હતી. જો ફરીથી દબાણ કરવામાં આવે તો જવાબદાર વ્યક્તિ સામે FIR દાખલ કરવાની પણ સ્પષ્ટ સૂચના આપી હતી. અમદાવાદના અરજદારના ઘરનો કબજો ધાક-ધમકીથી ગેરકાયદેસર રીતે અન્ય લોકો દ્વારા મેળવી લેવામાં આવ્યો હોવા અંગેની રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીએ અમદાવાદ કલેક્ટર અને પોલીસ કમિશનરને ગેરકાયદેસર કબજો તાત્કાલિક ખાલી કરાવી અરજદારને તેમના ઘરનો કબજો સોંપવા અંગે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

મોંઘવારીમાં વધુ એક ફટકો : ટોરેન્ટ પાવરે વધાર્યો ફ્યુઅલ સરચાર્જ

અમદાવાદમાં યુનિટ દીઠ ૨૯ પૈસા અને સુરતમાં ૩૪ પૈસાનો વધારો

વધારાની અસર બંને શહેરોના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકોના માસિક વીજ બિલ પર પડશે

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં સતત વધતી મોંઘવારીએ લોકોના જીવન ધોરણ પર ગંભીર અસર કરી છે. ત્યારે મોંઘવારીથી પહેલેથી જ પરેશાન અમદાવાદ અને સુરતના વીજ ગ્રાહકો માટે વધુ એક ખર્ચાળ સમાચાર સામે આવ્યા છે. ટોરેન્ટ પાવરે બંને શહેરોમાં ફ્યુઅલ સરચાર્જમાં વધારો કર્યો છે. ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે સુધારેલા સરચાર્જના દર લાગુ કરવામાં આવ્યા છે. આ વધારાની સીધી અસર બંને શહેરોના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકોના માસિક વીજ બિલ પર જોવા મળશે.

અમદાવાદમાં ટોરેન્ટ પાવરનો ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ રૂા.૩.૭૨થી વધારીને રૂા.૪.૦૧ કરવામાં આવ્યો છે. એટલે કે ગ્રાહકોને અગાઉની સરખામણીએ દરેક યુનિટ વીજ વપરાશ પાછળ ૨૯ પૈસા વધુ ચૂકવવા પડશે.

વીજ વપરાશ વધુ ધરાવતા ઘર, દુકાન અને વ્યવસાયિક એકમો માટે આ વધારાના કારણે બિલમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

સુરતના વીજ ગ્રાહકો માટે પણ ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. અહીં પ્રતિ યુનિટ સરચાર્જ રૂા.૨.૪૪થી વધારીને રૂા.૨.૭૮ કરવામાં આવ્યો છે. આમ સુરતના ગ્રાહકો પર પ્રતિ યુનિટ ૩૪ પૈસાનો વધારાનો બોજ પડશે.

અમદાવાદ અને સુરતમાં ટોરેન્ટ પાવરના લાખો ગ્રાહકો છે. ફ્યુઅલ સરચાર્જમાં થયેલા વધારાને કારણે ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટરના વીજ બિલમાં વધારાની રકમ ઉમેરાશે. ખાસ કરીને વધુ વીજળી વાપરતા ગ્રાહકો માટે આ વધારો વધુ અસરકારક બની શકે છે. ફ્યુઅલ સરચાર્જમાં વધારાથી ઘરેલુ બજેટ ઉપરાંત નાના વેપારીઓ અને વીજળી પર આધારિત વ્યવસાયોના ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે. વધતા વીજ ખર્ચનો અંતે માલ-સેવા અને દૈનિક જીવનના ખર્ચ પર પણ પરોક્ષ પ્રભાવ પડી શકે છે. આમ આ વધારો મોંઘવારીથી ત્રસ્ત પ્રજા પર વધુ એક ફટકા સમાન હોવાનું લોકોમાં ચર્ચાવા લાગ્યું છે.

દાહોદમાં ગાંજાના ગેરકાયદે વાવેતરનો પર્દાફાશ

ધાનપુરના દુધામલી ગામમાં ત્રણ ખેતરોમાંથી આશરે રૂપિયા ૨.૩૦ કરોડનો ગાંજો ઝડપાયો

૪૬૦ કિલોથી વધુ વજનના ૩૭૮ લીલા છોડ મળ્યા; આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

દાહોદમાં ધાનપુરના દુધામલી ગામેથી રૂા.૨.૩૦ કરોડનો ગાંજો ઝડપાયો. દાહોદ જિલ્લામાં નશાના ગેરકાયદે કારોબાર સામે SOG પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ધાનપુર તાલુકાના દુધામલી ગામના સ્ટેશન ફળિયામાં ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરમિયાન કોલાભાઈ બારીયા નામના શખ્સનાં ત્રણ અલગ-અલગ ખેતરોમાં ગાંજાનું ગેરકાયદે વાવેતર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

દાહોદ જિલ્લામાં નશાના ગેરકાયદે કારોબાર સામે SOG પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ધાનપુર તાલુકાના દુધામલી ગામના સ્ટેશન ફળિયામાં ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરમિયાન કોલાભાઈ બારીયા નામના શખ્સનાં ત્રણ અલગ-અલગ ખેતરોમાં ગાંજાનું ગેરકાયદે વાવેતર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ખેતરોમાં તપાસ કરતાં ગાંજાના કુલ ૩૭૮ લીલા છોડ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા છોડનું કુલ વજન ૪૬૦.૮૩૦ કિલોગ્રામ નોંધાયું હતું. આ સમગ્ર જથ્થાની અંદાજિત કિંમત રૂા.૨,૩૦,૪૧,૫૦૦ આંકવામાં આવી છે. આટલી મોટી કિંમતનો ગાંજો મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. દરોડા દરમિયાન પોલીસ દ્વારા FSLના અધિકારીને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. FSL અધિકારીએ જપ્ત કરાયેલા છોડનું પરીક્ષણ કરતાં તે ગાંજાના છોડ હોવાનું પ્રમાણિત થયું હતું. ત્યારબાદ SOGની ટીમે સ્થળ પરથી તમામ છોડ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર મામલે પોલીસે આરોપી કોલાભાઈ વિરાભાઈ બારીયાની સ્થળ પરથી જ ધરપકડ કરી છે. પોલીસે મુદ્દામાલ કબજે લીધો છે અને આરોપી વિરુદ્ધ ધાનપુર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસ દ્વારા આ ગેરકાયદે વાવેતર પાછળ અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે સહિતની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઈઝરાયેલે બે દિવસમાં ૧૭ પેલેસ્ટીનીઓની હત્યા કરી, જેમાં ૧૩ વર્ષનો એકમાત્ર પુત્ર અને ચાર સભ્યોનો પરિવાર સામેલ છે

યુદ્ધવિરામ હોવા છતાં ઈઝરાયેલ દ્વારા હત્યાઓ ચાલુ રાખવામાં આવતા, બે દિવસથી ઓછા સમયમાં સમગ્ર ગાઝામાં ઈઝરાયેલી હુમલાઓ અને ગોળીબારમાં ૧૩ વર્ષના છોકરા અને ચાર સભ્યોના પરિવાર સહિત ઓછામાં ઓછા ૧૭ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે

(એજન્સી) તા.૨૬

'કુદ્સ ન્યૂઝ નેટવર્ક'ના અહેવાલ મુજબ, ઈઝરાયેલી દળોએ યુદ્ધવિરામનો અનાદર કરીને હવાઈ હુમલાઓ અને ગોળીબાર ચાલુ રાખતા, ઘેરાયેલી ગાઝા પટ્ટીમાં બે દિવસથી ઓછા સમયમાં ઓછામાં ઓછા ૧૭ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે. પેલેસ્ટીની તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, એકલા મંગળવારે જ દક્ષિણમાં ખાન યુનિસ, મધ્ય પટ્ટીમાં વાદી ગાઝા અને ગાઝા સિટી પર થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૦ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા. ખાન યુનિસની પશ્ચિમમાં આવેલા અલ-મવાસીમાં એક ઈઝરાયેલી ડ્રોને પોલીસ ચોકી પર હુમલો કર્યો, જેમાં ત્રણ પેલેસ્ટીનીઓ માર્યા ગયા, જેમાંથી બે પોલીસ અધિકારીઓ હત અને અન્ય પાંચ ઘાયલ થયા. વાદી ગાઝા વિસ્તાર પર થયેલા અન્ય એક હવાઈ હુમલામાં ત્રણ પેલેસ્ટીની માર્યા ગયા, જેમાં એક બાળક પણ સામેલ હતું. ગાઝાના આંતરિક અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રાલયે પાછળથી પુષ્ટિ કરી હતી કે આંતરિક સુરક્ષા સેવાના નિયામક બ્રિગેડિયર જનરલ નઈમ અબુ નાહલ, જેઓ તે દિવસે માર્યા ગયેલા ત્રીજા પોલીસ અધિકારી હતા, તેઓ શેરીમાં ચાલી રહ્યા હતા ત્યારે ઈઝરાયેલી ડ્રોન હુમલામાં માર્યા ગયા હતા. ગાઝા સિટીમાં ઈઝરાયેલી દળોએ અલ-જલા સ્ટ્રીટ પર ૧૩ વર્ષના ખાલેદ વાલિદ અલ-જમાલની ગોળી મારીને હત્યા કરી હતી. તે તેના માતા-પિતાનું એકમાત્ર સંતાન હતો. બુધવારે વહેલી સવારે, ગાઝા સિટીમાં એક એપાર્ટમેન્ટ પર થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલામાં એક જ પરિવારના ચાર સભ્યોનો નાશ થયોઃ ૪૭ વર્ષીય મોહમ્મદ માજેદ અબુ અલ-ઓફ, તેમની ૪૧ વર્ષીય પત્ની નૌરા અને તેમની પુત્રીઓ ૧૫ વર્ષીય યુસરા અને ૧૩ વર્ષીય જના. પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું કે અબુ હમઝા તરીકે ઓળખાતા અબુ અલ-ઓફ ઉત્તરી ગાઝામાં આંતરિક સુરક્ષા સેવાના વડા હતા. હમાસે આ હત્યાને "અમારા લોકો વિરુદ્ધ નરસંહારના યુદ્ધનું વિસ્તરણ" ગણાવીને વખોડી કાઢી હતી. તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે,



"યુદ્ધવિરામ કરાર હોવા છતાં ગાઝામાં સુરક્ષા કર્મચારીઓની કબજાખોરો દ્વારા સતત કરવામાં આવતી હત્યા એ સુરક્ષાને નબળી પાડવાનો અને અરાજકતા ફેલાવવાનો નિર્ધાર છે. "સ્થાનિક અને તબીબી સૂત્રોએ જણાવ્યું હતું કે કલાકો પછી, ગાઝા સિટીના અલ-તવામ વિસ્તારમાં એક તંબુ પર થયેલા ઈઝરાયેલી હુમલામાં ઓસામા અને મોહમ્મદ જૌદા નામના બે ભાઈઓ માર્યા ગયા હતા. એક અલગ હુમલામાં, ઉત્તરી ગાઝાના જબાલિયા શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલે તંબુ પર હુમલો કરતા હાઝેમ હમોદા માર્યો ગયો હતો. ઓક્ટોબર ૨૦૨૫માં અમલમાં આવેલા અને ઈઝરાયેલના નરસંહારને સમાપ્ત કરવાના હેતુથી કરવામાં આવેલા યુદ્ધવિરામ હેઠળ પણ આ હત્યાઓ ચાલુ છે. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૧,૬૭૦થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને ૬,૧૦૦થી વધુ ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩માં શરૂ થયેલા ગાઝા પરના ઈઝરાયેલના નરસંહારક યુદ્ધમાં ઓછામાં ઓછા ૭૪,૭૪૬ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૭૬,૨૩૪થી વધુ ઘાયલ થયા છે.

કૈરોની રિંગ રોડ પર ફ્યુઅલ ટેન્કર અકસ્માતમાં ૩૧ લોકોના મોત; ડ્રાઈવરની ધરપકડ

(એજન્સી) કૈરો, તા.૨૬

ઈજિપ્તના અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવાર, ૨૫ નવેમ્બરના રોજ કૈરોને ઘેરી વળેલા એક મુખ્ય હાઇવે પર ઈંધણ ટેન્કર સંકળાયેલા અકસ્માતથી ભીષણ આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયા હતા. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડાઓ મુજબ, ઈજિપ્તની રાજધાનીને ઘેરી વળતા મુખ્ય માર્ગ રિંગ રોડ (Ring Road) પર લાગેલી આ આગમાં ઓછામાં ઓછા ૨૧ લોકો ઘાયલ થયા હતા અને બે ડઝનથી વધુ કાર અને મોટરસાઇકલ બળીને ખાખ થઈ ગયા હતા. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, જ્યાં અકસ્માત થયોતે હાઇવેનો ભાગ ગ્રેટર કૈરો વિસ્તારનો એક ભાગ ગીઝાના ગીચ વસ્તી ધરાવતા પડોશ વરાક (Waraq)માં હતો. ઘટનાસ્થળે, બચાવ કાર્યકરોસળગતી કારમાંથી લોકોને બહાર કાઢી રહ્યા હતા. એસોસિએટેડ પ્રેસના એક વીડિયોમાં ફાયર ફાઇટરો કારમાંફેલાતી આગને બુઝાવવાનો પ્રયાસ કરતા દેખાય છે. કૈરોના ઉપનગર ઈમ્બાબાના વરાક (Warraq) જિલ્લામાં ઘટનાસ્થળ નજીક સેંકડો લોકો એકઠા થયા હતા. ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ-ફત્તાહ અલ-સીસીએ એક નિવેદનમાં પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પબ્લિક પ્રોસિક્યુટરની કચેરીએ જણાવ્યું હતું કે પીડિતોની



ઓળખ કરવા માટે DNA તપાસ ચાલી રહી છે. આરોગ્ય મંત્રી ખાલેદ અબ્દેલ ગફારે જણાવ્યું હતું કે ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા અને તેઓ પોતે ઘટનાસ્થળે જવાના હતા. તેમણે કહ્યું કે મૃત્યુઆંક પ્રાથમિક છે, જેનાથી તેમાં વધુ વધારો થવાની ચિંતા વધી છે. શરૂઆતના નિવેદનોમાં ૨૫ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાયું હતું, પરંતુ તે આંકડો પાછળથી સુધારીને ૨૧ કરવામાં આવ્યો હતો. ખરાબ પરિવહન સુરક્ષા રેકોર્ડ ધરાવતા ઈજિપ્તમાં જીવલેણ ટ્રાફિક અકસ્માતો દર વર્ષે હજારો લોકોનો ભોગ લે છે. મોટાભાગના અકસ્માતો પાછળ વધુ ઝડપ, ખરાબ રસ્તાઓ અને ટ્રાફિક કાયદાઓનો નબળો અમલ મુખ્ય કારણો છે. જાન્યુઆરીમાં, દક્ષિણ પ્રાંત બેની સુએફ નજીકના રસ્તા પર થયેલા ભીષણ સામૂહિક કાર અકસ્માતમાં ૨૧ લોકો માર્યા ગયા હતા અને ૧૬ ઘાયલ થયા હતા.

ઈરાક : ઈરાન તરફના તેલ દાણચોરીના માર્ગોને નિશાન બનાવીને કડક કાર્યવાહી

ઈરાકી વડાપ્રધાનની કચેરી દર્શાવે છે કે, વડાપ્રધાન અલી અલ-ઝૈદી ઈરાકના બગદાદમાં "સાર્વભૌમત્વ દિવસ" (Sovereignty Day) નિમિત્તે યોજાયેલા સમારોહમાં હાજરી આપી રહ્યા છે



(એજન્સી) બગદાદ, તા.૨૬

સરકારી મીડિયા અને એક સુરક્ષા અધિકારી દ્વારા ટાંકવામાં આવેલા દસ્તાવેજ મુજબ, કુર્દિસ્તાન પ્રદેશ દ્વારા તેલની દાણચોરી સામે ઈરાક સરકારની કડક કાર્યવાહી ઈરાનને પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરવા માટે ફૂડ ઓઈલ લઈ જવા માટે વપરાતા માર્ગોને નિશાન બનાવે છે. મંગળવારે, ઈરાકી વડાપ્રધાન અલી અલ-ઝૈદીએ તેલની દાણચોરી રોકવાના પ્રયાસરૂપે કુર્દિસ્તાનના સરહદી ક્રોસિંગ્સ અને અનેક તેલ ક્ષેત્રોને સંઘીય નિયંત્રણ હેઠળ લાવવાનું પગલું ભર્યું હતું. ઝૈદીની જાહેરાત બાદ, સરકારી સમાચાર એજન્સી INA એ એક ગુપ્તચર દસ્તાવેજને ટાંક્યો હતો જેને તેણે એવો દસ્તાવેજ ગણાવ્યો હતો જેમાં ખુલાસો થયો હતો કે કિર્કુક અને સુલેમાનિયાહ પ્રાંતોના તેલ ક્ષેત્રોમાંથી ટેંકર ટ્રકોમાં ફૂડ ઓઈલની દાણચોરી કરીને ઈરાનમાં લઈ જવામાં આવી રહ્યું હતું. ત્યાં, દસ્તાવેજ મુજબ, તેને ઈરાની ફૂડ સાથે ભેળવવામાં આવી રહ્યું હતું અને ત્યારબાદ સ્થાનિક વપરાશ માટે અફઘાનિસ્તાનમાં નિકાસ કરવામાં આવી રહ્યું હતું. આ દસ્તાવેજ, જે AFP એ જોયો છે પરંતુ સ્વતંત્ર રીતે તેની ખરાઈ કરી શક્યું નથી, તેમાં કહેવાયું છે કે ઈરાનને "પ્રતિબંધોમાંથી બચવામાં" મદદ કરવાના પ્રયાસરૂપે ઈરાની અને ઈરાકી ફૂડને ભેળવવામાં આવે છે. અમેરિકા, જેની સાથે ઝૈદીએ આ વર્ષની શરૂઆતમાં પદ સંભાળ્યા ત્યારથી ગાઢ સંબંધો જાળવ્યા છે, તે ઈરાન પર પ્રતિબંધોમાંથી બચવા માટે ઈરાકની અર્થવ્યવસ્થાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવે છે, અને અગાઉ ઈરાકી અને ઈરાની તેલ ભેળવવા બદલ ઈરાકી વ્યક્તિઓ અને કંપનીઓ પર પ્રતિબંધ મૂકી ચૂક્યું છે. બગદાદમાં એક સુરક્ષા સૂત્રએ AFPને જણાવ્યું કે સરકારનું વલણ એ છે કે "ઈરાન અથવા અન્યત્ર કોઈપણ પ્રકારની દાણચોરી પ્રતિબંધિત છે, અને સમગ્ર આંતરરાષ્ટ્રીય સરહદ સુરક્ષિત હોવી જોઈએ." સૂત્રે ઉમેર્યું કે કુર્દિસ્તાન પ્રદેશમાં હોય કે ઈરાકમાં અન્યત્ર, ઝૈદીની તેલની દાણચોરી સામેની કડક કાર્યવાહીને અમેરિકાનો ટેકો છે, જેણે ઈરાનની અર્થવ્યવસ્થાને કચડી નાખવાનો પ્રયાસ કર્યો છે. ગુપ્તચર દસ્તાવેજે એ પણ સંકેત આપ્યો કે દાણચોરીનો અન્ય એક માર્ગ સરહદી ક્રોસિંગ્સ દ્વારા તુર્કી તરફ જાય છે, પરંતુ એ સ્પષ્ટ નહોતું કે તુર્કી અંતિમ ગંતવ્ય સ્થાન હતું કે નહીં. તેલ મંત્રાલયના એક ભૂતપૂર્વ અધિકારીએ નામ ન આપવાની શરતે AFPને જણાવ્યું કે કુર્દિસ્તાન પ્રદેશ લાંબા સમયથી માત્ર પાઇપલાઇન દ્વારા જ નહીં, પરંતુ ટેંકર ટ્રકોમાં પણ મોટા જથ્થામાં તુર્કીને તેલની નિકાસ કરે છે. તેમણે ઉમેર્યું કે "કુર્દિસ્તાન પ્રદેશમાં ગેરકાયદેસર ક્રોસિંગ્સનો ઉપયોગ ઈરાકના અન્ય ભાગો સહિતના ફૂડ ઓઈલની પડોશી દેશોમાં દાણચોરી કરવા માટે થાય છે," જેમાં ઈરાન અને ત્યાંથી આગળ અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. મહિનાઓથી ઝૈદી ગેરકાયદેસર તેલના વેપાર સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે, બગદાદ નજીક તેના ગઢમાં દાણચોરીનો પર્દાફાશ થયા બાદ અધિકારીઓની ધરપકડ કરી રહ્યા છે અને ઈરાન-સમર્થિત સશસ્ત્ર જૂથને પડકાર આપી રહ્યા છે. પરંતુ કુર્દિસ્તાનના સરહદી ક્રોસિંગ્સ અને અનેક તેલ ક્ષેત્રોને સંઘીય નિયંત્રણ હેઠળ લાવવાના આ પગલાથી કુર્દિશ સત્તાવાળાઓ સાથેના સંબંધો બગડી શકે છે, જેમણે વાતચીત માટેનો દરવાજો ખુલ્લો રાખવા છતાં ઝૈદીના નિર્ણયની નિંદા કરી છે.

ગાઝાની મહિલાઓ પર ઈઝરાયેલના વિનાશક હુમલા અંગે એમ્નેસ્ટીએ લાલબત્તી ધરી

બીજી તરફ, સરકારે અને રાષ્ટ્રની સિંહાલી બહુમતીમાંના ઘણા લોકોએ સમગ્ર શ્રીલંકાના શહેરો અને ગામડાઓમાં લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ દ્વારા કરાયેલા બોમ્બ ધડાકાઓ અને હત્યાઓ તરફ ધ્યાન દોર્યું છે. LTTEએ ૧૯૯૩માં તત્કાલીન શ્રીલંકન રાષ્ટ્રપતિ રણસિંઘે પ્રેમદાસાની હત્યા કરી હતી, અને તે પહેલાં, ભારતીય વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરી હતી, જેમણે અગાઉ તમિલ બળવાખોરોને કચડી નાખવામાં મદદ કરવા માટે ભારતીય સૈનિકો મોકલ્યા હતા. પરંતુ LTTEએ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં શ્રીલંકન મુસ્લિમોના હત્યાકાંડ પણ કર્યા હતા, જેની શરૂઆત પૂર્વીય નગરો કુરુક્કલમદમ, કટ્ટનકુડી અને એરાવુરમાં લક્ષિત હત્યાઓથી થઈ હતી. ઘણા કિસ્સાઓમાં, શરૂઆતમાં અપહરણ કરાયેલા મુસ્લિમો ક્યારેય પાછા ફર્યા નહીં. સેંકડો મૃતદેહો ક્યારેય મળી શક્યા નથી. ત્યારબાદ, ગયા મહિને, કોર્ટ દ્વારા નિયુક્ત પુરાતત્વીય ટીમને કુરુક્કલમદમની એક સામૂહિક કબરમાંથી કાપવાના નિશાન ધરાવતા હાડપિંજરના અવશેષો મળ્યા, એમ અદાલતમાં પીડિત પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા વકીલ મુઅઝ્ઝમ મુબારકે જણાવ્યું.

‘‘હવે પ્રાથમિકતા એ સ્થાપિત કરવાની છે કે આ અવશેષો કોના છે, શું થયું તે નક્કી કરવાની છે, અને પરિવારોને માહિતગાર રાખવાની છે,’’ ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સિટી ઓફ મલેશિયાના રાજકીય વિજ્ઞાન વિભાગના સહાયક પ્રોફેસર ઝેકી ફૌઝે કહ્યું. ફૌઝુલ હિનાયા પોતાના ભાઈ ફૌઝુલ અમીરનું મૃત્યુ પ્રમાણપત્ર પકડી રાખે છે, જેમાં જણાવાયું છે કે કુરુક્કલમદમમાં LTE દ્વારા તેની હત્યા કરવામાં આવી હતી. હિનાયા છ ભાઈ-બહેનોમાંની એક હતી. ફૌઝુલ અમીર અને અબ્દુર રૌફ નાના ભાઈઓ હતા જેઓ તેમના પિતા, હયાત મોહમ્મદ, જે એક લાકડા કાપનાર હતા અને જેમની આવક સ્થિર નહોતી, તેમને પરિવારનું ભરણપોષણ કરવા માટે પૂરતી કમાણી કરવામાં મદદ કરતા હતા. અમીર તૈયાર કપડાં વેચવા માટે પોતાના વતનથી ૫૮ કિમી દૂર દક્ષિણ-પૂર્વ નગર અક્કરાઇપટ્ટુ જતા હતા. જુલાઈ, ૧૯૯૦ની એક સવારે, અમીરે તે સફર માટે પોતાના બેગ પેક કર્યા. ‘‘મેં ક્યારેય વિચાર્યું નહોતું કે આ તેમની અંતિમ મુલાકાત હશે’’, હિનાયાએ અલ જઝીરાને જણાવ્યું. જ્યારે તેઓ કટ્ટનકુડી પરત ફરી રહ્યા હતા, ત્યારે LTTEએ તેમને કુરુક્કલમદમ નજીક રોક્યા. અમીર સહિત ૩૬ભાઈબંધ લોકોને ગોળી મારી દેવામાં આવી - મૃત્યુના અંદાજો ૬૦થી લગભગ ૧૫૦ લોકો સુધીના છે. શ્રીલંકાની મુસ્લિમ વસ્તી માટે, આ હત્યાકાંડ એક વળાંક હતો. દેશની વસ્તીમાં સિંહાલીઓ ૭૫ ટકા છે, જ્યારે તમિલો અને મુસ્લિમો અનુક્રમે ૧૫ અને ૧૦ ટકા છે. કુરુક્કલમદમ હત્યાકાંડ સુધી, LTTE ઘણીવાર ખંડણી માટે મુસ્લિમોનું અપહરણ કરતું હતું, અને તેને મળેલા પૈસાનો ઉપયોગ પોતાની લડાઈને ભંડોળ પૂરું પાડવા માટે કરતું હતું. પોતાના ચરમ પર, LTTEએ શ્રીલંકાના લગભગ ચોથા ભાગ પર નિયંત્રણ રાખ્યું હતું.

ઓગસ્ટ ૧૯૯૦માં, એક મહિના પછી, ૨૦ એ પૂર્વીય નગરો કટ્ટનકુડી અને એરાવુરની બે મસ્જિદોમાં ઓછામાં ઓછા ૩૦૦ મુસ્લિમોની હત્યા કરી. જ્યારે અમીરની હત્યા થઈ ત્યારે હિનાયાનો અન્ય એક ભાઈ, અબ્દુર રૌફ, દેશના ઉત્તર ભાગમાં એક દુકાનમાં કામ કરી રહ્યો હતો. તે પોતાના શોકગ્રસ્ત પરિવાર સાથે જોડાવા ઘરે પાછો ફર્યો. દિવસો પછી, તે નજીકના શહેર બટ્ટીકાલોઆથી ખાદ્યસામગ્રી ખરીદવા માટે હાથલારી લઈને ઘરેથી નીકળ્યો. પરંતુ LTTE દ્વારા તેનું અપહરણ કરવામાં આવ્યું



અને તે ક્યારેય ફરી મળ્યો નહીં. તેને મૃત માની લેવામાં આવ્યો છે.

૨૦૧૬ માં, શ્રીલંકાએ ’ઓફિસ ઓન મિસિંગ પર્સન્સ’ની સ્થાપના કરી, જે ગુમ થયેલા અને ગાયબ થયેલા લોકોના ભાગ્ય પર સંશોધન કરતો એક સ્વતંત્ર વિભાગ છે. હિનાયાએ તે કચેરીમાં ફરિયાદ નોંધાવી, જેમ અન્ય વંશીય જૂથોના સેંકડો લોકોએ કરી હતી જેમના પ્રિયજનો ગૃહયુદ્ધની શરૂઆતથી ગુમ હતા. તેણીએ વિચાર્યું: શું જે સામૂહિક કબરોની શોધ કરવામાં આવી રહી હતી તેમાંથી સંકેતો મળી શકે? અને આગળ શું? ‘‘જ્યાં પુરાવા ફોજદારી આરોપોને સમર્થન આપે છે, ત્યાં સત્તાવાળાઓએ તેમને આગળ ધપાવવા જોઈએ’’, ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સિટીના ફૌઝે અલ જઝીરાને જણાવ્યું. પરંતુ સામૂહિક હત્યાઓ સાથે, LTTEએ જીવ કરતાં વધુ વસ્તુઓ છીનવી લીધી - તેણે શ્રીલંકન તમિલો અને મુસ્લિમો વચ્ચેના કાળજીપૂર્વક સાચવેલા બંધનને પણ તોડી નાખ્યું.

શ્રીલંકાના મુલ્લીવૈકલ ખાતે દેશના ગૃહયુદ્ધના અંતિમ તબક્કા દરમિયાન હજારો નાગરિકો ફસાયા હતા તે જમીનની એક નાની પટ્ટી પર, ૧૭ મે, ૨૦૨૪ના રોજ સ્મૃતિ સમારોહ દરમિયાન પોતાના મૃત પરિવારના સભ્યો માટે ૨૬ઠી એક તમિલ યુદ્ધ પીડિતાને સાંત્વના આપવામાં આવે છે. ૧૯૮૩માં, શ્રીલંકાએ ભારત સાથે કરાર કર્યા બાદ, ભારતીય લશ્કરની એક ટુકડીને દેશમાં તૈનાત કરવામાં આવી હતી. કોલંબો અને ન્ર્ વચ્ચેના શાંતિ કરારને લાગુ કરવામાં મદદ કરવા માટે તેઓ સત્તાવાર રીતે ત્યાં શાંતિ રક્ષકો તરીકે હતા. પરંતુ તેઓ ટૂંક સમયમાં બંને પક્ષોના અવિશ્વાસનો ભોગ બન્યા. શ્રીલંકામાં તેમના કાર્યકાળ દરમિયાન, ઉત્તર પ્રાંતના ભાગ એવા મુલ્લાઈતિવુના ઘણા તમિલ અને મુસ્લિમ ગામોના રહેવાસીઓને તેમના ઘર ખાલી કરવાની ફરજ પડી હતી જેથી ભારતીય સૈનિકો ત્યાં છાવણીઓ સ્થાપી શકે. ‘‘આ અમારું પહેલું વિસ્થાપન હતું,’’ અત્યારે ૫૯ વર્ષના મોહમ્મદ રિઝનીએ યાદ કર્યું, જેમને પોતાના પરિવાર સાથે ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પરંતુ ૧૯૯૦ની શરૂઆત સુધીમાં, ભારતીય લશ્કર શ્રીલંકાથી રવાના થઈ ગયું. રિઝની અને અન્ય લોકો પોતાના ગામોમાં પાછા ફર્યા. ‘‘તમિલો અને મુસ્લિમો સંવાદિતામાં હતા. અમે એક પરિવાર જેવા હતા અને અમે અમારા ગામોમાં પાછા ફર્યા,’’ તેમણે અલ જઝીરાને જણાવ્યું. ઓક્ટોબર ૧૯૯૦માં તે બદલાઈ ગયું. ‘‘LTTEએ ઉત્તર પ્રાંતમાં તેમના ગામોમાં રહેતા તમામ મુસ્લિમોને એકઠા કર્યા અને તેમને બે દિવસમાં પ્રાંત છોડી દેવાની જાણ કરી,’’ રિઝનીએ કહ્યું. રિઝની સ્તબ્ધ થઈ ગયા. ‘‘અમે ક્યારેય તમિલો માટે પડકાર ઊભો કર્યો નહોતો. અમે ઉત્તર પ્રાંતનો માત્ર ૫ ટકા હિસ્સો હતા, જ્યારે તમિલો ૯૦ ટકાથી વધુ હતા,’’ તેમણે કહ્યું. ઓક્ટોબર ૧૯૯૦માં, LTTEએ ઉત્તર પ્રાંતની સમગ્ર મુસ્લિમ વસ્તીને બળજબરીથી હાંકી કાઢી, જેનો અંદાજ ૭૫,૦૦૦થી ૧૦૦,૦૦૦ની વચ્ચે છે. તેમને કપડાં સિવાય પોતાની સાથે કંઈ પણ લઈ જવાની મંજૂરી આપવામાં આવી નહોતી. તેઓ શરણાર્થીઓ તરીકે દેશના અન્ય ભાગોમાં ગયા. દાયકાઓ પછી પણ, રિઝનીને હજુ યાદ છે કે પરિવારે LTTE સામે શું ગુમાવ્યું: બળવાખોરોએ ૯૯ ભેંસો, ૪૨ ગાયો, ચાર એકરનો નાળિયેરીનો બગીચા, આઠ એકરનું ડાંગરનું ખેતર, એક ઘર અને એક કરિયાણાની દુકાન લઈ લીધી. શ્રીલંકાના વાલ્વેટ્ટીથુરાઈ ખાતે ૫ જૂન, ૧૯૮૭ના રોજ તમિલ ટાઈગર અલગતાવાદીઓ પાસેથી ફરી કબજે કરેલા શહેરમાં શ્રીલંકન સૈનિકો પેટ્રોલિંગ કરે છે તેમ એક સૈનિક બખ્તરબંધ વાહન પર બેઠો છે.

‘પુરાવા રજૂ કરો’ : IAMCએ ‘ખોટા અને બદનક્ષીભર્યા’ આતંકવાદી આરોપો બદલ CNN-News18ના રાહુલ શિવશંકરની ઝાટકણી કાઢી, ઓન-એર સુધારાની માંગ કરી

અમેરિકા સ્થિત આ હિમાયતી (એડવોકેસી) સંગઠને જણાવ્યું હતું કે ૧૮ નવેમ્બરના રોજ યુનિવર્સિટી ઓફ શિકાગો ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં હાજરી આપતી વખતે અહેમદનો ફોટો પાડવામાં આવ્યા બાદ CNN-News18એ તેમને નિશાન બનાવ્યા હતા

(એજન્સી) તા.૨૬

ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ (IAMC)એ બુધવારે CNN-News18 અને તેના એડિટોરિયલ અફેર્સ ડિરેક્ટર રાહુલ શિવશંકર પર સંગઠન અને તેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રશીદ અહેમદ વિરુદ્ધ "ખોટા અને બદનક્ષીભર્યા" આરોપો પ્રસારિત કરવાનો આરોપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે ચેનલે નરેન્દ્ર મોદી સરકારના ટીકાકારોને બદનામ કરવા માટે શાસક ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા ફેલાવવામાં આવેલા દાવાઓને વધુ વેગ આપ્યો હતો. અમેરિકા સ્થિત આ હિમાયતી સંગઠને જણાવ્યું હતું કે ૧૮ નવેમ્બરના રોજ યુનિવર્સિટી ઓફ શિકાગો ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં હાજરી આપતી વખતે અહેમદનો ફોટો પાડવામાં આવ્યા બાદ CNN-News18એ તેમને નિશાન બનાવ્યા હતા. ત્યારબાદ ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ સોશિયલ મીડિયા પર આ તસવીર શેર કરીને IAMC વિરુદ્ધ આરોપો લગાવ્યા હતા. ચેનલે પાછળથી શિવશંકર દ્વારા સંચાલિત તેના કાર્યક્રમ ‘ધ હાર્ડ ફેક્ટ્સ’ (The Hard Facts)ના એક સેગમેન્ટમાં અહેમદને દર્શાવ્યા હતા, જેમાં "શિકાગોમાં ભારત વિરોધીઓ" (India bashers in Chicago) કેપ્શન હેઠળ તેમની તસવીર હાઇલાઇટ કરવામાં આવી હતી. IAMCના જણાવ્યા અનુસાર, કાર્યક્રમમાં "ટીકાકારો IAMCને આતંકવાદ સાથે જોડે છે?" (Critics link IAMC to terror?) જેવી હેડલાઇન્સ પણ ચલાવવામાં આવી હતી અને સંગઠન પર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI), પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ ઇન્ડિયા (SIMI) અને અન્ય "આતંકવાદ સાથે જોડાયેલા નેટવર્ક્સ" સાથે સંબંધો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.સંગઠને જણાવ્યું હતું કે એકંદરે IAMCને "એકદમ કટ્ટરપંથી સંગઠન" તરીકે પણ વર્ણવ્યું હતું. IAMCએ આ આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા અને CNN-News18, ભાજપ તેમજ ભારતીય સરકારી એજન્સીઓને આ આરોપોના સમર્થનમાં પુરાવા રજૂ કરવાનો પડકાર ફેંક્યો હતો. સંગઠને જણાવ્યું હતું કે તેના પાકિસ્તાન, ISI, SIMI, જમાત-એ-ઇસ્લામી અથવા મુસ્લિમ બ્રધરહુડ સાથે કોઈ સંબંધો નથી અને તેને અમેરિકાની બહારથી કોઈ ભંડોળ મળતું નથી.પોતાની જાતને અમેરિકી કાયદાની કલમ 501(c)(3) હેઠળ નોંધાયેલ ૨૪ વર્ષ જૂની બિન-નફાકારક (નોનપ્રોફિટ) સંસ્થા ગણાવતા IAMCએ કહ્યું કે તે આંતરરાષ્ટ્રીય નાગરિક સમાજ સંગઠનો સાથે મળીને યુએસ કોંગ્રેસ અને સરકાર સમક્ષ હિમાયત કરવાનો રેકોર્ડ ધરાવે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "સર્વોપરિતાવાદી વિચારધારા (હિંદુત્વ) અથવા સરકારના માનવાધિકાર રેકોર્ડની ટીકા કરવી એ ભારત કે તેના લોકો પ્રત્યેની દુશ્મનાવટ નથી," અને ઉમેર્યું હતું કે તેના સભ્યો ભારત સાથે ઊંડા સાંસ્કૃતિક, પારિવારિક અને ભાવનાત્મક સંબંધો ધરાવે છે.IAMCએ એમ પણ કહ્યું હતું કે ભારત કે અમેરિકાની કોઈપણ અદાલતે ક્યારેય સંગઠન કે અહેમદને આતંકવાદ, ISI અથવા કોઈપણ પ્રતિબંધિત સંગઠન સાથે જોડાયેલા હોવાનું શોધી કાઢ્યું નથી. IAMCએ ત્રિપુરા પોલીસના આરોપો પર સવાલ ઉઠાવ્યા ISI સાથેના તેના કથિત સંબંધો અંગેના આરોપો પર વાત કરતા IAMCએ જણાવ્યું હતું કે CNN-News18એ જાન્યુઆરી ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટ સમક્ષ ત્રિપુરા સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામા પર આધાર રાખ્યો હતો.આ સોગંદનામું ઓક્ટોબર ૨૦૨૧માં ત્રિપુરામાં મુસ્લિમ વિરોધી હિંસાની સ્વતંત્ર તપાસની માંગ કરતી અરજીના વિરોધમાં રજૂ કરવામાં આવ્યું હતું.



IAMCના જણાવ્યા અનુસાર, સોગંદનામામાં આરોપોને સમર્થન આપવા માટે કોઈ પુરાવા આપવામાં આવ્યા ન હતા અને માત્ર ‘ડિસઈન્ફો લેબ’ (DisInfo Lab)નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જ્યારે એમ કહેવામાં આવ્યું હતું કે આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.સંગઠને જણાવ્યું હતું કે લગભગ પાંચ વર્ષ પછી પણ કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી અને કોઈ અદાલતે કથિત સંબંધો સ્થાપિત કરતું તારણ કાઢ્યું નથી. IAMCએ ‘ધ વોશિંગ્ટન પોસ્ટ’ના ડિસેમ્બર ૨૦૨૩ના અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં જણાવાયું હતું કે ડિસઈન્ફો લેબની સ્થાપના અને સંચાલન ભારતની બાહ્ય ગુપ્તચર એજન્સી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના અધિકારી લેફ્ટનન્ટ કર્નલ દિવ્યા સતપથી દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ સહયોગીઓ અને સંગઠનથી પરિચિત લોકોને ટાંકીને અહેવાલમાં તેનો ઉદ્દેશ્ય મોદી સરકારના વિદેશી ટીકાકારોને બદનામ કરવાનો હોવાનું વર્ણવવામાં આવ્યું હતું. IAMCએ CNN-News18 પર ડિસઈન્ફો લેબમાંથી ઉદ્ભવેલા આરોપોની વિશ્વસનીયતા તપાસ્યા વિના તેને સ્થાપિત તથ્યો તરીકે રજૂ કરવાનો આરોપ મૂક્યો હતો.સંગઠને ચેનલના એ દાવાને પણ પડકાર્યો હતો કે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેને એકંદરે આતંકવાદી આરોપ તરીકે વર્ણવ્યો હતો. નવેમ્બર ૨૦૨૧માં, ત્રિપુરા પોલીસે રાજ્યમાં મુસ્લિમો વિરુદ્ધની હિંસા સંબંધિત પોસ્ટ્સ બદલ ૧૦૨ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સામે આતંકવાદ વિરોધી કાયદો લાગુ કર્યો હતો. નિશાન બનાવવામાં આવેલા લોકોમાં પત્રકારો અને સુપ્રીમ કોર્ટના વકીલોનો સમાવેશ થતો હતો, જેમાં એક પત્રકારે "ત્રિપુરા સળગી રહ્યું છે" તેવું ટ્વિટ કર્યું હતું.ત્યારબાદ સુપ્રીમ કોર્ટે FIRને પડકારનાર વકીલો અને પત્રકારો સામે દંડાત્મક કાર્યવાહી પર રોક લગાવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૨માં, કોર્ટે લોકોની સોશિયલ મીડિયા પોસ્ટ્સ બદલ સતત હેરાનગતિ કરવા બદલ ત્રિપુરા પોલીસને ઠપકો પણ આપ્યો હતો. IAMCએ કહ્યું કે CNN-News18એ સંગઠન વિરુદ્ધ પુરાવા તરીકે UAPA કાર્યવાહી રજૂ કરતી વખતે આ સંદર્ભને છોડી દીધો હતો. મિડલ ઈસ્ટ ફોરમની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા IAMCએ કાર્યક્રમમાં ‘મિડલ ઈસ્ટ ફોરમ’ (Middle East Forum) પર આધાર રાખવા સામે પણ પડકાર ફેંક્યો હતો અને તેને તટસ્થ થિંક ટેન્કને બદલે એક અતિ-જમણેરી (ફાર-રાઇટ) મુસ્લિમ વિરોધી સંગઠન ગણાવ્યું હતું.

અવકાશમાં ઈકબાલ : ઉર્દૂ કવિની પંક્તિઓ પૃથ્વીથી દૂર ભારત, પાકિસ્તાનને જોડે છે

પાકિસ્તાનના પ્રથમ અવકાશયાત્રીએ ચીનના અવકાશ સ્ટેશન પર ઈકબાલનું પઠન કર્યું, જે ભ્રમણકક્ષામાં થયેલી અગાઉની બે મુલાકાતોનો પડઘો પાડે છે

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬

બુધવારે ચીનના તિયાંગોંગ અવકાશ સ્ટેશનની અંદર તરતા રહીને, મુહમ્મદ ઝીશાન અલીએ ઘરના એક કવિ તરફ વળ્યા. લીલો અને સફેદ પાકિસ્તાની ધ્વજ ધરાવતો વાદળી ફ્લાઇટ સૂટ પહેરીને અને પાંચ ચીની સાથી અવકાશયાત્રીઓથી ઘેરાયેલા, પાકિસ્તાનના પ્રથમ અવકાશયાત્રીએ દેશના રાષ્ટ્રીય કવિ મુહમ્મદ ઇકબાલનો એક શેર સંભળાવ્યો. ‘‘સિતારોં સે આગે જહાં ઔર ભી હૈં / અભી ઇશ્ક કે ઇમ્તિહાન ઔર ભી હૈં,’’ અલીએ કહ્યું. તરતા રહીને પોતાને સ્થિર રાખવાનો પ્રયાસ કરતા, તેમણે બંને પંક્તિઓ વચ્ચે થોડો વિરામ લીધો અને શરૂઆતની પંક્તિનું પુનરાવર્તન કરીને શેર પૂર્ણ કર્યો. ત્યારબાદ તેમણે સરળતાથી મેન્ડરિન ભાષામાં બદલાઈને પોતાના ચીની સાથી અવકાશયાત્રીઓને શેરનો અર્થ અનુવાદ કરીને સમજાવ્યો. ‘‘સિતારાઓથી પર અસંખ્ય દુનિયાઓ છે, અને અસંખ્ય કસોટીઓ હજુ બાકી છે,’’ તેમણે કહ્યું. જ્યારે તેમણે આભાર અને સ્મિત સાથે વાત પૂર્ણ કરી, ત્યારે અવકાશયાત્રીઓનો સમૂહ તાળીઓ અને જયજયકારથી ગુંજી ઉઠ્યો અને ત્યારબાદ હવામાં આલિંગન અને હાસ્ય માટે એકઠા થયા. પરંતુ આ પહેલી વાર નહોતું કે ઇકબાલની કવિતા પૃથ્વી પરથી ભ્રમણકક્ષામાં પહોંચી હોય. આવું પ્રથમ આદાનપ્રદાન ૧૯૮૪માં થયું હતું, જ્યારે અવકાશમાં જનાર પ્રથમ ભારતીય રાકેશ શર્માએ, ભારત ઉપરથી કેવું દેખાય છે તેવા તત્કાલીન ભારતીય વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના પ્રશ્નનો જવાબ આપતી વખતે કવિના શબ્દો ટાંક્યા હતા. ૧૯૯૭માં, ભારતમાં જન્મેલા અન્ય એક અવકાશયાત્રી, કલ્પના ચાવલાએ, ભ્રમણકક્ષામાંથી વાતચીત દરમિયાન તત્કાલીન ભારતીય વડાપ્રધાન ઇન્દ્ર કુમાર ગુજરાલ દ્વારા ઇકબાલની કવિતા ટાંકતા સાંભળી હતી. ગુજરાલે એ જ શેરની શરૂઆતની પંક્તિ સંભળાવી હતી જે અલી દાયકાઓ પછી પોતાના ચીની સાથી અવકાશયાત્રીઓને વાંચી સંભળાવવાના હતા. ઇકબાલ એક કવિ,



તત્વચિંતક અને રાજકીય વિચારક હતા જેમણે ૨૦મી સદીની શરૂઆતમાં દક્ષિણ એશિયામાં મુસ્લિમ રાજકારણને આકાર આપવામાં મદદ કરી હતી. ૯ નવેમ્બર, ૧૮૭૭ના રોજ તત્કાલીન બ્રિટિશ ભારતના સિયાલકોટમાં જન્મેલા, તેમણે લાહોર, ઇંગ્લેન્ડ અને જર્મનીમાં અભ્યાસ કર્યો; કાયદાની યોગ્યતા મેળવી; અને તત્વજ્ઞાનમાં ડોક્ટરેટની પદવી મેળવી. સમગ્ર દક્ષિણ એશિયામાં, તેઓ હજુ પણ વ્યાપકપણે ‘અલ્લામા’ તરીકે ઓળખાય છે, જેનો અર્થ થાય છે વિદ્વાન. તેમણે મુખ્યત્વે ફારસી અને ઉર્દૂમાં લખ્યું. તેમની ફારસી કવિતાએ તેમને ઈરાનમાં પણ કાયમી ચાહકો અપાવ્યા, જ્યાં તેઓ ‘ઇકબાલ-એ-લાહોરી’ અથવા લાહોરના ઇકબાલ તરીકે ઓળખાય છે. ૧૯૩૦માં, અલ્હાબાદમાં ઓલ-ઇન્ડિયા મુસ્લિમ લીગના વાર્ષિક સત્રની અધ્યક્ષતા કરતી વખતે, તેમણે દરખાસ્ત મૂકી કે પંજાબ, ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંત, સિંધ અને બલુચિસ્તાનને બ્રિટિશ સામ્રાજ્યની અંદર અથવા બહાર એક જ સ્વ-શાસિત રાજ્યમાં એકસાથે લાવવામાં આવે.

શ્રીમંત ભારતીયોમાં અકાળે મૃત્યુનું જોખમ ૬૨% ઓછું, મુસ્લિમ પુરૂષો લાંબું જીવે છે, અભ્યાસમાં તારણ

ભારતીય આરોગ્ય સર્વેક્ષણના બે દાયકાના ડેટા પર આધારિત સંશોધનમાં જાણવા મળ્યું છે કે પુખ્ત વયના લોકોના જીવિત રહેવા પર જાતિ કે ધર્મ કરતાં સંપત્તિનો વધુ પ્રભાવ હોય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

એક નવા અભ્યાસ મુજબ, ભારતના શ્રીમંત પરિવારોના પુરુષોમાં ગરીબ પરિવારોના પુરુષો કરતાં ૧૫ થી ૫૯ વર્ષની વય વચ્ચે મૃત્યુનું જોખમ ૬૨ ટકા ઓછું હોય છે, જ્યારે મુસ્લિમ પુરુષોમાં ઉચ્ચ જાતિના હિન્દુ પુરુષો કરતાં પુખ્ત વયના મૃત્યુદરનું જોખમ ૨૧ ટકા ઓછું હોય છે. ‘ડેમોગ્રાફિક રિસર્ચ’ (Demographic Research) જર્નલમાં પ્રકાશિત થયેલું આ સંશોધન લગભગ બે દાયકામાં ભારતમાં ઘરની સંપત્તિ, જાતિ, ધર્મ અને પુખ્ત વયના મૃત્યુદર વચ્ચેના સંબંધની તપાસ કરે છે. તે દર્શાવે છે કે આર્થિક સંજોગો લોકોના કામકાજના વર્ષો દરમિયાન જીવિત રહેવાની તકો સાથે ખાસ કરીને મજબૂત સંબંધ ધરાવે છે.આ અભ્યાસ મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોગ્રાફિક રિસર્ચના મોરધ્વજ ઢાકરા અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સિસ (IIPS)ના નંદિતા સાયકિયા દ્વારા કરવામાં આવ્યો હતો.સંશોધકોએ ૧૯૯૮-૯૯, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૯-૨૧ને આવરી લેતા ભારતના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના ત્રણ રાઉન્ડના ડેટાનું વિશ્લેષણ કર્યું હતું. આ વિશ્લેષણ ૧૫થી ૫૯ વર્ષની વયના પુરુષો અને સ્ત્રીઓ પર કેન્દ્રિત હતું, જે સમયગાળો સામાન્ય રીતે કામકાજી જીવન અને આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે.તારણો અનુસાર, સૌથી ધનિક ૨૦ ટકા પરિવારોના પુરુષોમાં સૌથી ગરીબ ૨૦ ટકા પરિવારોના પુરુષો કરતાં અકાળે મૃત્યુનું જોખમ ૬૨ ટકા ઓછું હતું. મહિલાઓમાં, આ અનુરૂપ ઘટાડો ૪૨ ટકા હતો. આ તફાવત ૧૫-૫૯ વય જૂથ દરમિયાન દર ૧,૦૦૦ લોકોએ થતા અંદાજિત મૃત્યુની સંખ્યામાં પણ પ્રતિબિંબિત થાય છે. સૌથી ગરીબ પરિવારોના પુરુષોમાં આ આંકડો ૨૮૦ હતો, જેની સરખામણીમાં શ્રીમંત પરિવારોના પુરુષોમાં તે ૧૫૮ હતો.મહિલાઓ માટે, અનુરૂપ આંકડા સૌથી ગરીબ પરિવારોમાં દર ૧,૦૦૦એ ૧૫૩ અને સૌથી ધનિક પરિવારોમાં ૮૩ હતા. સંશોધકોએ જાતિ, ધર્મ, ગ્રામીણ કે શહેરી રહેઠાણ અને રાજ્યો વચ્ચેના તફાવતોને પણ ધ્યાનમાં લીધા હતા. આ પરિબળોને ધ્યાનમાં લીધા પછી પણ ઘરની સંપત્તિ અને મૃત્યુદર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ રહ્યો હતો.મુસ્લિમ પુરુષોમાં મૃત્યુનું જોખમ ઓછું જોવા મળ્યુંતારણોમાંનું એક મુસ્લિમ પુરુષોમાં મૃત્યુદર સાથે સંબંધિત છે. ૨૦૧૯-૨૧ના સર્વેક્ષણમાં, મુસ્લિમ પુરુષોમાં ઉચ્ચ જાતિના



હિન્દુ પુરુષો કરતાં ૧૫થી ૫૯ વર્ષની વય વચ્ચે મૃત્યુનું જોખમ ૨૧ ટકા ઓછું હતું. આ જ વ્યાપક પેટર્ન ૧૯૯૮-૯૯ અને ૨૦૧૫-૧૬ના અગાઉના NFHS રાઉન્ડમાં પણ જોવા મળી હતી. અભ્યાસ મુજબ, ઘરની સંપત્તિ, રહેઠાણનું સ્થળ અને રાજ્ય-સ્તરની ભિન્નતાઓને ધ્યાનમાં લીધા પછી પણ આ તફાવત યથાવત રહ્યો હતો. સંશોધકોએ સૂચવ્યું હતું કે મુસ્લિમ પુખ્ત વયના લોકોમાં દારૂનું તુલનાત્મક રીતે ઓછું સેવન અને કેટલાક રાજ્યોમાં શહેરી વિસ્તારોમાં મુસ્લિમ વસ્તીનું વધુ કેન્દ્રિત હોવું આ તારણને અંશતઃ સમજાવી શકે છે. શહેરી રહેવાસીઓને આરોગ્યસંભાળ સુવિધાઓની વધુ સારી સુલભતા હોઈ શકે છે, જે સ્વાસ્થ્ય પરિણામો અને જીવિત રહેવા પર અસર કરી શકે છે. જોકે, અભ્યાસ આ પરિબળોને તફાવત માટેના સ્થ

ખેડા જિલ્લાને 'બાળ વિવાહ મુક્ત' બનાવવા નડિયાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે ઉચ્ચસ્તરીય સંકલન બેઠક યોજાઈ

બાળ લગ્ન કરાવનાર ઉપરાંત મંડપ, કેટરિંગ, આયોજકો અને મહેમાનો સામે પણ ૨ વર્ષની કેદ અને રૂા.૧ લાખના દંડની કડક કાર્યવાહીની ચેતવણી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૬

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (NALSA), સુપ્રીમ કોર્ટ, દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ (GSLSA), ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા અમલમાં મુકાયેલા 'બાલ વિવાહ મુક્ત ભારત' ૧૦૦ દિવસીય અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં બાળ લગ્નના દૂષણને જડમૂળથી નાબૂદ કરવા માટે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નડિયાદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના માર્ગદર્શન હેઠળ ફુલ ટાઈમ સેક્રેટરી (સિનિયર સિવિલ જજ કેડર) જે. જે. જાદવના અધ્યક્ષસ્થાને નડિયાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે તમામ સંબંધિત વિભાગોની એક મહત્ત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. ૨૬મી નવેમ્બર 'બંધારણ દિવસ' અને ૨૭મી નવેમ્બર 'આંતરરાષ્ટ્રીય બાળ લગ્ન પ્રતિબંધક દિન'ના ઉપલક્ષ્યમાં આયોજિત આ બેઠકમાં વિવિધ કચેરીઓના અધિકારીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બાળ લગ્ન પ્રતિબંધક સહ સમાજ સુરક્ષા અધિકારી એલ.જી. ભરવાડ, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન અમિત ડાભી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશ પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.ડી. ડાભી, પ્રયાસ સંસ્થાના સ્ટેટ ડાયરેક્ટર ઈન્દ્રજીત સિંઘ તેમજ ડોન બોસ્કો સ્કૂલ, કપડવંજના સંજયભાઈએ પોતપોતાની કચેરી દ્વારા થતી કામગીરી, ફિલ્ડમાં આવતા અવરોધો અને તેના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

બેઠકના અધ્યક્ષ જે. જે. જાદવે જિલ્લાના નાગરિકોને સંબોધતા કડક શબ્દોમાં ચેતવણી અને જાહેર અપીલ કરી હતી કે, 'બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬' તથા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના દિશાનિર્દેશો મુજબ બાળ લગ્ન એ ગંભીર કાયદાકીય અને સામાજિક ગુનો છે. આ કાયદા હેઠળ માત્ર માતા-પિતા કે વાલી જ નહીં, પરંતુ લગ્ન વિધિ કરાવનાર સમૂહ લગ્ન કે લગ્ન સ્થળ-વાડીના આયોજકો અને સંચાલકો, મંડપ ડેકોરેશન અને કેટરિંગ સર્વિસ પૂરી પાડનારાઓ, લગ્નમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદગારી કરનાર તેમજ હાજર રહેનાર મહેમાનો આ તમામ વ્યક્તિઓ ગુના માટે સમાન રીતે જવાબદાર ગણાય છે. ગુનો સાબિત થયેથી ૨ વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂપિયા ૧ લાખ સુધીના દંડની કડક જોગવાઈ છે.

ધોળીધજા ડેમ પાર્કના નિર્માણ કાર્યોનું નિરીક્ષણ



સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમ ખાતે આકર્ષક પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે. નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ આ નિર્માણધીન પાર્કની મુલાકાત લઈ ચાલી રહેલા વિકાસકાર્યોનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ પાર્કમાં તળાવ, વોક-વે, ગાઝિબો, ટ્રેન પાથ, ફૂડ કોર્ટ તેમજ બાળકો માટે પ્લેયિંગ એરિયા સહિતની આધુનિક સુવિધાઓ આકાર લઈ રહી છે, જે આગામી સમયમાં સુરેન્દ્રનગરના સ્થાનિક પ્રવાસન વિકાસ અને નાગરિકોના શારીરિક તથા મનોરંજન પ્રવૃત્તિઓ માટેનું મુખ્ય કેન્દ્ર બનશે. (તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

નડિયાદના મામલતદારની ગોધરા બદલી

સામૂહિક બદલીના આદેશ બાદ ખેડા જિલ્લામાં ચાર મામલતદારો આવ્યા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૬

ગાંધીનગર સ્થિત મહેસૂલ વિભાગ દ્વારા મામલતદાર વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓની સામૂહિક બદલીના આદેશ કરવામાં આવ્યા છે, જેમાં ખેડા જિલ્લાના કુલ ૫ અધિકારીઓની બદલીનો સમાવેશ થાય છે.આ હુકમ અનુસાર ખેડા જિલ્લામાંથી સંદીપ ઘનશ્યામભાઈ મિસ્ત્રી (મામલતદાર, નડિયાદ-શહેર, જિ.ખેડા)ની બદલી મામલતદાર, ગોધરા (શહેર), જિ. પંચમહાલ ખાતે કરવામાં આવી છે. બીજી તરફ, બહારથી ખેડા જિલ્લામાં ૪ નવા મામલતદારોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં અશ્વિનકુમાર ખાટાભાઈ બારૈયા (અગાઉ : મામલતદાર, જૂનાગઢ (શહેર)ને મામલતદાર, નડિયાદ-શહેર, જિ. ખેડા ખાતે મુકાયા છે. નિમેષકુમાર પી. પારેખ (અગાઉ : મામલતદાર, ઉમરેઠ, જિ.આણંદ)ને મામલતદાર-૧, કલેક્ટર કચેરી, ખેડા ખાતે નિમણૂંક મળી છે.

રાજેન્દ્રકુમાર ખુશાલભાઈ જાદવ (અગાઉ : મામલતદાર, વડોદરા-શહેર-ઉત્તર)ને મામલતદાર, કઠલાલ, જિ. ખેડા ખાતે મુકાયા છે. જ્યારે જયેશભાઈ જે. તળપદા (અગાઉ : મામલતદાર, તારાપુર)ને મામલતદાર, મહુધા, જિ.ખેડા ખાતે નિમણૂંક આપવામાં આવી છે.

લાઠીના દુધાળા ગામે ધોળકિયા ફાઉન્ડેશન સામે ગૌચરની જમીન પર કથિત દબાણનો વિવાદ : કલેક્ટર દ્વારા નાયબ DDOને તપાસના આદેશ આપ્યા

ગૌચરની જમીન પર રોડ, પાકા શેડ, હોર્ડિંગ્સ અને તાર ફેન્સિંગ કરી કબજો કર્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૬

લાઠી તાલુકાના દુધાળા ગામની ગૌચરની જમીન પર ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે કલેક્ટર કચેરીમાં રજૂઆત કરવામાં આવી હતી અને ૨૫ તારીખ સુધીમાં કાર્યવાહી નહિ થાય તો ૨૬ મીએ આંદોલનની ચીમકી આપી હતી. આ મામલે આજે અમરેલી કલેક્ટર કચેરી દ્વારા નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ને જરૂરી કાર્યવાહી કરવા પત્ર પાઠવવામાં આવ્યો છે.રજૂઆત મુજબ, દુધાળા ગામના ગ્રામ પંચાયતના ગૌચર ખાતાની સર્વે નંબર ૧૪૦/૧ સહિતની જમીન પર સુરતના ધોળકિયા ફાઉન્ડેશનના માલિકો દ્વારા અનધિકૃત દબાણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. ગૌચરની જમીન પર સીસી રોડ, ડામર રોડ, પાકા શેડ, મોટા હોર્ડિંગ્સ ઊભા કરવા ઉપરાંત ઊંડું ખોદકામ કરીને તળાવ જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. તેમજ ફરતે તાર ફેન્સિંગ કરીને જમીન પર કબજો કરવામાં આવ્યો હોવાની રજૂઆતમાં વિગતો દર્શાવવામાં આવી છે. આ રજૂઆતને પગલે અમરેલી કલેક્ટર કચેરી દ્વારા સંબંધિત અધિકારીને નિયમોનુસાર કાર્યવાહી કરી અરજદારને તેની જાણ કરવા સૂચના આપવામાં આવી છે. હવે દુધાળા ગામની ગૌચરની જમીન પરથી કહેવાતા દબાણો દૂર કરવા તંત્ર કેવાં પગલાં ભરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

દુધાળાની ગૌચર જમીન વિવાદ : લાઠી ડિવિઝન પોલીસ દ્વારા અરજદારને નોટિસ

લાઠી તાલુકાના દુધાળા ગામે ગૌચરની જમીન પર ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા કથિત દબાણ મામલે હવે પોલીસ દ્વારા અરજદારને નોટિસ પાઠવવામાં આવી છે. લાઠી ડિવિઝન પોલીસ અધિકારીની કચેરી દ્વારા તા.૨૪ નવેમ્બરના રોજ પાઠવાયેલી નોટિસમાં અરજદાર નાથાભાઈ વલ્લભભાઈ સુખડીયાને વિવાદિત જમીનને લગતા આધાર-પુરાવા સાથે તા.૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧થી ૧૩ કલાક દરમિયાન કચેરીમાં હાજર રહેવા જણાવાયું છે.

વડોદરા મચ્છી પીઠ મુસાફરખાના ખાતે મહિલાઓ માટે આરોગ્ય જાગૃતિ કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૬

વડોદરા શહેરના મચ્છી પીઠ મુસાફરખાના ખાતે મહિલાઓના આરોગ્ય અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આરોગ્ય જાગૃતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સ્ટર્લિંગ હોસ્પિટલના નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટ તથા ઓન્કોલોજિસ્ટ ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ મહિલાઓને વિવિધ શારીરિક સમસ્યાઓ અને બ્રેસ્ટ કેન્સર અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. આસ્થા શાહ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. કેમ્પ દરમિયાન મહિલાઓને સ્ત્રીરોગ સંબંધિત સમસ્યાઓ, સમયસર તબીબી તપાસનું મહત્ત્વ, બ્રેસ્ટ કેન્સરના પ્રારંભિક લક્ષણો તથા રોગ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

અંગે જાગૃતિ રાખવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અને કોઈપણ સમસ્યા જણાય તો સમયસર નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવા સમજાવવામાં આવ્યું હતું. આ આરોગ્ય જાગૃતિ કેમ્પમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તબીબી માર્ગદર્શનનો લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે વિસ્તારના સામાજિક કાર્યકર શબનમ શેખ અને મોસીન ખાન પઠાણ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંને સામાજિક કાર્યકરો હંમેશા વિસ્તારની જનતાની વચ્ચે રહીને લોકોની સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયત્નશીલ રહે છે.

સુરેન્દ્રનગરમાં તુવેરનું વાવેતર કરનાર ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૬

સુરેન્દ્રનગર જિલ્લામાં રવિ પાકમાં ખેડૂતો દ્વારા તુવેરના પાકનું પણ વાવેતર કરવામાં આવતું હોય છે ખાસ કરીને લખતર દસાડા પાટડી વઢવાણ તાલુકામાં તુવેરનું સૌથી વધુ વાવેતર થતું હોય છે પરંતુ ચાલુ વર્ષે જે લખતર દસાડા અને પાટડી વિસ્તારમાં વરસાદ પડ્યો તેને કારણે ખેતરો પાણીમાં ગરકાવ બન્યા અને પાણી ભરાઈ રહ્યું જેને લઈ તુવેરના પાકને વ્યાપક નુકસાન થયું છે આગળના વર્ષે સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર દસાડા વિસ્તારમાં તુવેરનું વિધે ૨૨થી ૨૫ મણનો ઉતારો આવ્યો હતો.પરંતુ ચાલુ વર્ષે માત્ર પાંચથી સાત મણ જેટલો વિધે ઉતારો આવ્યો છે જેને લઈને ખેડૂતોને ખોટ ખાવાનો સમય આવ્યો છે તુવેર પાછળ ખેડૂતો દ્વારા જે ખર્ચ કરવામાં આવ્યો હતો તે ખર્ચ પણ નીકળે તેવી પરિસ્થિતિ નથી. દવાઓ અને મોંઘા ખાતર નાખી કરવામાં આવેલું વાવેતર તદ્દન નિષ્ફળ નીવડ પામ્યું છે ત્યારે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. જ્યારે સરકાર દ્વારા તુવેરના ભાવમાં વધારો કરી અને ટેકાના ભાવે તાત્કાલિક ધોરણે ખરીદી કરવામાં કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે હાલના તબક્કામાં તુવેરનું ઉત્પાદન ઓછું આવવાના કારણે માર્કેટમાં પણ ૬૦થી ૭૦ રૂપિયાના પ્રતિ કિલોના ભાવથી વેચાણ કરવામાં આવી રહ્યું છે.

હિંમતનગરના કાટવાડ ખાતે ૪૧ જણને આવાસ યોજનાની સનદો એનાયત

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, કેશરપુરા, તા.૨૬

હિંમતનગરના કાટવાડ ગામે ૪૧ લાભાર્થીઓને આવાસ યોજનાની સનદ એનાયત કરાઈ હતી.કાટવાડ ગામ ખાતે આજરોજ સ્થાનિક ધારાસભ્ય વી.ડી. ઝાલાના અધ્યક્ષસ્થાને એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન 'પ્રધાનમંત્રી આવાસ યોજના' અને 'SECC' (સામાજિક, આર્થિક અને જાતિગત વસ્તી ગણતરી) અંતર્ગત પાત્રતા ધરાવતા ગામના કુલ ૪૧ જેટલા લાભાર્થીઓને સરકારી આવાસ માટેની સનદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય વી.ડી. ઝાલાએ લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, સરકારની આ લોકકલ્યાણકારી યોજના થકી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોનું 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ સનદ વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન નરેશભાઈ એમ. પરમાર, પ્રમુખ તાલુકા પંચાયત હિંમતનગર, હાર્દિકસિંહ



(તસવીર : ગુલામ હૈદર ડોડિયા, કેશરપુરા)

રાઠોડ તાલુકા વિકાસ અધિકારી સાહેબ હિંમતનગર આમંત્રિત મહેમાન હર્ષાબેન એલ. વસોન, સદસ્ય હડિયોલ જી.પંચાયત સીટ હિતેષભાઈ પટેલ, પ્રમુખ હિંમતનગર તાલુકા ભાજપ ઉષાબેન પી.પટેલ, ઉ.પ્રમુખ તાલુકા પંચાયત હિંમતનગર ભરતસિંહ ઝાલા, કારોબારી અધ્યક્ષ તા.પં.હિંમતનગર કોકિલાબેન પી. વણકર, ચેરમેન સા.ન્યાય સમિતિ તા.પં.હિંમતનગર વર્ષાબા એન. પરમાર, સદસ્ય કાટવાડ તા.પંચાયત સીટ, કાટવાડ ગામના સરપંચ ઈમરાનભાઈ દાવડા, ગ્રામ પંચાયત સદસ્યો, તમામ લાભાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી રાહુલભાઈ પટેલ અને સ્થાનિક આગેવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સુંદર સંચાલન ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉમેદવારો તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરી શકશે

ભાવનગર એસ.ટી. વિભાગમાં વિવિધ ટ્રેડમાં એપ્રેન્ટિસની ભરતી માટે અરજીઓ મંગાવાઈ

ભાવનગર, તા.૨૬

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વિભાગ દ્વારા એપ્રેન્ટિસ એક્ટ-૧૯૬૧ હેઠળ વિવિધ ટ્રેડમાં એપ્રેન્ટિસની ભરતી કરવામાં આવનાર છે. આ ભરતી અંતર્ગત આઈ.ટી.આઈ.માં મોટર મિકેનિક વ્હીકલ, ડીઝલ મિકેનિક, વેલ્ડર, ઈલેક્ટ્રિશિયન, કોપા (COPA), ફિટર તથા હેલ્થ સેનિટરી ઈન્સ્પેક્ટર ટ્રેડ પાસ કરેલા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઉમેદવારોની પસંદગી આઈ.ટી.આઈ. મેરિટના ધોરણે કરવામાં આવશે.

ઇચ્છુક ઉમેદવારોએ તા.૦૧/૧૨/૨૦૨૬ થી તા.૧૫/૧૨/૨૦૨૬ દરમિયાન કચેરીના કામકાજના દિવસોમાં સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૩૦ કલાક સુધી વિભાગીય કચેરી, પાનવાડી એસ.ટી. ભાવનગર ખાતેથી અરજીપત્રક મેળવી શકશે.

લાયકાત અંગેની વિગતો મુજબ, મિકેનિક ટ્રેડ માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ તથા કોપા અને હેલ્થ સેનિટરી ઈન્સ્પેક્ટર ટ્રેડ માટે ધોરણ-૧૨ પાસ અને સંબંધિત આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ હોવું જરૂરી છે. ઉમેદવારો માટે વયમર્યાદા ૧૮થી ૩૩ વર્ષ નક્કી કરવામાં આવી છે.

સિદ્ધપુર ખાતે બંધારણ દિવસની ઉજવણી



(તસવીર : જહીર એન.મનસુરી, સિદ્ધપુર)

(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૨૬

ભાજપ કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો સહીતના અગ્રણી નેતાઓ, કાર્યકરો, દલિત સમાજના આગેવાનો, મ્યુ. સદસ્યો, નગરના સામાજિક આગેવાનો, મીડિયાના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.નગરમાં સ્થાપિત અન્ય મહાનુભાવોની પ્રતિમાઓને પણ ફૂલહાર કરવામાં આવ્યા. શહીદ વીર ચિરાગ ચૌહાણને શ્રધાંજલિ આપવામાં આવી. આ પ્રસંગે ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂત, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, શહેર ભાજપ પ્રમુખ કૌશલભાઈ જોશી, કોંગ્રેસ અગ્રણી બિપીનભાઈ દવે, જયાબેન શાહ, હરેશભાઈ મકવાણા, નિરંજનભાઈ ઠાકર, જયંતીભાઈ પરમાર, ગૌતમભાઈ મકવાણા, આમિરખાન પઠાણ, મુસ્લિમ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં દલિત સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા.

પંડ્યા બ્રિજનો સર્વિસ રોડ પણ બંધ

વડોદરામાં ડ્રેનેજની કામગીરીના પગલે દિવાળીપુરા-શ્રેણિક પાર્ક સર્કલ રોડ છ મહિના માટે બંધ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૬

શહેરમાં વિકાસના કામોને અનુલક્ષીને બે સ્થળે માર્ગ બંધ કરવામાં આવ્યાનું જણાવતું પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. દિવાળીપુરા જંક્શન રોડ થી યોગા સર્કલ થઈ શ્રેણિક પાર્ક સુધીના માર્ગ પર કોર્પોરેશન દ્વારા ડ્રેનેજની કામગીરી કરવામાં આવનાર હોવાથી આજથી છ મહિના માટે એટલેકે તા.૧-૬-૨૦૨૭ સુધી રસ્તો બંધ રહેશે. આ માટે પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડી વૈકલ્પિકરૂટ જાહેર કર્યો છે. જેમાં વડિયાળ સર્કલથી દિવાળીપુરા તરફ જતા રસ્તે પંજાબ બેકરના કટથી ડાબી બાજુ વળી શાંતમ બંગ્લોઝથી રેસકોર્સ જૈન મંદિર, નિલકંઠ સોસાયટીથી દિવાળીપુરા થઈ મલ્હાર પોઇન્ટ સુધી આવ-જા કરી શકાશે. જ્યારે, ગાય સર્કલથી યોગા સર્કલ જવા માટે ગાય સર્કલથી ડાબી બાજુ અકોટા સ્ટેડિયમથી મનિષા સર્કલ તરફ જઈ શકાશે અને આવી જ રીતે ગાય સર્કલથી જમણી બાજુ ઊર્મિ સર્કલથી ડાબીબાજુ થઈ મલ્હાર પોઇન્ટ જઈ શકાશે. આવી જ રીતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામને લઈને આજથી પંડ્યા બ્રિજથી ગેંડા સર્કલ સુધીનો અટલ બ્રિજનો સર્વિસ રોડ પણ સાત દિવસ માટે બંધ કરાયો છે.આ માટે વૈકલ્પિક રૂટ અપાયો છે.જેમાં પંડ્યા બ્રિજથી અટલ બ્રિજ ઉપર થઈને તેમજ પંડ્યા બ્રિજથી ગેંડા સર્કલ જવા માટે તમામ વાહનો સર્વિસ રોડની બાજુના માર્ગનો ઉપયોગ કરી શકશે.

વડોદરામાં પીએમ આવાસ યોજનાના કૌભાંડીઓ દ્વારા ૯.૬૦ લાખ પડાવ્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૬

વડોદરાના વિવિધ વિસ્તારોમાં પીએમ આવાસ યોજનાના નામે કૌભાંડ આચરતી ટોળકીએ એક મહિલા પાસે રૂા.૯.૬૦ લાખ પડાવી લીધા હોવાની વધુ એક ફરિયાદ નોંધાઈ છે. વાસણારોડના ઈસ્કોન મંદિર પાસે આવાસમાં રહેતા મહેન્દ્રભાઈ ભૈરવાએ પોલીસને કહ્યું છે કે, પીએમ આવાસ યોજનાની સુભાનપુરા ટીપી-૧માં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે સમતા સુરેશ ભજ્યા પાસે આવેલી સંદીપ એસ્ટેટ એજન્સીમાં મને બોલાવી આરોપીઓએ મીટિંગ કરી હતી. કોર્પોરેશનના અધિકારી અને કર્મચારી તરીકે ઓળખ આપનાર ટોળકીએ ઓગષ્ટ-૨૦૨૪માં મારી પાસે ટુકડે ટુકડે રૂા.૯.૬૦ લાખ પડાવ્યા હતા.મને વેચાણ દસ્તાવેજ પણ કરી આપવામાં આવ્યો હતો.મારી પત્નીના નામની અકોટાના સબ રજિસ્ટ્રાર કચેરીની પહોંચ આપવામાં આવી હતી, જેમાં સબ રજિસ્ટ્રાર તરીકે કશ્યપ જોષીની સહી હતી. પરંતુ હજી સુધી મને મકાન કે રૂપિયા મળ્યા નથી. ઉપરોક્ત ફરિયાદને આધારે ગોરવા પોલીસે જીલ અશોક બારોટ (શ્રીજી સમૃદ્ધ પાસે, સેવાસી કેનાલ રોડ), રોહન લક્ષ્મણસિંહ સોલંકી(શ્યામલ એવન્ટ, પ્રિયા સિનેમા પાસે, સેવાસી-કેનાલ રોડ), રણવીરસિંહ પ્રવીણસિંહ સિંધા (ચંદ્રનગર સોસાયટી, સુભાનપુરા) અને કશ્યપ રાકેશ ભાઈ જોષી (પ્રથમ રેસિડેન્સી, પરિવાર ચારરસ્તા પાસે, વાઘોડિયારોડ) સામે ગુનો નોંધ્યો છે.

સાંસદ ધવલભાઈની ઉમરગામ પાલિકાની મુલાકાત વેળા લોકો સાથે સંવાદ



(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૨૬

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે ઉમરગામ નગરપાલિકાની ઓચિંતી મુલાકાત લઈ સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ દરમિયાન નાગરિકોને પડતી વિવિધ સમસ્યાઓ અને મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા તેમજ નગરપાલિકાના વિવિધ અધિકારીઓ સાથે ચર્ચા કરી નાગરિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે અને નગરપાલિકાની સેવાઓ વધુ સરળતાથી લોકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

આ પ્રસંગે નગરપાલિકાના કાઉન્સિલરો સાથે પણ નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાધવ, ઉમરગામ શહેર સંગઠન પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા સહિત સ્થાનિક આગેવાનો અને નગરપાલિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કઠલાલ : મહિલા પર દુષ્કર્મ કરનાર ઈસમને કપડવંજ કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૬

કઠલાલ નજીક ખાડા વિસ્તારમાં બનેલા દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં કપડવંજની પાંચમી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સખત કેદ અને કુલ રૂા.૬,૦૦૦ના દંડની સજા ફટકારી છે. મળતી માહિતી મુજબ, તા. ૧૧/૦૭/૨૦૨૪ના રોજ કઠલાલ રેલ્વે ફાટક નજીક ખાડા વિસ્તારમાં પુનમભાઈ ઉર્ફે કાળો ફુલાભાઈ દેવીપુજકે એક મહિલાને બળજબરીથી પોતાના છાપરામાં ખેંચી લઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે ભોગ બનનાર મહિલાએ કઠલાલ પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો. આ કેસ કપડવંજની પમી એડિશનલ સેશન્સ કોર્ટ એસ.સી. વેમુલાની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી પુનમભાઈ ઉર્ફે કાળો ફુલાભાઈ દેવીપુજક (રહે. કઠલાલ)ને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે બી.એન.એસ. કલમ ૬૪(૧) હેઠળના ગુનામાં ૧૦ વર્ષની સખત કેદ અને રૂા. ૪,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૪ માસની સખત કેદ) તથા બી.એન.એસ. કલમ ૩૫૧(૩) હેઠળના ગુનામાં ૩ વર્ષની સખત કેદ અને રૂા. ૨,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૨ માસની સખત કેદ) ફટકારવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, આરોપી પાસેથી વસૂલ થનારી દંડની રકમ અપીલની મુદ્દત પૂર્ણ થયા પહેલાં અથવા અપીલ થાય તો તેના નિર્ણય પહેલાં ભોગ બનનારને વળતર તરીકે ચૂકવી આપવાનો આદેશ કોર્ટે આપ્યો છે.

અંકલેશ્વરના ભરણ ગામમાં ડમ્પરો સામે રસ્તા રોકો આંદોલન



(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં માટી ભરેલા ભારે ડમ્પરોની અવરજવર સામે ગ્રામજનોએ રસ્તા રોકો આંદોલન કર્યું છે. તેમણે ખેતીના રસ્તા પરથી ઓવરલોડ ડમ્પરોની અવરજવર બંધ કરવાની માંગ કરી છે તેમજ નંદાવ નજીક માટી ખોદકામ સામે આક્ષેપ કર્યો છે.આંદોલનમાં મહિલાઓ, પુરુષો અને બાળકો સહિત મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતર્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ, નંદાવ ગામ નજીક માટીનું ખોદકામ ચાલી રહ્યું છે. અગાઉ તળાવમાં ખોદકામ થયું હતું અને હવે ખાનગી ખેતીની જમીનમાં પણ ખોદકામ થતું હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. માટી ભરેલા ઓવરલોડ ડમ્પરો ખેતીના રસ્તા પરથી પસાર થાય છે. ભારે વાહનોની સતત અવરજવર થવાથી ગામના રસ્તા તૂટી રહ્યા છે.

આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કાર્યવાહી ન કરી હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે. અને ડમ્પરોની અવરજવર બંધ કરવા માંગ કરી છે.

એઈમ્સ (AIIMS) રાજકોટ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે

કચ્છના નાગરિકો માટે ૨૮મીએ ભૂજમાં 'નિઃશુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પ'

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૨૬

કચ્છ જિલ્લાના નાગરિકોની સુખાકારી અને ઉત્તમ સ્વાસ્થ્યને વિશેષ પ્રાધાન્ય આપીને અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન - એઈમ્સ રાજકોટ અને કચ્છ જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે તા.૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮થી ૨ વાગ્યા દરમ્યાન જી.કે.જનરલ હોસ્પિટલ ભુજ ખાતે 'નિઃશુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં એઈમ્સ રાજકોટના ખ્યાતનામ અને નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરી જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જેમાં જરૂરિયાતમંદ દર્દીઓને તમામ દવાઓ પણ સંપૂર્ણપણે વિનામૂલ્યે આપવામાં આવશે. દર્દીઓને એક જગ્યાએ તમામ પ્રકારની તબીબી સુવિધાઓ મળી રહે તે હેતુથી આ કેમ્પમાં ન્યુરોસર્જન, યુરોલોજી, કેન્સર, જનરલ સર્જન, પ્લાસ્ટિક સર્જન, ફેફસાં, સ્ત્રીરોગ, બાળરોગ, ચામડીના રોગ, કાન-નાક-ગળ

સરભણ ગામની નહેરમાંથી ત્રણ વર્ષના બાળકનો મૃતદેહ મળ્યો; હજુ શોધખોળ જારી

બારડોલી પરિવાર હત્યા કેસમાં વધુ એક મૃતદેહ મળ્યો, તપાસમાં પોલીસની મથામણ

વીમા કૌભાંડની આશંકા વચ્ચે પોલીસે એક આરોપીની ધરપકડ કરી તપાસ તેજ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

સુરત જિલ્લાના બારડોલી નજીક એક જ પરિવારના છ સભ્યોને નહેરમાં ફેંકી દેવાના ચોંકાવનારા કેસમાં તપાસ દરમિયાન વધુ એક મૃતદેહ મળી આવતા સમગ્ર મામલે નવો વળાંક આવ્યો છે. સરભણ ગામ નજીકની નહેરમાંથી ત્રણ વર્ષના પ્રથમેશ પાટીલનો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારના સગાઓએ મૃતદેહની ઓળખ કર્યા બાદ ફાયર વિભાગના જવાનોએ તેને નહેરમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ ઉપરાંત એક આરોપી પણ ઝડપાઈ જતાં તેને રિમાન્ડ પર લેવામાં આવ્યો છે. ઘટના પાછળના કારણોની અટકળો તેજ બની છે.

આ કેસમાં અગાઉ પરિવારના માતા-પિતા સહિત ત્રણ લોકોના મૃતદેહ મળી ચૂક્યા છે. જ્યારે ૧૩ વર્ષનો એક કિશોર જીવિત બચી ગયો હતો. પરિવારના અન્ય બાળકોની શોધખોળ પણ ચાલી રહી હતી. હવે પ્રથમેશનો મૃતદેહ મળતાં પોલીસની તપાસમાં વધુ એક મહત્વપૂર્ણ કડી જોડાઈ છે. કેસની તપાસ



દરમિયાન બારડોલી પોલીસે મહારાષ્ટ્રના જલગાંવ નજીકથી દયાનંદ ઉર્ફે ખાંડ્યાની ધરપકડ કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ પોલીસે તેના આઠ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ તેની પૂછપરછ કરીને ઘટનાની પાછળ રહેલા સંભવિત કારણો અને અન્ય લોકોની ભૂમિકા અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. અન્ય આરોપીઓની શોધખોળ પણ ચાલુ છે. પોલીસને આશંકા છે કે સમગ્ર ઘટનાની પાછળ વીમા પોલિસી સાથે જોડાયેલું કથિત કૌભાંડ હોઈ શકે છે. તપાસમાં એવી વિગતો સામે આવી છે કે મૃતક કવિતાના પ્રથમ પતિના અકસ્માતમાં થયેલા મૃત્યુ બાદ વીમાની રકમ મેળવવા માટે કથિત રીતે બોગસ ક્લેમ કરવામાં આવ્યો હતો.પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, વીમા સંબંધિત કથિત ગેરરીતિ બહાર આવવાની ભીતિથી તેમાં સંડોવાયેલા લોકોએ પરિવારને નિશાન બનાવ્યો હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે. જોકે આ તમામ બાબતો હાલ તપાસનો હિસ્સો છે અને પોલીસની સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ હત્યાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

હાલ પોલીસ મૃતદેહોની ઓળખ, આરોપીની પૂછપરછ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય પુરાવાઓના આધારે સમગ્ર ઘટનાની કડીઓ જોડવામાં લાગી છે. વધુ ધરપકડ અને પૂછપરછ બાદ કેસમાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની શક્યતા છે. કેટલાક સ્થાનિક અહેવાલોમાં વીમા વિવાદની આશંકાનો પણ ઉલ્લેખ થયો છે, પરંતુ આ હત્યા કેસમાં હત્યાનું ચોક્કસ કારણ શું હતું, તેની પોલીસ તરફથી અંતિમ સત્તાવાર પુષ્ટિ હજુ થવાની બાકી છે. તેથી હાલ વીમા વિવાદની થિયરીને માત્ર તપાસના એક એંગલ તરીકે જ જોવું યોગ્ય છે. બારડોલી અને સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા કેસની તપાસ તેજ કરવામાં આવી છે. આરોપીઓની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. મહારાષ્ટ્ર પોલીસની મદદથી પણ આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નહેરમાંથી વધુ એક મૃતદેહ મળ્યા બાદ હવે પોલીસ અને ફાયર વિભાગ દ્વારા બાકીના સંભવિત સ્થળોએ પણ સર્ચ ઓપરેશન કરવામાં આવી રહ્યું છે. નહેરમાં પાણીનો પ્રવાહ અને અન્ય કુદરતી અવરોધોને કારણે શોધખોળમાં મુશ્કેલી આવી રહી છે. આ ઘટનામાં પરિવારના સભ્યો સાથે બનેલી ક્રૂર ઘટનાએ સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં ચકચાર મચાવી છે. હવે પોલીસની તપાસમાં હત્યા પાછળનું સાચું કારણ શું હતું, અન્ય આરોપીઓ કોણ છે અને સમગ્ર કાવતરું કેવી રીતે ઘડાયું હતું તે બહાર આવવાની રાહ જોવાઈ રહી છે.

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ રોડમેપ રજૂ કરાયું

ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સની યજમાની માટે અમદાવાદની તૈયારીઓનું વિઝન બતાવાયું

ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)એ વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન આયોજન અંગે માહિતી આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ભારતે ૨૦૩૬ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સની યજમાની માટે ગુરૂવારે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ પોતાનું વિઝન અને રોડમેપ રજૂ કર્યું. ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)એ વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા અમદાવાદની તૈયારીઓ, રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રસ્તાવિત આયોજન સ્થળોની માહિતી આપી.

૨૬ નવેમ્બરે યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ગુજરાતના ડેપ્યુટી CM હર્ષ સાંઘવી પણ હાજર રહ્યા હતા. IOAના અધ્યક્ષ પીટી ઉષા, CEO રઘુરામ અય્યર અને IOA એથ્લેટ્સ કમિશનની ચેરપર્સન પીવી સિંધુ પણ સામેલ થયા હતા. ભારત તરફથી IOC સભ્ય નીતા અંબાણી પણ હાજર રહ્યાં હતાં. પ્રેઝન્ટેશનમાં અમદાવાદની તૈયારીઓને પ્રાથમિકતા સાથે રજૂ કરવામાં આવી. તેમાં રમતગમતની સુવિધાઓના વિકાસ, પ્રસ્તાવિત સ્થળોની યોજના અને કેન્દ્ર, રાજ્ય તથા સ્થાનિક વહીવટીતંત્રના સહયોગની માહિતી આપવામાં આવી હતી. ભારતે મોટા આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજનોની યજમાની કરવાના પોતાના અનુભવ અને ૨૦૩૬ની ગેમ્સ માટેની લાંબા ગાળાની યોજનાઓ પણ રજૂ કરી હતી. અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની પણ કરશે. ભારતે તેને ૨૦૩૬ ઓલિમ્પિકની તૈયારીઓનો મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. શહેરમાં વિશ્વસ્તરીય રમતગમતનાં મેદાનો અને તેમની સાથે જોડાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની યોજના રજૂ કરવામાં આવી હતી. લગભગ ૩૦ મિનિટ સુધી ચાલેલા પ્રેઝન્ટેશન બાદ IOCના ફ્યુચર હોસ્ટ કમિશન અને ભારતીય પ્રતિનિધિમંડળ વચ્ચે ચર્ચા થઈ. તેમાં ગેમ્સના આયોજનની યોજના, સંભવિત ખર્ચ, ફંડિંગ, સ્થળોના માસ્ટરપ્લાન અને આયોજન બાદ મળનારા લાભો જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ભારત હાલમાં તે ૭ દેશોમાં સામેલ છે, જે IOC સાથે કન્ટિન્યુઅસ ડાયલોગ તબક્કામાં છે. આ પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે સ્ટ્રેટેજિક ડાયલોગની શરૂઆત માર્ચ ૨૦૨૭માં થવાની અપેક્ષા છે. આ રજૂઆત ભારતના ૨૦૩૬ ઓલિમ્પિક અને પેરાલિમ્પિકની યજમાની મેળવવાના પ્રયાસોનો એક ભાગ છે. જો કે, હજુ યજમાન શહેર અથવા દેશની અંતિમ પસંદગી થઈ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૩૬ ઓલિમ્પિક માટે IOCએ બ્રિસ્બેન ૨૦૩૨ની સરખામણીમાં વધુ ખુલ્લી અને સ્પર્ધાત્મક પ્રક્રિયા અપનાવી છે. IOC અધ્યક્ષ કર્સ્ટી કોવેન્ટ્રીએ જૂન ૨૦૨૫માં પદ સંભાળ્યા બાદ અગાઉની ફાસ્ટ-ટ્રેક પ્રક્રિયા અટકાવી દીધી હતી. હવે IOC સભ્યો અનેક ઉમેદવારોમાંથી યજમાનની પસંદગી કરશે. નવી પ્રક્રિયામાં માત્ર મોટા અથવા મોંઘા પ્રોજેક્ટને બદલે ખેલાડીઓને કેન્દ્રમાં રાખીને એ જોવામાં આવશે કે પ્રસ્તાવિત શહેર ખેલાડીઓ માટે કેટલો સારો ગેમ્સ અનુભવ પ્રદાન કરી શકે છે.

બોડકદેવમાં CCTVના વેપારમાં ઝોનલ મેનેજર સામે ૫૫ લાખની છેતરપિંડીની ફરિયાદ !

રોકડમાં વેચાણ કરી બનાવટી ડિલીવરી અને ચલણથી મામલો છૂપાવવા પ્રયાસ

અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં CCTV કેમેરાના વેપાર સાથે સંકળાયેલા એક ઝોનલ સેલ્સ મેનેજર સામે કંપની અને વેપારીઓ સાથે વિશ્વાસઘાત કરી લાખો રૂપિયાનો માલ બારોબાર વેચી દેવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. કાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે અમિત દવે સામે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, બોડકદેવ વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય વેપારી સુરેશ કાતરીયા CCTV કેમેરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અગાઉ એક કંપનીમાં કામ કરતા અમિત દવે બાદમાં ચીનની કંપનીની ડિસ્ટ્રિબ્યુટરશિપ ધરાવતી અન્ય કંપનીમાં ઝોનલ સેલ્સ મેનેજર તરીકે જોડાયા હતા.

ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન સુરેશભાઈને મોટા પ્રમાણમાં CCTV કેમેરાની જરૂરિયાત ઊભી થતાં તેમણે અમિતનો સંપર્ક કર્યો હતો. આરોપીએ અલગ-અલગ વેપારીઓ મારફતે બિલ બનાવી માલ પહોંચાડવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વિવિધ કંપનીઓના નામે કુલ રૂા.૧.૦૭ કરોડના બિલ તૈયાર કરવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ડિલિવરીમાં વિલંબ થતાં ડિસેમ્બર ૨૦૨૫માં વેપારીઓની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન અમિત વેપારીઓને નરોડા ખાતેના ગોડાઉનમાં લઈ ગયો હતો. સ્ટોકની ગણતરી કરતાં અંદાજે રૂા.૫૫થી ૫૭ લાખનો માલ ઓછો હોવાનું સામે આવ્યું હતું.

ફરિયાદ મુજબ, અમિતે નાણાંની જરૂરિયાત હોવાનું કહી આ માલ રોકડમાં વેચી દીધો હોવાની કબૂલાત કરી હતી. બાદમાં વેપારીઓને વિશ્વાસમાં રાખવા માટે ડિલિવરી ચલણ રજૂ કરાયા હતા, પરંતુ તપાસમાં આ ચલણ બનાવટી હોવાનું બહાર આવ્યું હોવાનો આક્ષેપ છે.

કાઈમ બ્રાન્ચે બિલમાં દર્શાવાયેલા NVRના સિરિયલ નંબરના આધારે તપાસ હાથ ધરી હતી. NVR સક્રિય થતાં તેની સાથે જોડાયેલા ગ્રાહકના મોબાઈલ અને ઈ-મેઈલ પર મળતા OTPની મદદથી તપાસ ભરૂચની એક હોટલ સુધી પહોંચી હતી. ત્યારબાદ પોલીસે એક ખાનગી કંપની સુધી તપાસ લંબાવી હતી.

કંપનીના માલિકે પોલીસને જણાવ્યું હોવાનું સામે આવ્યું છે કે CCTV સંબંધિત માલ તેમણે અમિત દવે પાસેથી રોકડમાં ખરીદ્યો હતો. આ માહિતી અને અન્ય પુરાવાના આધારે પોલીસે ફરિયાદ નોંધી સમગ્ર નાણાકીય વ્યવહાર, માલની હેરફેર અને બનાવટી દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં બંધારણના ગૌરવનો કરાયો જયઘોષ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવ દિવસે વિકસિત ભારતનો સંકલ્પ દોહરાવ્યો

ડો. આંબેડકરના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો સંદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના અમદાવાદ ખાતે આવેલા ટાગોર હોલમાં ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બંધારણનું મહત્ત્વ, લોકશાહીના મૂલ્યો અને નાગરિકોની જવાબદારીઓ અંગે મહત્ત્વપૂર્ણ વાતો રજૂ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપ હંમેશાં બંધારણને સર્વોચ્ચ માને છે અને અંત્યોદયના ઉત્થાનને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલાં વિવિધ કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો. ખાસ કરીને ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોને જન-જન સુધી પહોંચાડવા માટે કરવામાં આવેલી વિવિધ પહેલોની વાત કરી હતી. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, બંધારણની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલા ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવના જ લોકકલ્યાણકારી શાસનનો પાયો હોવી જોઈએ. આ ચારેય મૂલ્યો લોકશાહીને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મુખ્યમંત્રીએ દેશના નાગરિકોને તેમના બંધારણીય અધિકારોની સાથે મૂળભૂત કર્તવ્યોનું પણ સ્મરણ કરાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દેશના વિકાસ અને લોકશાહીની મજબૂતી માટે દરેક નાગરિકે પોતાની જવાબદારી સમજવી જરૂરી છે.

અમદાવાદમાં યોજાયેલી આ ઉજવણીમાં બંધારણ પ્રત્યે સન્માન વ્યક્ત કરવાની સાથે લોકશાહી મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને વધુ દૃઢ બનાવવાની વાત પણ કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બંધારણનું ગૌરવ, બાબાસાહેબ આંબેડકરના વિચારો અને રાષ્ટ્રના વિકાસનો સંદેશ કેન્દ્રસ્થાને રહ્યો હતો.

નશાના કાળા કારોબાર પર પોલીસનો સપાટો

અમદાવાદના દાણીલીમડામાંથી રૂા.૨.૯૬ લાખનો કોડિન ફોસ્ફેટ કફ સિરપનો જથ્થો ઝડપાયો

પોલીસે એક આરોપીની કરી ધરપકડ; NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં નશાના કાળા કારોબાર પર પોલીસે ... કરયો છે. શહેરમાં નશાકારક પદાર્થોની હેરાફેરી સામે પોલીસ દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા ઢોરબજાર મેદાનમાંથી કોડિન ફોસ્ફેટ કફ સિરપનો મોટો જથ્થો ઝડપાયો છે. પોલીસની કાર્યવાહીમાં મોહમ્મદ અસલમ ઉર્ફે મામા નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

તેની પાસેથી કુલ ૨૫૨ સીલબંધ બોટલો મળી આવી છે, જેની કિંમત ૨,૯૬,૪૦૩ આંકવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, દાણીલીમડા વિસ્તારમાં આવેલા ઢોરબજાર મેદાનમાં કોડિન ફોસ્ફેટ કફ સિરપનો જથ્થો હોવાની પોલીસને બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન મોહમ્મદ અસલમ ઉર્ફે મામાને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી કોડિન ફોસ્ફેટ કફ સિરપની ૨૫૨ સીલબંધ બોટલો કબજે કરી હતી. જપ્ત કરવામાં આવેલા આ જથ્થાની કુલ કિંમત ૨,૯૬,૪૦૩ હોવાનું સામે આવ્યું છે.

કફ સિરપનો આટલો મોટો જથ્થો મળી આવતાં પોલીસ પણ તપાસમાં સક્રિય થઈ છે. આરોપી આ બોટલો ક્યાંથી લાવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

આ મામલે પોલીસે મોહમ્મદ અસલમ ઉર્ફે મામા સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કફ સિરપના જથ્થા પાછળ અન્ય કોઈ વ્યક્તિ કે મોટું નેટવર્ક કાર્યરત છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આરોપી પાસેથી મળેલા જથ્થાના મૂળ સ્ત્રોત અને તેના સંભવિત ખરીદદારો અંગે પોલીસ માહિતી એકત્રિત કરી રહી છે. આ કાળા કારોબારમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને શહેરમાં કફ સિરપનો જથ્થો ક્યાં-ક્યાં પહોંચાડવામાં આવતો હતો તે તપાસનો મુખ્ય વિષય બન્યો છે. અમદાવાદમાં નશાકારક પદાર્થોની હેરાફેરી સામે પોલીસની આ કાર્યવાહીથી આવા ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

ચા પીવા નીકળેલા મિત્રો બન્યા અકસ્માતનો ભોગ

એસ.જી. હાઈવે સોલા બ્રિજ પર કાર પલટી મારતાં યુવકનું મોત : ત્રણને ઈજા

કારમાં સવાર અન્ય ત્રણ યુવકોને ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલા સોલા બ્રિજ પર આજે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બ્રિજ પરથી પસાર થઈ રહેલી આઈ-૧૦ કાર અચાનક પલટી ખાતાં કારચાલક યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. કારમાં સવાર અન્ય ત્રણ યુવકોને ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, કાર સોલા બ્રિજ પરથી પસાર થઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે કાર રસ્તા પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને કારમાં સવાર લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અકસ્મતમાં કારચાલક યુવકને ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અન્ય ત્રણ યુવકોને ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, કારમાં કુલ ચાર મિત્રો સવાર હતા. ચારેય યુવકો રાજસ્થાનના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ અમદાવાદમાં પીજીમાં રહેતા હતા. ચારેય મિત્રો રાત્રે કાર લઈને ચા પીવા માટે નીકળ્યા હતા. દરમિયાન સોલા બ્રિજ પર તેમની કાર અકસ્માતનો ભોગ બની હતી.

અકસ્મતમાં કારચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જયારે અન્ય ત્રણ મિત્રોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બનાવને પગલે એસ.જી. હાઈવે પર થોડા સમય માટે ચક્યારનો માહોલ સર્જાયો હતો.

બોરીસણા નજીક ટેન્કર અટકાવી તપાસ કરતાં ખૂલ્યું રાઝ

કડી નજીક માનવ અને પર્યાવરણ માટે જોખમી એસિડના ગેરકાયદે નિકાલનું ષડયંત્ર ઝડપાયું

ટેન્કર અને જોખમી સ્પેંટ એસિડનો જથ્થો જપ્ત : ચાર સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

કડી તાલુકાના ઈન્દ્રાડ ગામ નજીક આવેલા કમલા અમૃત ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાંથી માનવ જીવન અને પર્યાવરણ માટે જોખમી ગણાતા સ્પેંટ એસિડનો જથ્થો ભરેલું ટેન્કર કથિત રીતે બિનઅધિકૃત નિકાલ માટે લઈ જવામાં આવી રહ્યું હોવાનો મામલો સામે આવ્યો છે. મહેસાણા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ટીમે બાતમીના આધારે ટેન્કરનો પીછો કરી બોરીસણા ગામ નજીક તેને અટકાવી તપાસ હાથ ધરી હતી.

મળેલી માહિતીના આધારે GPCBની ટીમ ઈન્દ્રાડ વિસ્તારમાં વોચમાં હતી. ૨૩ નવેમ્બરે કમલા અમૃત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તરફથી એક ટેન્કર નીકળતાં અધિકારીઓએ તેનો પીછો કર્યો હતો. ટેન્કર અમદાવાદ-મહેસાણા હાઈવે પરથી છત્રાલ બ્રિજ નીચેથી કડી તરફ અને ત્યારબાદ થોળ હાઈવે તરફ આગળ વધ્યું હતું. બોરીસણા ગામ પહેલાં તેને રોકીને તપાસ કરતાં ટેન્કરમાં આછા લાલાશ પડતો પ્રવાહી મળી આવ્યો હતો, જેને પ્રાથમિક તપાસમાં સ્પેંટ એસિડ હોવાનું જણાયું હતું.

ટેન્કરમાંથી એસિડનો નમૂનો વધુ પૃથક્કરણ માટે લેવામાં આવ્યો હતો. ડ્રાઈવર શકીલ નૌશાદ ખાને પૂછપરછ દરમિયાન આ જથ્થો અમદાવાદના રવિ પટેલ મારફતે કચ્છ પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. જોકે, બિલ સિવાય જરૂરી મેનિફેસ્ટ અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. GPCBની વધુ તપાસમાં ટેન્કર ઈન્દ્રાડ સ્થિત સોમનાથ ઈન્ડસ્ટ્રીઝમાંથી નીકળ્યું હોવાનું સામે આવ્યું હતું. ડાઈ અને ડાઈ ઈન્ટરમિડિયેટ્સનું ઉત્પાદન કરતી આ કંપનીને મંજૂર પ્રક્રિયા મુજબ સ્પેંટ એસિડનો મેનિફેસ્ટ મારફતે સિમેન્ટ ઉદ્યોગમાં નિકાલ કરવાનો હોય છે. તેના બદલે એસિડનો ગેરકાયદેસર નિકાલ કરવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપ સાથે ચાર વ્યક્તિઓ સામે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ સહિતની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધાયો છે. આ કેસમાં શૈલેષ એ. પટેલ, સમીર કનકરાય શાહ, ટેન્કર ચાલક શકીલ નૌશાદ ખાન અને રવિ હસમુખ પટેલના નામ ફરિયાદમાં સામેલ કરવામાં આવ્યા છે. પોલીસે આશરે રૂા.૫૫,૩૫૬ કિંમતનો જોખમી એસિડ અને રૂા.૧૫ લાખનું ટેન્કર સહિત કુલ મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

વોટ્સએપ લિંક પર 'NO' દબાવ્યું છતાં ખાતામાંથી રૂા.૯૫,૦૦૦ સાફ !

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વરના અંદાડા વિસ્તારમાં રહેતા અને પાનોલી GIDCની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ૫૧ વર્ષીય વ્યક્તિ સાથે ફોન-પેના નામે સાયબર ઠગાઈ થયાનો બનાવ સામે આવ્યો છે.ઠગોએ વોટ્સએપ પર શંકાસ્પદ લિંક મોકલી બે અલગ-અલગ બેંક ખાતાંમાંથી કુલ રૂા.૯૫ હજારની રકમ ઉપાડી લેતાં ચકચાર મચી છે.ફરિયાદ મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના ગાઝીપુર જિલ્લાના સંતોષકુમાર હરિદ્વાર પોઁ છેલ્લા છ વર્ષથી અંકલેશ્વરના અંદાડા સ્થિત ઇન્દ્રપ્રસ્થ રેસિડેન્સીમાં પરિવાર સાથે રહે છે અને વર્ષ ૨૦૧૦થી પાનોલી GIDCની PI કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.ગત ૧૯ નવેમ્બરના રોજ તેમના વોટ્સએપ પર ફોન-પેના પ્રોફાઈલ આઈકન જેવો દેખાતો મેસેજ આવ્યો હતો. જેમાં ટ્રાન્ઝેકશન મેસેજ ચાલુ રાખવા માટે લિંક ખોલી રૂા.૧૦ જમા કરાવવાની સૂચના આપવામાં આવી હતી. મેસેજમાં YES અને NOના વિકલ્પ હતા. તેમણે NO પર ક્લિક કર્યા બાદ Continue વિકલ્પ પસંદ કર્યો હતો.ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ શાકભાજી ખરીદતી વખતે રૂા.૧૦૦નું પેમેન્ટ કરવા જતાં ટ્રાન્ઝેકશન થયું નહોતું. બેલેન્સ તપાસતાં યુનિયન બેંકના ખાતામાં રૂા.૯૦,૦૪૩માંથી માત્ર રૂા.૪૩ અને એક્સિસ બેંકના ખાતામાં રૂા.૫,૪૪૬માંથી માત્ર રૂા.૪૪૬ બાકી હોવાનું જણાયું હતું. આમ, બંને ખાતાંમાંથી કુલ રૂા.૯૫,૦૦૦ની રકમ ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે તેમણે તાત્કાલિક ૧૯૩૦ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બંને બેંકોમાં જઈ તપાસ કરતાં પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતાં પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ધારાસભ્ય કૌશિક વેકરિયાની રજૂઆતને સફળતા

અમરેલીની ઐતિહાસિક ધરોહર 'ગઢની રંગ'ના રિનોવેશન માટે રૂા.૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૬

અમરેલી શહેરની મધ્યમાં આવેલી રાજાશાહી વખતની ઐતિહાસિક ધરોહર 'ગઢની રંગ'ના રિનોવેશન અને રિસ્ટોરેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અમરેલી, વડિયા અને કુંકાવાવના ધારાસભ્ય તથા મંત્રી કૌશિક વેકરિયાની સતત રજૂઆતોના પરિણામે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગઢની રંગની સામે આવેલી ઠેબી નદીના કિનારે સરકાર દ્વારા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પણ વિકસાવવામાં આવી રહ્યો છે. ત્યારે રિવરફ્રન્ટની સાથે ઐતિહાસિક ગઢની રંગનો વિકાસ થવાથી સમગ્ર વિસ્તારની સુંદરતામાં વધારો થશે. આ ઉપરાંત તુલસીશ્યામ અને આંબરડી સફારી પાર્કની મુલાકાતે આવતા પ્રવાસીઓને અમરેલીના ઐતિહાસિક વારસાને નિહાળવાની નવી તક મળશે. આ પ્રોજેક્ટથી જિલ્લામાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળવાની સાથે સ્થાનિક સ્તરે આર્થિક વિકાસ અને રોજગારીની નવી તકો ઊભી થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બદલ મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

Change of Name

OLD NAME :
FAZALMAHMAD ZANMAHMOD MEMON
NEW NAME
FAZALMAHAMAD J MEMON

ADDRESS: R/O-64, KIFAYATNAGAR, SAVGADH, TA. HIMATNAGAR, DIST, SABARKANTHA, GUJARAT-383220

નામ બદલેલ છે

મેં મારૂં નામ
શેખ પરવીન સલીમભાઇમાંથી
બદલીને
શેખ પરવીનબાનુ સલીમભાઇ
રાખ્યું છે

એફેડેવિટ :- **2** તવક્કલ પાર્ક, **Nr.** ઉસ્માની હારૂની સોસાયટી વેજલપુર અમદાવાદ **380051**

UPPSC APO પરીક્ષા રદ, યોગી સરકારને ઝટકો અખિલેશ બોલ્યા- અનામત વિરોધી ભાજપ ખુલ્લો પડ્યો

અલ્હાબાદ હાઈકોર્ટે યુપી APO પરીક્ષા ૨૦૨૫નું પરિણામ રદ કરી દીધું છે, હવે સમગ્ર પ્રક્રિયા નવેસરથી થશે, આ ૨૨મી પરીક્ષા છે જેને રદ કરવામાં આવી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે અનામત અને નોકરીના મુદ્દે ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે

(એજન્સી) તા.૨૬

અલ્હાબાદ હાઈકોર્ટે ૨૫ નવેમ્બરના રોજ APO પ્રારંભિક પરીક્ષા-૨૦૨૫નું પરિણામ રદ કર્યું. જસ્ટિસ મનીષ કુમાર નિગમની એકલ પીઠે ઉત્તર પ્રદેશ લોક સેવા આયોગ (UPPSC)ને નવેસરથી મેરિટ યાદી તૈયાર કરવા અને સુધારેલા પરિણામના આધારે મુખ્ય પરીક્ષા ફરીથી કરાવવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે અનરક્ષિત એટલે કે ઓપન કેટેગરી માત્ર સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અનામત નથી. તેમાં તમામ વર્ગના ઉમેદવારો મેરિટના આધારે સ્થાન મેળવવા માટે પાત્ર છે. આ મામલે ઉત્તરપ્રદેશ લોક સેવા આયોગના સોગંદનામા પરથી સામે આવ્યું હતું કે ૩૨૧ ઓબીસી અને ૪૩ એસસી ઉમેદવારોએ અનરક્ષિત શ્રેણીના અંતિમ પસંદગી પામેલા ઉમેદવાર કરતાં વધુ ગુણ મેળવ્યા હતા. આમ છતાં તેમને તેમની અનામત શ્રેણીમાં જ રાખવામાં આવ્યા હતા. હાઈકોર્ટે યુપી લોકસેવા આયોગના ૯ જાન્યુઆરી ૨૦૨૦ના કાર્યાલય મેમોરેન્ડમને પણ રદ કરી દીધું, જે અંતર્ગત અનામત વર્ગના મેરિટોરિયસ ઉમેદવારોને અનરક્ષિત શ્રેણીમાં સામેલ કરવાનો લાભ માત્ર અંતિમ પસંદગીના તબક્કામાં આપવાની વ્યવસ્થા હતી. અદાલતે કહ્યું કે ભરતીના દરેક તબક્કામાં ઓપન કેટેગરી તમામ વર્ગો માટે ખુલ્લી રહેવી જોઈએ. અનામત વર્ગના કોઈ ઉમેદવારને માત્ર તેની જાતિગત શ્રેણીના આધારે અનરક્ષિત યાદીમાંથી બહાર રાખવું એ સમાનતાના બંધારણીય સિદ્ધાંતોની વિરુદ્ધ છે.અલ્હાબાદ હાઈકોર્ટનો આ નિર્ણય યુપીની ભાજપ સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ માટે મોટો ઝટકો છે. આનાથી સરકારનું અનામત વિરોધી વલણ પણ સામે આવી ગયું છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે આસિસ્ટન્ટ પ્રોસિક્યુશન ઓફિસર (APO) પ્રારંભિક પરીક્ષા-૨૦૨૫નું પરિણામ અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવવા પર ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે ભાજપ સરકારમાં અનામતના નિયમોની અવગણના કરવામાં આવી અને યુવાનોને નોકરી આપવાને બદલે ભરતી પ્રક્રિયાને વિવાદોમાં ગૂંચવવામાં આવી રહી છે. અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ગુરુવાર ૨૬ નવેમ્બરના રોજ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું કે સાચા ન્યાયનું એક સ્વરૂપ અન્યાયને રોકવું પણ હોય છે. તેમણે હાઈકોર્ટના નિર્ણયને અનામતની હકમારી રોકનારું પગલું ગણાવતા કહ્યું કે અદાલતે ભાજપના અનામત વિરોધી ચહેરા પરથી નકાબ હટાવીને તેનું સત્ય સામે લાવી દીધું છે. અખિલેશ યાદવે દાવો કર્યો કે ભાજપ સરકારના કાર્યકાળમાં ઉત્તરપ્રદેશમાં રદ થનારી આ ૨૨મી પરીક્ષા છે. તેમણે કહ્યું કે ભાજપ સરકાર જાણતી હતી કે APO ભરતીનો મામલો અદાલતમાં ટકી શકશે નહીં અને પરીક્ષા રદ થઈ જશે. સપા અધ્યક્ષે આરોપ લગાવ્યો કે સરકારની મંશા નોકરી આપવાની નહોતી, કારણ કે પરીક્ષા રદ થવાથી ન નોકરી આપવી પડશે, ન અનામતનો લાભ આપવો પડશે અને ન તો કોઈને પગાર આપવો પડશે.તેમણે પોતાના નિવેદનમાં કહ્યું, "નોકરી ભાજપના એજન્ડામાં છે જ નહીં." અખિલેશ યાદવે કહ્યું કે તેમની પાર્ટી સતત યુવાનોના રોજગાર અને ભરતી પ્રક્રિયાઓમાં પારદર્શિતાનો મુદ્દો ઉઠાવતી રહી છે. APO પરીક્ષાનું પરિણામ રદ થવું એ વાતનું ઉદાહરણ



છે કે ભરતી પ્રક્રિયામાં નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નથી. અખિલેશ યાદવે કહ્યું કે મેરિટના આધારે અનરક્ષિત યાદીમાં સ્થાન મેળવવા માટે પાત્ર પછાત અને દલિત ઉમેદવારોને તેમની અનામત શ્રેણી પૂરતા મર્યાદિત રાખવું એ PDA (પછાત, દલિત અને લઘુમતી)ના અધિકારો પર પ્રહાર છે. તેમણે આરોપ લગાવ્યો કે અનામત વર્ગના એવા ઉમેદવારોને સામાન્ય શ્રેણીની મેરિટ યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી, જેમણે સામાન્ય શ્રેણીના કટઓફ કરતાં વધુ ગુણ મેળવ્યા હતા. અખિલેશ યાદવે કહ્યું કે અનામતના નિયમો અને મેરિટના સિદ્ધાંતોનું પાલન ન થવાથી યોગ્ય ઉમેદવારો સાથે અન્યાય થયો છે. ૫૦ હજારથી વધુ ઉમેદવારોની મહેનતનું શું થશે? અખિલેશ યાદવે APO પરીક્ષામાં સામેલ ૫૦ હજારથી વધુ ઉમેદવારો અને તેમના પરિવારોની મહેનત, સમય અને આશાઓને લઈને સવાલો ઉઠાવ્યા. તેમણે પૂછ્યું કે પરીક્ષાની તૈયારીમાં ઉમેદવારો અને તેમના માતા-પિતાએ જે પૈસા ખર્ચ કર્યા, તેની જવાબદારી કોણ લેશે ? હવે ફરીથી પરીક્ષા થવાની સ્થિતિમાં ઉમેદવારોને ફરીથી ખર્ચ અને માનસિક તણાવનો સામનો કરવો પડશે. સપા અધ્યક્ષે કહ્યું કે અભ્યાસ અને પરીક્ષાની તૈયારી માટે માતા-પિતા પોતાની કમાણી લગાવે છે. આવી સ્થિતિમાં ભરતી પ્રક્રિયામાં થયેલી ભૂલનો બોજ ઉમેદવારો પર નાખવો યોગ્ય નથી. તેમણે ભાજપ સરકારને આ સમગ્ર મામલા માટે જવાબદાર ઠેરવતા કહ્યું કે સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. અખિલેશ યાદવે કહ્યું કે ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર બનવા પર ભરતીના દરેક તબક્કામાં અનામત અને મેરિટના નિયમોનું યોગ્ય પાલન સુનિશ્ચિત કરવામાં આવશે. તેમણે દાવો કર્યો કે તેમની પાર્ટી એવી વ્યવસ્થા બનાવશે, જેમાં યુવાનોને પોતાના અધિકારો માટે વારંવાર અદાલતનો દરવાજો ખખડાવવો નહીં પડે. અખિલેશ યાદવે પોતાના નિવેદનના અંતમાં ભાજપ વિરુદ્ધ રાજકીય નારો આપતા કહ્યું, "ભાજપ હટાવો, નોકરી પાઓ!" જોકે, APO પરીક્ષાનું પરિણામ રદ થયા બાદ હવે ઉત્તરપ્રદેશ લોક સેવા આયોગને અદાલતના નિર્દેશો અનુસાર સુધારેલી મેરિટ યાદી તૈયાર કરવી પડશે અને તેના આધારે મુખ્ય પરીક્ષા ફરીથી યોજવી પડશે. આ નિર્ણયે પ્રદેશમાં ભરતી પ્રક્રિયા, અનામત અને યુવાનોના રોજગારને લઈને રાજકીય ચર્ચાને ફરી એકવાર તેજ કરી દીધી છે.

મુસાફરે ટ્રેનના AC કોચની અંદર દીવો પ્રગટાવ્યો, શંખ ફૂંક્યો અને પૂજા કરી; ભારતીય રેલવેએ વીડિયોની તપાસ માટે વિગતો માંગી

(એજન્સી) તા.૨૬

ભારતમાં ટ્રેનની મુસાફરી ઘણીવાર વિવિધ પ્રદેશો, સંસ્કૃતિઓ અને ધાર્મિક પૃષ્ઠભૂમિના લોકોને એકસાથે લાવે છે. ક્યારેક આપણે મુસાફરોને તેમના લાડુ ગોપાલ સાથે લઈ જતા જોઈએ છીએ, તો કેટલાક તેમની સંપૂર્ણ પૂજા સામગ્રી સાથે જોવા મળે છે પરંતુ જ્યારે કોઈ વ્યક્તિગત પ્રવૃત્તિ ટ્રેનમાં સવાર દરેક વ્યક્તિની સુરક્ષા સાથે ચેડાં કરે છે, ત્યારે તે ચિંતાનો વિષય બની જાય છે. તાજેતરમાં, એક એર-કન્ડિશન્ડ ટ્રેન કોચની અંદર મુસાફર દ્વારા દીવો પ્રગટાવતો અને શંખ વગાડતો એક વીડિયો ઇન્ટરનેટ પર વાયરલ થયો છે અને તેનાથી મુસાફરોની સુરક્ષા અને નાગરિક સમજ (સિવિક સેન્સ) પર ચર્ચા છેડાઈ છે. દેખીતી રીતે એક સહ-મુસાફર દ્વારા શૂટ કરાયેલો આ નાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે. તેમાં કાળા પેન્ટ કે ધોતી પહેરેલો એક મુસાફર ચાલતી ટ્રેનની અંદર ધાર્મિક વિધિઓ કરતો જોવા મળે છે, જેમાં કથિત રીતે ખુલ્લી જ્યોતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ બંધ રેલવે કમ્પાર્ટમેન્ટમાં દીવા પ્રગટાવવા અને અગરબત્તી/ધૂપ બાળવાના જોખમો અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

વીડિયો પર પ્રતિક્રિયા આપતા ભારતીય રેલવેએ સંજોગો સ્થાપિત કરવા અને મામલાની તપાસ કરવા માટે મુસાફરીની તારીખ, ટ્રેન નંબર અને પેસેન્જર નેમ રેકોર્ડ નંબર સહિતની વિગતો માંગી છે. રેલવેએ મુસાફરોને તેના 'રેલમદદ' પ્લેટફોર્મ અથવા સંકલિત હેલ્પલાઇન નંબર ૧૩૯ દ્વારા અન્ય લોકોને જોખમમાં મૂકી શકે તેવી પ્રવૃત્તિઓની જાણ કરવા પણ વિનંતી કરી છે.

'આ મામલે યોગ્ય તપાસ અને જરૂરી કાર્યવાહી માટે, કૃપા કરીને નીચેની વિગતો આપો: ઘટનાની તારીખ અને સમય, ટ્રેન નં., (PNR/UTS નં.) અને તમારો મોબાઇલ નંબર. ઝડપી નિરાકરણ માટે, તમે તમારી ફરિયાદ સીધી https://railmadad.indianrailways.gov.in પર પણ નોંધાવી શકો છો અથવા ઝડપી ઉકેલ માટે ૧૩૯ ડાયલ કરી શકો છો.'

ચોક્કસપણે ટ્રેન કોચ એ ઘર કે પૂજાનું સ્થળ નથી. ટ્રેન કોચ એ હલનચલન માટે મર્યાદિત જગ્યા ધરાવતી એક બંધ જગ્યા છે જ્યાં મુસાફરો



સુવે છે, સામાન રાખે છે અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો ચાર્જ કરે છે. પથારી, પડદા અથવા કપડાંની નજીક રાખેલી ખુલ્લી જ્યોત આગનું સંભવિત જોખમ બની શકે છે.

લાંબા અંતરની મુસાફરી દરમિયાન આ ચિંતા ખાસ કરીને મહત્ત્વપૂર્ણ બની જાય છે, જ્યારે મુસાફરો આરામ કરતા હોય અથવા સૂતા હોય અને તરત જ ધુમાડો કે જ્યોત જોઈ ન શકે. ચાલતી ટ્રેનની અંદર આગ લાગવાથી વધારાના પડકારો પણ ઊભા થઈ શકે છે કારણ કે, મુસાફરો સરળતાથી બહાર નીકળી શકતા નથી અથવા અસરગ્રસ્ત વિસ્તારથી દૂર જઈ શકતા નથી.

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા પ્રકાશિત આપત્તિ-વ્યવસ્થાપન દસ્તાવેજમાં રેલવે કોચમાં આગ લાગવાના સંભવિત કારણોમાં કાગળ, લાકડું, પેટ્રોલ અથવા અન્ય જ્વલનશીલ વસ્તુઓની નજીક આગ પ્રગટાવવી, રસોઈના સ્ટવ અને ગેસ સિલિન્ડર લઈ જવા અને સળગતી દીવાસળી તથા સિગારેટના ઠૂંઠા બેદરકારીપૂર્વક ફેંકવાનો સમાવેશ થાય છે.

૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોની એક અખબારી યાદીમાં, રેલવે મંત્રાલયે તેના સમગ્ર નેટવર્કમાં આગની ઘટનાઓને રોકવા અને તેનું સંચાલન કરવા માટે અમલમાં મૂકાયેલા અનેક પગલાંની રૂપરેખા આપી હતી.

મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારતીય રેલવે દરેક કોચમાં ઓછામાં ઓછા બે અગ્નિશામક યંત્રો (ફાયર એક્સટિંગ્વિશર) પૂરા પાડે છે. લાગુ પડતી માર્ગદર્શિકા મુજબ કોચમાં આગ અને ધુમાડો શોધવાની સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવી છે. બહાર નીકળવાની સુવિધા માટે ઇમરજન્સી બારીઓ આપવામાં આવી છે, જ્યારે સીટો, બર્થ, પેનલ, ફ્લોરિંગ, ઇન્સ્યુલેશન અને શૌચાલયો માટે અગ્નિરોધક (ફાયર-રિટાર્ડન્ટ) સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. રેલવેએ પાવર કાર અને પેન્ટ્રી કારના આગ-સંભવિત વિસ્તારોમાં ફાયર-ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ પણ રજૂ કરી છે. પેન્ટ્રી અને પાવર કારમાં તબક્કાવાર રીતે વોટર-મિસ્ટ ફાયર એક્સટિંગ્વિશર પૂરા પાડવામાં આવી રહ્યા છે. આ પગલાં જોખમો ઘટાડવા અને કટોકટીની તૈયારી સુધારવા માટે બનાવવામાં આવ્યા છે. જો કે, જો મુસાફરો મૂળભૂત સાવચેતીઓની અવગણના કરે તો માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સાધનો સુરક્ષાની ખાતરી આપી શકતા નથી.

તાજેતરની ઘટના એ પણ દર્શાવે છે કે, મુસાફરોએ તેમની મુસાફરી દરમિયાન જોવા મળતી સંભવિત જોખમી પ્રવૃત્તિઓને શા માટે અવગણવી જોઈએ નહીં.

મુસાફરો સત્તાવાર 'રેલમદદ' પોર્ટલ દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે. તેનું ઓનબોર્ડ ફરિયાદ ફોર્મ ફરિયાદના વર્ણન સાથે ટ્રેન નંબર, PNR, ઘટનાની તારીખ, કોચ અને બર્થની વિગતો સહિત મુસાફરી સંબંધિત માહિતી માંગે છે. તે માન્ય ફોર્મેટમાં સહાયક ફોટોગ્રાફ્સ અથવા વીડિયો અપલોડ કરવાનો વિકલ્પ પણ પૂરો પાડે છે. ૧૩૯ હેલ્પલાઇન ખાસ કરીને એવા મુસાફરો માટે ઉપયોગી છે જેમને મુસાફરી કરતી વખતે સહાયની જરૂર હોય અને તેમની પાસે કમ્પ્યુટર કે ઇન્ટરનેટ કનેક્શન ન હોય. વિવિધ મુસાફર સહાય અને ફરિયાદ સેવાઓને એક જ નંબર હેઠળ લાવવા માટે તેને સંકલિત રેલવે હેલ્પલાઇન તરીકે રજૂ કરવામાં આવી હતી.

આ વાયરલ વીડિયો એક યાદ અપાવે છે કે, ધાર્મિક પ્રથાઓ અને અંગત માન્યતાઓનું સન્માન થવું જોઈએ પરંતુ તેનો અમલ અન્ય લોકોની કાળજી રાખીને પણ થવો જોઈએ. નિયંત્રિત વાતાવરણમાં હાનિકારક ન લાગતો દીવો ચાલતી ટ્રેનની અંદર ગંભીર જોખમ બની શકે છે.

સરકારે નેટફ્લિક્સને ચેતવણી આપી - ભારતમાં પાક કન્ટેન્ટ ન બતાવો; ફવાદ ખાનની સીરીઝ પર વિવાદ

ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલયે ફવાદ ખાન અને માહિરા ખાનની આગામી સીરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો'ની રિલીઝ પહેલાં નેટફ્લિક્સને જારી કરેલી એડવાઈઝરીમાં ગયા વર્ષે ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલાનો ઉલ્લેખ કર્યો છે

(એજન્સી) તા.૨૬

પાકિસ્તાની વેબ સીરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો'ની ભારતમાં સંભવિત રિલીઝ પરના વિવાદ વચ્ચે ભારત સરકારે નેટફ્લિક્સને પાકિસ્તાની કન્ટેન્ટ અંગે ચેતવણી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને મે ૨૦૨૫ની એડવાઈઝરીનું પાલન કરવા અને પાકિસ્તાનમાં બનેલા કોઈપણ કન્ટેન્ટને ભારતમાં ન બતાવવા કહ્યું છે. આ નિર્દેશ પાકિસ્તાની વેબ સીરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો'ની ભારતમાં સંભવિત રિલીઝ અંગે મળેલી ફરિયાદો બાદ આપ્યો છે. સીરીઝમાં ફવાદ ખાન, માહિરા ખાન અને સનમ સઈદ મુખ્ય ભૂમિકામાં છે. તેને ૪ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ રિલીઝ કરવામાં આવનાર છે. આ દરમિયાન ભારતીય ફિલ્મ સંગઠનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સીરીઝ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને ૮ મે ૨૦૨૫ના રોજ જારી કરાયેલી પોતાની એડવાઈઝરીની યાદ અપાવી છે. મંત્રાલયે કહ્યું છે કે નેટફ્લિક્સ જૂન ૨૦૨૫માં સરકારને આપેલા પોતાના તે આશ્વાસન પર કાયમ રહે, જેમાં તેણે કહ્યું હતું કે ભારતમાં તેના દર્શકો માટે પાકિસ્તાનમાં બનેલી કોઈ ફિલ્મ કે વેબ સીરીઝ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી નથી. નેટફ્લિક્સ પોતાની પ્રથમ પાકિસ્તાની ઓરિજિનલ વેબ સીરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો' રિલીઝ કરવા જઈ રહ્યું છે. આ સીરીઝનું ટ્રેલર રિલીઝ થયા બાદ ભારતમાં તેની રિલીઝને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને ૮ મે ૨૦૨૫ની એડવાઈઝરીનું પાલન કરવા કહ્યું. આ એડવાઈઝરી પહલગામમાં ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ થયેલા આતંકી હુમલા બાદ જારી કરવામાં આવી હતી. તે હુમલામાં ૨૬ લોકોની હત્યા થઈ હતી. ત્યારબાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો અને ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ લશ્કરી કાર્યવાહી કરી હતી. મંત્રાલયની તે સમયે જારી કરાયેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં થયેલા અનેક આતંકી હુમલાઓના તાર પાકિસ્તાન સ્થિત સરકારી અને બિન-સરકારી તત્વો સાથે જોડાયેલા મળી આવ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપતા મંત્રાલયે ભારતમાં કાર્યરત OTT પ્લેટફોર્મ, મીડિયા સ્ટ્રીમિંગ સેવાઓ અને ડિજિટલ મધ્યસ્થીઓને પાકિસ્તાનમાં બનેલા કન્ટેન્ટને તાત્કાલિક હટાવવા અથવા ઉપલબ્ધ કરાવવાનું બંધ કરવા કહ્યું હતું. આ નિર્દેશમાં માત્ર વેબ સીરીઝ અને ફિલ્મોને જ નહીં, પરંતુ ગીતો, પોડકાસ્ટ અને અન્ય ડિજિટલ સામગ્રીને પણ સામેલ કરવામાં આવી હતી. આ પ્રતિબંધ સબસ્ક્રિપ્શન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા કન્ટેન્ટની સાથે-સાથે અન્ય માધ્યમો પર ઉપલબ્ધ સામગ્રી પર પણ લાગુ હોવાનું જણાવવામાં આવ્યું હતું. જૂન ૨૦૨૫માં નેટફ્લિક્સે મંત્રાલયને જણાવ્યું હતું કે તેણે ભારતમાં પોતાના ગ્રાહકો માટે પાકિસ્તાનમાં બનેલી કોઈ ફિલ્મ કે સીરીઝ ઉપલબ્ધ કરાવી નથી. હવે મંત્રાલયે કંપનીને તે જ સ્થિતિ જાળવી રાખવા કહ્યું છે. 'જો બચે હૈં સંગ સમેટ લો' નેટફ્લિક્સની પાકિસ્તાનમાં બનેલી પ્રથમ ઓરિજિનલ વેબ સીરીઝ છે. તેમાં પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન, માહિરા ખાન અને સનમ સઈદની સાથે હાનિયા આમિર, અહદ રઝા મીર અને ઇકરા અઝીઝ પણ જોવા મળશે. આ સીરીઝ લેખિકા ફરહત ઇશ્તિયાકની આ જ નામની લોકપ્રિય ઉર્દૂ નવલકથા પર આધારિત છે. તેની વાર્તા પ્રેમ, સંબંધો અને જીવનમાં મુશ્કેલીઓ બાદ આગળ વધવા જેવા વિષયોની આસપાસ ફરે છે. વાર્તામાં અલગ-અલગ પેઢીઓની ઘણી પ્રેમ કહાનીઓ બતાવવામાં આવી છે. નેટફ્લિક્સે તેનું ટ્રેલર રિલીઝ કરી દીધું છે અને સીરીઝની રિલીઝની તારીખ ૪ ડિસેમ્બર ૨૦૨૬ નક્કી કરી છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે તેને ભારતમાં પણ સ્ટ્રીમ કરવામાં આવશે કે તે પાકિસ્તાન અને અન્ય આંતરરાષ્ટ્રીય બજારો પૂરતી જ સીમિત રહેશે. મંત્રાલયના તાજા નિર્દેશ બાદ ભારતમાં તેની રિલીઝ થવાની સંભાવના પર સવાલો ઊભા થયા છે. નેટફ્લિક્સે ભારતમાં તેની ઉપલબ્ધતા અંગે કોઈ સ્પષ્ટ જાહેરાત કરી નથી. સીરીઝનું ટ્રેલર સામે આવ્યા બાદ ભારતીય ફિલ્મ ઉદ્યોગના બે સંગઠનો - ઓલ ઇન્ડિયન સિને વર્કર્સ એસોસિએશન એટલે કે AICWA અને ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ એટલે કે FWICEએ તેનો વિરોધ કર્યો છે. AICWAએ ૨૪ નવેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેટફ્લિક્સ ઇન્ડિયાને પત્ર લખીને સીરીઝની ભારતમાં રિલીઝ રોકવાની માંગ કરી હતી. સંગઠને કહ્યું કે પાકિસ્તાનમાં



બનેલી ફિલ્મો, વેબ સીરીઝ, ગીતો અને અન્ય મનોરંજન સામગ્રી ભારતીય દર્શકો માટે ઉપલબ્ધ કરાવવી જોઈએ નહીં. સંગઠને પાકિસ્તાની કલાકારોના ભારતમાં કામ કરવા પર કાયમી પ્રતિબંધ મૂકવા માટે એક મજબૂત કાયદો બનાવવાની માંગ પણ કરી. તેનો તર્ક છે કે જ્યારે સરકારે પાકિસ્તાનમાં બનેલા કન્ટેન્ટ અંગે એડવાઈઝરી જારી કરી છે તો કોઈપણ આંતરરાષ્ટ્રીય OTT પ્લેટફોર્મે પણ તેનું પાલન કરવું જોઈએ. AICWAએ પાકિસ્તાની કલાકારોના કેટલાક જૂના નિવેદનો અને ભારત-પાકિસ્તાન તણાવ દરમિયાન તેમના વલણ સામે પણ વાંધો ઉઠાવ્યો છે. સંગઠને ભારતીય દર્શકોને નેટફ્લિક્સનું સબસ્ક્રિપ્શન રદ કરવાની અપીલ કરી અને કહ્યું કે જો સીરીઝ ભારતમાં બતાવવામાં આવશે તો તે કંપનીની ઓફિસની બહાર પ્રદર્શન અને દેશવ્યાપી બહિષ્કાર અભિયાન ચલાવી શકે છે. FWICEએ ૨૫ નવેમ્બરના રોજ જારી કરેલા નિવેદનમાં સીરીઝની ભારતમાં સંભવિત રિલીઝ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી. સંગઠને વડાપ્રધાન મોદીને પત્ર લખીને તેમને હસ્તક્ષેપ કરવા અને સંબંધિત મંત્રાલયોને આ મામલાની તપાસ કરી યોગ્ય પગલાં ભરવા વિનંતી કરી. FWICEએ પોતાની માંગના સમર્થનમાં ૮ મે ૨૦૨૫ની સરકારી એડવાઈઝરીનો ઉલ્લેખ કર્યો. સંગઠને કહ્યું કે જ્યારે સરકાર પહેલેથી જ પાકિસ્તાનમાં બનેલા કન્ટેન્ટને ભારતમાં સ્ટ્રીમ ન કરવાનો નિર્દેશ આપી ચૂકી છે તો કોઈપણ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મે તેનાથી વિપરીત કામ કરવું જોઈએ નહીં. FWICEએ પાકિસ્તાની કલાકારો, ગાયકો, સંગીતકારો, ટેકનિશિયનો અને મનોરંજન સંસ્થાઓ સાથે વ્યાવસાયિક અને વ્યવસાયિક સહયોગનો સતત વિરોધ કરવાની વાત દોહરાવી. સંગઠને પોતાના સભ્ય સંગઠનો અને ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોને કહ્યું કે તેઓ પાકિસ્તાની કલાકારો અને સંસ્થાઓ સાથે ફિલ્મો, ટેલિવિઝન, વેબ સીરીઝ, મ્યુઝિક વીડિયો અને ઓનલાઈન પ્રોજેક્ટમાં કામ ન કરે. તેણે પાકિસ્તાની વ્યક્તિઓ અથવા સંસ્થાઓ તરફથી આયોજિત સંગીત કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મનોરંજન કાર્યક્રમોમાં ભાગ લેવા, તેમને પ્રાયોજિત કરવા અથવા તેમનો પ્રચાર કરવાથી પણ બચવાની અપીલ કરી. FWICEએ કહ્યું કે વ્યાવસાયિક હિતોને રાષ્ટ્રીય ભાવનાઓ અને સુરક્ષા કરતાં ઉપર રાખી શકાય નહીં. સંગઠનના નિવેદન પર તેના મુખ્ય સલાહકાર અશોક પંડિત, અધ્યક્ષ બી.એન. તિવારી, મહાસચિવ અશોક દુબે અને ખજાનચી ગંગેશ્વરલાલ શ્રીવાસ્તવના હસ્તાક્ષર છે. ભારતીય ફિલ્મ સંગઠનોની માંગ પર પાકિસ્તાનના એક મંત્રી અહસાન ઇકબાલે પ્રતિક્રિયા આપી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું કે ભારતમાં રમતગમત, પાણી અને હવે કલા તથા સંસ્કૃતિને પણ રાજકીય વિવાદમાં ખેંચવામાં આવી રહ્યા છે. ઇકબાલે કહ્યું કે ક્રિકેટ મેચને રાજકીય ખતરો અને ટેલિવિઝન ડ્રામાને રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો માનવો એ અસુરક્ષાની ભાવના દર્શાવે છે. તેમણે ભારતને કહ્યું કે કલાકારોને પોતાનું કામ કરવા દેવું જોઈએ અને દર્શકોને એ નક્કી કરવા દેવું જોઈએ કે તેઓ શું જોવા માંગે છે. એક અન્ય પોસ્ટમાં તેમણે આ સીરીઝને પાકિસ્તાનના ડ્રામા ઉદ્યોગ અને સાંસ્કૃતિક નિકાસ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી. તેમના મતે નેટફ્લિક્સની પ્રથમ પાકિસ્તાની ઓરિજિનલ સીરીઝ બનવી એ પાકિસ્તાનના મનોરંજન ઉદ્યોગ માટે એક મોટી તક છે. જોકે, ભારતમાં આ સીરીઝને બતાવવી કે ન બતાવવી તેનો નિર્ણય ભારતીય સરકારની એડવાઈઝરી અને લાગુ નિયમોના દાયરામાં રહેશે.

બંધારણના ૭૭ વર્ષ : સંસ્થાઓની સ્વાયત્તતા કેવી રીતે નબળી પડી

બંધારણ ઘડનારાઓની મોટી ચિંતા હતી કે, શાસન કરનારાઓ પર અંકુશ કોણ રાખશે, બંધારણને સ્વીકાર્યાના ૭૭ વર્ષ પછી ભારતીય ગણતંત્રની સૌથી ગંભીર ચિંતાઓમાં આ સંસ્થાકીય સંતુલનનો ક્ષય છે, તેની ઐતિહાસિક યાત્રાને જોઈએ તો ખબર પડે છે કે, આજે જે બંધારણીય વિચલનો પર વિવાદ છે, તેમાંના અનેકની પૂર્વપીઠિકા ગણતંત્રના પ્રારંભિક વર્ષોમાં જ તૈયાર થવા લાગી હતી

(એજન્સી) તા.૨૬

બંધારણ કેટલું પણ સારું કેમ ન હોય, તેને ચલાવનારા લોકો ખરાબ છે તો તે ખરાબ સાબિત થશે. બંધારણ કેટલું પણ ખરાબ કેમ ન હોય, તેને ચલાવનારા લોકો સારા છે તો તે સારું સાબિત થઈ શકે છે. - ડૉ. બીઆર આંબેડકર, બંધારણ સભા, ૨૫ નવેમ્બર, ૧૯૪૯ બંધારણની સફળતાનો સૌથી વિશ્વસનીય પ્રમાણ એ છે કે, સત્તામાં બેઠેલા લોકો પોતાના માટે અસુવિધાજનક થઈ જવા છતાં પણ તેનું કેટલું સન્માન કરે છે. બંધારણનું વાસ્તવિક જીવન તેના અનુચ્છેદોમાંથી ઝરીને એ સંસ્થાઓના વ્યવહારમાં કલ-કલ વહે છે, જેમને તેની આત્માની રક્ષાનું ઉત્તરદાયિત્વ સોંપવામાં આવ્યું છે. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આપણી બંધારણ સભાએ મનુષ્યની સત્તા-લિપ્સાના લાંબા ઐતિહાસિક અનુભવોમાંથી પસાર થઈને એવી વ્યવસ્થા નિર્મિત કરી હતી, જેમાં શાસન કરવાની શક્તિ સાથે શાસન કરનારાઓને નિયંત્રિત કરવાની શક્તિઓ પણ નિહિત હતી. બંધારણ ઘડનારાઓની ક્યાંક મોટી ચિંતા હતી કે, શાસન કરનારાઓ પર અંકુશ કોણ રાખશે. બંધારણને સ્વીકાર્યાના ૭૭ વર્ષ પછી ભારતીય ગણતંત્રની સૌથી ગંભીર ચિંતાઓમાં આ સંસ્થાકીય સંતુલનનો ક્ષય છે. તેની ઐતિહાસિક યાત્રાને જોઈએ તો ખબર પડે છે કે, આજે જે બંધારણીય વિચલનો પર વિવાદ છે, તેમાંના અનેકની પૂર્વપીઠિકા ગણતંત્રના પ્રારંભિક વર્ષોમાં જ તૈયાર થવા લાગી હતી.

ત્રણ ઓગસ્ટ, ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં એ પ્રારૂપ અનુચ્છેદ પર ચર્ચા થઈ, જેને આજે આપણે અનુચ્છેદ ૩૫૬ના રૂપમાં જાણીએ છીએ. આંબેડકરને આશા હતી કે, રાજ્યોમાં બંધારણીય તંત્રની નિષ્ફળતા સાથે સંબંધિત આ જોગવાઈ ભાગ્યે જ ક્યારેય વપરાશે અને બંધારણમાં નિષ્પ્રાણ ઉપબંધ બનીને રહી જશે. પરંતુ બંધારણ લાગુ થયાના દો

MSUના પૂર્વ વિદ્યાર્થી દ્વારા સત્તાધીશો પર ગંભીર આક્ષેપ પાંચ વર્ષ ધક્કા ખવડાવ્યા, RTI કરતા ડિગ્રી આપી

એસ.સી. હોવાને પગલે યુવાનને હેરાન કરાયો હોવાનો આરોપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૬

અભ્યાસ પૂરો થઈ ગયા બાદ પાંચ વર્ષ સુધી ડિગ્રી માટે ધક્કા ખવડાવ્યા બાદ આરટીઆઈ કરી ત્યારે એમ.એસ.યુનિવર્સિટી સત્તાધીશોએ ડિગ્રી આપી હોવાનો આક્ષેપ યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીના પૂર્વ વિદ્યાર્થીએ કર્યો છે. પૂર્વ વિદ્યાર્થીએ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને રજિસ્ટ્રારે જાતિવાદી વલણ અપનાવીને હેરાનગતિ કરી હોવાનું ચોંકાવનારુ નિવેદન પણ આપ્યું છે. પૂર્વ વિદ્યાર્થી કૃપાંગ સોલંકીનું કહેવું છે કે, મેં ૨૦૧૮માં આર્ટસ ફેકલ્ટીમાં એડમિશન લીધું હતું અને નવેમ્બર ૨૦૨૧માં અભ્યાસ પૂરો કર્યો હતો. આમ છતા સત્તાધીશોએ મને વર્ષો સુધી ડિગ્રીથી વંચિત રાખ્યો હતો. વારંવાર રજૂઆતો કરી હોવા છતા મને ગેરમાર્ગે દોરતા જવાબો આપ્યા હતા અને ખોટા ફોર્મ ભરાવ્યા હતા. આખરે મેં તાજેતરમાં આ બાબતે આરટીઆઈ કરી એ પછી ફર્સ્ટ અપીલ વખતે મને ડિગ્રી આપવામાં આવી હતી. પૂર્વ વિદ્યાર્થીનું કહેવું છે કે, આ મામલે મેં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગમાં પણ ફરિયાદ કરી છે. યુનિવર્સિટીના જવાબદાર અધિકારીઓએ આયોગને પણ ગેરમાર્ગે દોરતા જવાબો આપ્યા છે. મને SC હોવાથી હેરાન કર્યો છે. પૂર્વ વિદ્યાર્થીએ આ બાબતે મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સમક્ષ ઉચ્ચસ્તરીય તપાસની પણ માગ કરી છે.

રજિસ્ટ્રારે તમામ આરોપોને હાસ્યાસ્પદ ગણાવ્યા

દરમિયાન યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો.ચૂડાસમાએ પૂર્વ વિદ્યાર્થીના તમામ આરોપોને હાસ્યાસ્પદ ગણીને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું હતું કે, ડિગ્રી આપવા સાથે રજિસ્ટ્રાર અને વાઈસ ચાન્સેલરને કશું લાગતું વળગતું નથી અને વિદ્યાર્થીને તેની જાતિના આધારે અભ્યાસ દરમિયાન કોઈ અન્યાય થયો નથી. આ વિદ્યાર્થીને એક વિષયની પરીક્ષા પાસ કરવાની બાકી હતી. તે તેણે ૨૦૨ ૩માં પાસ કરી હતી. આમ ૨૦૨ ૩માં તેને ડિગ્રી મળે તેમ હતી. જોકે તેણે ડિગ્રી માટે ફોર્મ, ડિગ્રીની ફી ભરવા સહિતની પ્રક્રિયા કરી નહોતી. ૩ વર્ષ સુધી તેણે ડિગ્રી લેવા કોઈ કાર્યવાહી કરી નહોતી. ૨૦૨૬માં તેણે ડિગ્રી માટે સીધી આરટીઆઈ કરી એ પછી એક વખત મારા સંપર્કમાં આવ્યો હતો. મેં તેને ડિગ્રી મેળવવાની પ્રક્રિયા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેને પરીક્ષા વિભાગમાંથી ડિગ્રી તરત મળી ગઈ હતી. નેશનલ કમિશન સમક્ષ પણ સુનાવણી દરમિયાન યુનિવર્સિટીએ પોતાની વાત રજૂ કરી છે અને જાતિવાદના આધારે ભેદભાવ કરવાનો યુનિવર્સિટીનો ઈરાદો ના હોય તેવું ભારપૂર્વક જણાવ્યું છે.

ધારાસભ્ય કૌશિક વેકરિયાની રજૂઆતને સફળતા

અમરેલીની ઐતિહાસિક ધરોહર 'ગઢની રંગ'ના રિનોવેશન માટે રૂા.૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૬

અમરેલી શહેરની મધ્યમાં આવેલી રાજાશાહી વખતની ઐતિહાસિક ધરોહર 'ગઢની રંગ'ના રિનોવેશન અને રિસ્ટોરેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અમરેલી, વડિયા અને કુંકાવાવના ધારાસભ્ય તથા મંત્રી કૌશિક વેકરિયાની સતત રજૂઆતોના પરિણામે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગઢની રંગની સામે આવેલી ઠેબી નદીના કિનારે સરકાર દ્વારા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પણ વિકસાવવામાં આવી રહ્યો છે. ત્યારે રિવરફ્રન્ટની સાથે ઐતિહાસિક ગઢની રંગનો વિકાસ થવાથી સમગ્ર વિસ્તારની સુંદરતામાં વધારો થશે. આ ઉપરાંત તુલસીશ્યામ અને આંબરડી સફારી પાર્કની મુલાકાતે આવતા પ્રવાસીઓને અમરેલીના ઐતિહાસિક વારસાને નિહાળવાની નવી તક મળશે. આ પ્રોજેક્ટથી જિલ્લામાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળવાની સાથે સ્થાનિક સ્તરે આર્થિક વિકાસ અને રોજગારીની નવી તકો ઊભી થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બદલ મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ભરત કોલી કેસમાં ન્યાય માટે ઉગ્ર રજૂઆત

આઠ દિવસમાં LCBને તપાસ નહીં સોંપાય તો SP કચેરી બહાર ધરણાની ચીમકી

(સંવાદદાતા દ્વારા) ભુજ, તા.૨૬

સુખપર ગામના યુવાન ભરત કોલીના શંકાસ્પદ મોતના કેસમાં નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ સાથે આજે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષક (SP)ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



આ આવેદનપત્રમાં મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓ જોડાયાં હતાં. ખાસ કરીને કોળી સમાજની મહિલાઓ આંખોમાં આંસુ સાથે અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી ભરત કોલીના મોતની નિષ્પક્ષ તપાસ LCB (લોકલ ક્રાઇમ બ્રાન્ચ)ને સોંપવાની માંગ કરી હતી.

આ પ્રસંગે મુસ્લિમ યુવા કોર કમિટી કચ્છ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે જો આગામી ૮ દિવસમાં ભરત કોલીના કેસની તપાસ LCBને સોંપવામાં નહીં આવે, તો કોળી સમાજ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) કચેરીની બહાર શાંતિપૂર્ણ ધરણાં કરવામાં આવશે.

આજે યોજાયેલી રજૂઆતમાં મોહસિન હિંગોરજા, કિશોર ધાન ગઢવી, ઈકબાલ જત, અરવિંદ કોલી, મોહમ્મદ ખલીફા, ફકીર મહમદ કુંભાર, મેઘજી કોલી, અનીસ જુનેજા, રવજી રામજી કોલી, રામજુ ભચુ કોલી, દાદુ કોલી અને ઉમર કોલી સહિતના આગેવાનો તથા મોટી સંખ્યામાં કોળી સમાજની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. મુખ્ય માંગ એક જ છે - ભરત કોલીના પરિવારને ન્યાય મળે અને કેસની નિષ્પક્ષ તપાસ LCBને સોંપવામાં આવે.

બોચાસણ ટોલનાકા નજીકથી દારૂ અને કાર સહિત રૂા.૧૨,૭૬,૮૦૦નો મુદ્દામાલ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૬

બોરસદ તાલુકાના બોચાસણ ટોલનાકા નજીકથી ક્રેટા ગાડીમાંથી વિદેશી દારૂ અને કાર સહિત રૂપિયા ૧૨,૭૬,૮૦૦નો મુદ્દામાલ બોરસદ રૂરલ પોલીસે ઝડપી પાડી ફરાર કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.બોરસદ રૂરલ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે ડભાસી ગામ નજીક ચોક્કસ બાતમી મળી કે સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કારમાં વિદેશી દારૂ ભરી વાસદથી બોચાસણ ટોલનાકા થઈ તારાપુર તરફ જઈ રહી છે. આ બાબતના આધારે પોલીસે બોચાસણ ટોલનાકા પર વોચ ગોઠવી હતી.તે દરમિયાન વાસદ તરફથી આવતી આ કારને રોકવાનો ઈશારો કરતા ચાલકે કાર ઊભી રાખવાને બદલે પૂરઝડપે તારાપુર તરફ હંકારી મૂકી હતી. પોલીસે તેનો પીછો કરતા બોચાસણ ગામ નજીક કાર રોડના ડિવાઈડર સાથે અથડાઈ હતી. ત્યારબાદ ચાલક સર્વિસ રોડ પર કાર મૂકી ખેતરાળુ રસ્તે નાસી છૂટ્યો હતો.પોલીસે કારની તપાસ કરતા દારૂ મળી આવ્યો હતો. દરેક ક્વાર્ટર ૧,૩૮૪ નંગ કિંમત રૂપિયા ૨,૭૬,૮૦૦નો વિદેશી દારૂ ઝડપાયો હતો. આ ઉપરાંત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની કિંમતની કાર સહિત કુલ રૂપિયા ૧૨,૭૬,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

સતલાસણા પશુ દવાખાનાની કામગીરી સામે ફરિયાદોનો મારો

પશુઓને સમયસર સારવાર ન મળતી હોવાની રજૂઆત બાદ જિ.પં.ની કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

મહેસાણા, તા.૨૬

સતલાસણા ખાતે આવેલા સરકારી પશુ દવાખાનાની કામગીરી સામે પશુપાલકો અને સ્થાનિક નાગરિકો દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવી છે. પશુઓને સમયસર સારવાર ન મળતી હોવા સહિતની રજૂઆતોને પગલે મહેસાણા જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા સંબંધિત તબીબને નોટિસ પાઠવી ત્રણ દિવસમાં ખુલાસો રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લા પંચાયતના સભ્ય કુલદીપસિંહ મહોબતસિંહ ચૌહાણ દ્વારા રાજ્યના પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીને સંબોધીને ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત કચેરીને વોટ્સએપ મારફતે પણ ફરિયાદો મળી હતી. જેમાં સતલાસણા પશુ દવાખાનામાં ફરજ બજાવતા તબીબની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

રજૂઆત મુજબ, સરકારી પશુ દવાખાનામાં તબીબ હાજર હોવા છતાં બીમાર કે અકસ્માતગ્રસ્ત પશુઓને સમયસર પ્રાથમિક સારવાર મળતી નથી. ગાય, ભેંસ, ફૂતરા સહિતનાં પશુઓની સારવાર માટે જાણ કરવામાં આવે ત્યારે સ્થળ પર આવીને તપાસ કે સારવાર કરવામાં આવતી ન હોવાની ફરિયાદ પણ કરવામાં આવી છે. કેટલાક કિસ્સાઓમાં પશુપાલકોને પશુઓ સારવાર માટે મહેસાણા અથવા દાંતીવાડા લઈ જવા જણાવાતું હોવાના આક્ષેપો કરાયા છે.સરકારી પશુ દવાખાનામાંથી આપવામાં આવતી દવાઓના નામે પશુપાલકો પાસેથી રૂ.૨૦થી ૩૦ વસૂલવામાં આવતા હોવાની રજૂઆત સાથે આ રકમ કયા નિયમ હેઠળ લેવામાં આવે છે તેની તપાસ કરવા પણ જણાવાયું છે. જો ફરજમાં બેદરકારી કે ગેરરીતિ સાબિત થાય તો જવાબદાર સામે ખાતાકીય અને કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ સતલાસણા ખાતે નવા જવાબદાર પશુચિકિત્સકની નિમણૂક કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

આ ફરિયાદોને ધ્યાને લઈ જિલ્લા પંચાયત મહેસાણાની પશુપાલન શાખાના મદદનીશ પશુપાલન નિયામક દ્વારા ૨૫ નવેમ્બરના રોજ સત્તાવાર નોટિસ આપવામાં આવી છે. સતલાસણા ખાતે કામગીરી સંભાળતા અને કનેડીયા ગામે ફરજ બજાવતા પશુચિકિત્સા અધિકારી ડો.વી.એન. મકવાણાને ત્રણ દિવસમાં લેખિત ખુલાસો રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. સાથે જ તેમના હાલના રહેઠાણનું સરનામું પણ કચેરીમાં મોકલી આપવા જણાવાયું છે. આ સમગ્ર બાબતની જાણ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત મહેસાણા તેમજ પશુપાલન નિયામક, ગાંધીનગરને પણ કરવામાં આવી છે. હવે સંબંધિત તબીબ દ્વારા રજૂ કરવામાં આવતા ખુલાસા બાદ જિલ્લા પંચાયતનું વહીવટી તંત્ર આગળની કાર્યવાહી હાથ ધરશે.

તબીબને ત્રણ દિવસમાં ખુલાસો કરવા આદેશ

લીંબડી-રાજકોટ હાઈવે પર

ઢેઢુકી ટોલનાકા પાસેથી ૧૮ લાખના વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૬

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પો.સ્ટે. વિસ્તાર લીંબડી-રાજકોટ હાઈવે ઢેઢુકી ટોલનાકા પાસેથી એક ટ્રકમાં લોખંડના વાલ્વના પાર્સલની આડમાં સંતાડેલ ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૧૦,૬૦૮ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા.૧,૨૨,૮૧,૦૮૧/-ના મુદ્દામાલ સાથે બે આરોપીને રાજકોટ રેન્જ ટીમે ઝડપી લીધા હતા.આગામી સમયમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર હોય અને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં પોલીસ સ્ટાફ દ્વારા પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને શોધી કાઢવા હ્યુમનસોર્સનો ઉપયોગ કરી જરૂરી ટેકનિકલ એનાલીસીસ તથા વર્કઆઉટ કરી રહેલ હતા.

દરમ્યાન મળેલ હકિકત આધારે પો.સ.ઈ. બી.સી.મિયાત્રા તથા સ્ટાફે ટ્રક નં.GJ-03-BW-1571માં બહારના રાજ્યમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરી લીંબડી-રાજકોટ હાઈવે પરથી પસાર થનાર હોવાની મળેલ હકિકતવાળા ટ્રકની વોચમાં હતા ત્યારે ઉક્ત ટ્રક ઢેઢુકી ટોલનાકા પાસેથી પસાર થતા તેને રોકી ચેક કરતા ટ્રકમાંથી લોખંડના વાલ્વના પાર્સલની આડમાં સંતાડેલ ભારતીય બનાવટની અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૧૦,૬૦૮ કુલ કિ.રૂા.૧૮,૦૩,૩૬૦/- સાથે આરોપીઓ જાવીદ જાકીરહુશેન મટારી તથા આરીફ હુસેશભાઈ સમા મળી આવતા અશોક લેલન ટ્રક, ઈંગ્લિશ દારૂની બોટલો, મોબાઈલ ફોન તથા ટ્રકને લગતા કાગળો મળી કુલ રૂા.૨૮,૪૩,૩૬૦/- નો મુદ્દામાલ કબ્જે કરી (૧) જાવીદ જાકીરહુશેન મટારી રહે. મટારી મંઝીલ, ખામધ્રોળ રોડ, જૂનાગઢ) તથા (૨) આરીફ હુસેનભાઈ સમા રહે. હુસેની ચોક, રામદેવપરા, જૂનાગઢ)ને અટક કરેલ તેમજ પકડવાના બાકી આરોપીઓ (૩) માલ મંગાવનાર તોસીફ (રહે. જૂનાગઢ) તથા (૪) માલ ભરી આપનાર તથા તપાસમાં ખુલે તે તમામ વિરૂદ્ધ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તેમજ લોખંડના વાલ ભરેલા બોક્ષ નંગ-૪૧ જેની કુલ કિ.રૂા.૯૪,૩૭,૩૨૧/- કબજે તરેલ છે. સાયલા પોલીસ સ્ટેશન ખાતે સ્ટે.ડા. નોંધ કરાવી મુદ્દામાલ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ સાયલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

પાલનપુર પાલિકામા સાત મહિના બાદ વિપક્ષ કોંગ્રેસના નેતા - ઉપનેતાની વરણી



(તસવીર :- અમ્બર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૬

પાલનપુર નગરપાલિકામાં સાત મહિનાની રાહ બાદ કોંગ્રેસના વિપક્ષની એન્ટ્રી થઈ છે. આજે બપોરે ૧૨:૩૯ કલાકે વિપક્ષના નેતા, ઉપનેતા અને દંડકે વિધિવત પદગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો, ધારાસભ્ય, કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર નગરપાલિકામાં ભાજપનું શાસન શરૂ થયાના સાત મહિના બાદ કોંગ્રેસે હવે વિપક્ષની ટીમ જાહેર કરી છે. જેમાં વિપક્ષના નેતા તરીકે સઈદ અહેમદ સિંધી, ઉપનેતા તરીકે અંકિતા ઠાકોર અને દંડક તરીકે જાગૃતિ સોલંકીની નિમણૂક કરવામાં આવી છે. ત્રણેય હોદેદારોએ આજે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસના પ્રદેશ નેતા દિનેશભાઈ ગઢવી, રવિ ગઢવી સહિત ધારાસભ્ય, આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શહેરના વિકાસના પ્રશ્નો, નાગરિકોની સમસ્યાઓ અને પાલિકાના વહીવટ સામે કોંગ્રેસ કેટલો અવાજ ઉઠાવે છે તે આગામી દિવસોમાં જોવું રહ્યું.

સુરતમાં રખડતા શ્વાનનો વધતો આતંક મનપાની કામગીરી સામે સવાલો ઊભા થયા

બમરોલીમાં મનપાના સફાઈ કર્મચારી પર રખડતા શ્વાને હુમલો કરી સાત બચકાં ભર્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૬

શહેરમાં રખડતા શ્વાનનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. સામાન્ય નાગરિકો બાદ હવે મનપાના કર્મચારીઓ પણ શ્વાનના હુમલાનો ભોગ બની રહ્યા છે. પાંડેસરા વિસ્તારના બમરોલીમાં સફાઈની કામગીરી કરી રહેલા સુરત મહાનગરપાલિકાના કર્મચારી પર હિંસક શ્વાને અચાનક હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. શ્વાને કર્મચારીના પગના ભાગે એક પછી એક બચકાં ભરતાં સાતથી વધુ ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બમરોલી તિરૂપતિ નગરમાં સુરત મહાનગરપાલિકાના ધીરજ બોરસે સફાઈ કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન અચાનક એક હિંસક શ્વાને તેમના પર હુમલો કર્યો હતો. કર્મચારી કંઈ સમજે તે પહેલાં જ શ્વાને તેમના પગના ભાગે બચકાં ભરવાનું શરૂ કરી દીધું હતું. આ હુમલામાં ધીરજ બોરસેને પગમાં સાતથી વધુ ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલામાં ઘવાયેલા ધીરજ બોરસેને તાત્કાલિક સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, આ ઘટનાએ ફરી એકવાર રખડતા શ્વાનના વધતા આતંક અને મનપાની શ્વાન નિયંત્રણ કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે.મહાનગરપાલિકા દર વર્ષે રખડતા શ્વાનના ખસીકરણ અને રસીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. તેમ છતાં શહેરના અનેક વિસ્તારોમાં શ્વાનનો આતંક યથાવત્ રહેતાં આ કામગીરી કેટલી અસરકારક છે તે અંગે સવાલો ઊઠી રહ્યા છે. જાહેર રસ્તાઓ પર નાગરિકોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે ત્યારે મનપા દ્વારા માત્ર ખર્ચના આંકડા રજૂ કરવાને બદલે રખડતા શ્વાનની સમસ્યાના કાયમી અને અસરકારક ઉકેલ માટે નક્કર પગલાં ભરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

શાળાનું વેકેશન ખૂલે તે પહેલાં કરજણ નદી પર હંગામી પુલ બની જશે : ખાતમુહૂર્ત કરાયું

૧૦થી વધુ ગામોને રાહત મળશે; કાયમી નવો પુલ બનાવવાની ધારાસભ્યની ખાતરી



(તસવીર :- વહાબ શેખ, રાજપીપળા)

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૬

નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક કરજણ નદી પર આવેલો પુલ ક્ષતિને કારણે છેલ્લા બે વર્ષથી બંધ હોવાથી રામગઢ સહિત આસપાસના ૧૦થી વધુ ગામોના લોકો મુશ્કેલી વેઠી રહ્યા હતા. આ પુલના વિકલ્પરૂપે હંગામી પુલ બનાવવાની મંજૂરી મળતાં તેના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રાજપીપળા નજીક કરજણ નદી પરનો આ પુલ રામગઢ સહિત આસપાસના ગામોને રાજપીપળા સાથે જોડતો મુખ્ય માર્ગ હતો. આ પુલ દ્વારા ગ્રામજનોને રોજગારી, વેપાર-ધંધા, આરોગ્ય સુવિધાઓ અને વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે સરળતા રહેતી હતી. જોકે, આશરે બે વર્ષ પહેલાં કરજણ નદીમાં પાણીના પ્રવાહને કારણે પુલના એક પિલરને નુકસાન પહોંચ્યું હતું. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા આ પુલ પર અવરજવર બંધ કરી દેવામાં આવી હતી.પુલ બંધ થતાં સ્થાનિક લોકો, રોજગારી માટે રાજપીપળા આવતા નાગરિકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ૧૫થી ૨૦ કિલોમીટરનો લાંબો ફેરાવો કરવો પડતો હતો. આ અંગે મોટા લીમટવાડા ગામના જયેશ શિવજીભાઈ વસાવા સહિત આસપાસના ગ્રામજનોએ રજૂઆત કરી હતી. ત્યારબાદ નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખે સંકલન બેઠકમાં આ મુદ્દો રજૂ કર્યા બાદ હંગામી પુલ માટે મંજૂરી મળી હતી.હંગામી પુલ તૈયાર થયા બાદ રામગઢ સહિત ૧૦થી વધુ ગામોના લોકોને મોટી રાહત મળશે અને ૧૫થી ૨૦ કિલોમીટરનો ફેરાવો બંધ થશે. શાળાનું વેકેશન પૂર્ણ થાય તે પહેલાં હંગામી પુલનું કામ પૂર્ણ કરવાની ધારાસભ્ય દર્શનાબેન દેશમુખે ખાતરી આપી છે. આ સાથે જ ક્ષતિગ્રસ્ત પુલની બાજુમાં કાયમી ધોરણે નવો પુલ બનાવવાની પણ ખાતરી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત : ગભેણી બ્રિજ પાસે અજાણ્યા વાહનની અડફેટે રાહદારીનું મોત

સુરત, તા.૨૬

સચીન જીઆઈડીસી વિસ્તારમાં ગભેણી બ્રિજ નીચે ભારત પેટ્રોલ પંપ નજીક અજાણ્યા વાહનની અડફેટે અજાણ્યા રાહદારીનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પલસાણા તરફ જતા માર્ગ પર ગભેણી બ્રિજ નીચે ભારત પેટ્રોલ પંપથી આશરે ૫૦ મીટર પહેલાં ૨૫ વર્ષનો એક અજાણ્યો યુવક રસ્તા પરથી પગપાળા પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન હજીરા તરફથી બ્રિજ નીચે આવી રહેલા અજાણ્યા વાહનચાલકે વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી યુવકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાં યુવક વાહનની નીચે આવી ગયો હતો અને રોડ પર ઘસડાવાના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે દેવીદાસ બાબુરાવ પાટીલની ફરિયાદના આધારે સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ધાર્મિક કાર્યક્રમ

ભૂજ ખાતે આજે બહેનો માટે તકરીર

તા.૨૭-૧૧-૨૦૨૬ શુક્રવારના બપોરે ઓમકાર રેસિડેન્સી, સુરલ ભિટ્ટ રોડ - ભૂજ ખાતે ૩.૩૦થી ૪.૩૦ દરમ્યાન બહેનો માટે તકરીર રાખવામાં આવેલ છે. જેમાં સૈયદા જમીલામા સુખપુરવાલા તકરીર ફરમાવશે.

ફોન-પેના નામે 'ડિજિટલ જાળ'

વોટ્સએપ લિંક પર 'NO' દબાવ્યું છતાં ખાતામાંથી રૂા.૯૫,૦૦૦ સાફ !

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વરના અંદાડા વિસ્તારમાં રહેતા અને પાનોલી GIDCની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ૫૧ વર્ષીય વ્યક્તિ સાથે ફોન-પેના નામે સાયબર ઠગાઈ થયાનો બનાવ સામે આવ્યો છે.ઠગોએ વોટ્સએપ પર શંકાસ્પદ લિંક મોકલી બે અલગ-અલગ બેંક ખાતાંમાંથી કુલ રૂા.૯૫ હજારની રકમ ઉપાડી લેતાં ચકચાર મચી છે.ફરિયાદ મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના ગાઝીપુર જિલ્લાના સંતોષકુમાર હરિદ્વાર પાંડે છેલ્લા છ વર્ષથી અંકલેશ્વરના અંદાડા સ્થિત ઈન્દ્રપ્રસ્થ રેસિડેન્સીમાં પરિવાર સાથે રહે છે અને વર્ષ ૨૦૧૦થી પાનોલી GIDCની PI કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.ગત ૧૯ નવેમ્બરના રોજ તેમના વોટ્સએપ પર ફોન-પેના પ્રોફાઈલ આઈકન જેવો દેખાતો મેસેજ આવ્યો હતો. જેમાં ટ્રાન્ઝેક્શન મેસેજ ચાલુ રાખવા માટે લિંક ખોલી રૂા.૧૦ જમા કરાવવાની સૂચના આપવામાં આવી હતી. મેસેજમાં YES અને NOના વિકલ્પ હતા. તેમણે NO પર ક્લિક કર્યા બાદ Continue વિકલ્પ પસંદ કર્યો હતો.ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ શાકભાજી ખરીદતી વખતે રૂા.૧૦૦નું પેમેન્ટ કરવા જતાં ટ્રાન્ઝેક્શન થયું નહોતું. બેલેન્સ તપાસતાં યુનિયન બેંકના ખાતામાં રૂા.૯૦,૦૪૩માંથી માત્ર રૂા.૪૩ અને એક્સિસ બેંકના ખાતામાં રૂા.૫,૪૪૬માંથી માત્ર રૂા.૪૪૬ બાકી હોવાનું જણાયું હતું. આમ, બંને ખાતાંમાંથી કુલ રૂા.૯૫,૦૦૦ની રકમ ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે તેમણે તાત્કાલિક ૧૯૩૦ સાયબર ક્રાઇમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બંને બેંકોમાં જઈ તપાસ કરતાં પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતાં પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

વલસાડ જિલ્લામાં એસ.એમ.સી.નો સપાટો

જુગાર સહિત દારૂના ચાર અલગ-અલગ કેસો કર્યા

વાપી, તા.૨૬

વલસાડ જિલ્લાના વાપી ટાઉન પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ ગીતા નગર ખાતે ચાલતો જુગાર અડ્ડા ઉપર સ્ટેટ મોન્ટરિંગ સેલના દરોડા પડતા દોડધામ મચી જવા પામી હતી મળતી માહિતી મુજબ આજરોજ વાપી ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ગીતા નગર ચોકીથી માત્ર થોડાક જ દૂર આવેલ ગીતા નગર વિસ્તારમાં જાવેદ ઈબ્રાહિમ ખાન સરફરાજ જાવેદખાન એમના જૂના નિવાસ્થાને જુગારના અડ્ડો ચલાવતા હતા એ જુગાર ધામ ઉપર આજરોજ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા આ દરોડા ની અંદર જુગાર કલમ મુજબ ગુનો નોંધી ત્રણ લાખ ૩૦ હજાર રોકડા ૨૦ મોબાઈલ અને આઠ મોટરસાયકલ કબજે કરવામાં આવી સાથે ૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી જેમાં આરોપી નાઓને અટક કરી વાપી ટાઉન પોલીસ સ્ટેશન ને સોંપવામાં આવ્યા છે. તો બીજી બાજુ વલસાડ જિલ્લાના નાનાપોન્ડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની ગાડીની પાડવામાં આવી જેમાં ૨ ગાડીયોમાં ૧૧.૬૮ નો મુદ્દામાલ કુલ સહિત ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી અને વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ૪ ગાડીમાં ૩૧.૭૯ લાખનો મુદ્દામાલ સહિત ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી, વલસાડ જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો જુગાર અડ્ડાનો કેસ કરીને સાથે કુલ ૬૪.૩૧લાખનો દારૂનો કેસ કર્યો હતો.

પાલમાંથી મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે યુવક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૬

શહેરની એન્ટી નાર્કોટિક્સ વિંગે પાલ વિસ્તારમાંથી મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. જ્યારેડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર અમરોલી કોસાડ આવાસમાં રહેતા બાબા નામના શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્ષત્ર વ્યુ સોસાયટી સામે આવેલા એસ.એમ.સી. ગ

'દરરોજ રાત્રે મોત માટે પ્રાર્થના કરતો હતો' : જેલમાં વિતાવેલા સમય વિશે આઝમ ખાન ભાવુક થયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન ગુરૂવારે ૨૦૨૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના ઢંઢેરાના વિમોચન પ્રસંગે જેલમાં વિતાવેલા પોતાના સાડા પાંચ વર્ષને યાદ કરીને ભાવુક થઈ ગયા હતા. તેમણે તેમના પુત્ર અબ્દુલ્લાહ આઝમ સાથે જેલ ટ્રાન્સફર દરમિયાન માર્યા જવાના ડર વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે, તેઓ ઈચ્છતા હતા કે, પાર્ટીના વડા અખિલેશ યાદવ જેલવાસ કેવો હોય છે તે સમજવા માટે છ મહિના જેલના સળિયા પાછળ વિતાવે.



ઘટનાને યાદ કરતા ખાને કહ્યું કે, જેલ ટ્રાન્સફર દરમિયાન તેમને અને તેમના પુત્રને અલગ-અલગ વાહનોમાં મુસાફરી કરાવવામાં આવી હતી, જેનાથી તેમને ડર લાગ્યો હતો કે, આ તેમની છેલ્લી મુલાકાત હોઈ શકે છે. ખાને કહ્યું, 'તેઓએ મને એક બાજુ અને મારા પુત્રને બીજી બાજુ ઊભા રાખ્યા અને અમને અલગ-અલગ વાહનોમાં લઈ ગયા. જ્યારે મેં પૂછ્યું કે તેને અલગ કેમ લઈ જવામાં આવી રહ્યો છે, ત્યારે કોઈ જવાબ મળ્યો નહીં. મેં મારા પુત્રને કહ્યું, 'બેટા, આજે આપણી છેલ્લી મુલાકાત હોઈ શકે છે. જો આપણે અહીં નહીં મળીએ, તો આપણે આખિરતમાં (પરલોકમાં) મળીશું' અને ઉમેર્યું કે, તેઓ દરરોજ રાત્રે મોતની દુઆ માંગતા હતા. તેમણે એ પણ યાદ કર્યું કે કેવી રીતે તેમનો પુત્ર પૂછતો હતો કે શું તેઓ ક્યારેય જેલમાંથી બહાર નીકળશે ખરા. ખાને કહ્યું કે તેઓ ઈચ્છતા હતા કે કેદીઓ દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓને સમજવા માટે અખિલેશ છ મહિના જેલમાં વિતાવે. પોતાની જાતને 'અડધો તૂટી ગયેલો માણસ' ગણાવતા ખાને કહ્યું કે, તેમણે અને તેમના પરિવારે જે વર્તનનો સામનો કર્યો છે તે કોઈ ઓછા મજબૂત વ્યક્તિને ખતમ કરી શક્યો હોત. તેમણે જેલવાસ દરમિયાન તેમની પત્ની અને પુત્ર દ્વારા સહન કરાયેલી મુશ્કેલીઓનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, 'મેં જે કડકાઈ, નફરત અને તિરસ્કારનો સામનો કર્યો છે તેનાથી મારૂં મૃત્યુ થઈ જવું જોઈતું હતું પરંતુ હું મજબૂત સાબિત થયો. હવે અમને લાગે છે કે, અમે મરીશું પરંતુ કંઈક હાંસલ કર્યા પછી મરીશું.' ખાને સરકાર, જેલ સત્તાવાળાઓ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સહિતની તપાસ એજન્સીઓ પર તેમને અને તેમના પરિવારને ગંભીર ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો. તેમના પર થયેલા વર્તનની સરખામણી અંગ્રેજ શાસન સાથે કરતા તેમણે કહ્યું કે, 'અંધારી કોટડી'માં તેમના સાડા પાંચ વર્ષે તેમના શરીર, હૃદય અને મન પર ઊંડી અસર કરી છે. તેમણે પોતાની સામે નોંધાયેલા કેસો પર પણ સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે મરઘી ચોરી સંબંધિત આરોપો ઘાડ (ડકૈતી) માટેની જોગવાઈઓ હેઠળ ઘડવામાં આવ્યા હતા.

'મોદી આજે શાંત બેઠા છે' : ખડગેએ ભાજપના ટોચના નેતૃત્વમાં તિરાડનો સંકેત આપ્યો, પીએમ બનવાની મહત્વાકાંક્ષા મુદ્દે યોગી પર કટાક્ષ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરૂવારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની ચૂંટણી મહત્વાકાંક્ષાઓ પર લગામ લગાવવાનો શ્રેય ઉત્તરપ્રદેશની જનતાને આપ્યો અને કહ્યું કે, તેમના જનાદેશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના '૪૦૦ પાર'ના નારા પર શાંત થવાની ફરજ પાડી છે. બંધારણ દિવસે લખનૌમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે 'સંવિધાન રક્ષા સંમેલન'ને સંબોધતા ખડગેએ ભાજપ પર એવો પણ આરોપ લગાવ્યો કે, મોંઘવારી, બેરોજગારી અને રોંધણ ગેસ તથા આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા હોવા છતાં તેણે પોતાના ભંડોળને વધવા દીધું છે. ''હું ઉત્તરપ્રદેશની જનતાનો આભાર માનું છું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના તમામ ભાષણોમાં, જ્યાં પણ જતા, ત્યાં કહેતા હતા, 'અબકી બાર, ૪૦૦ પાર' (આ વખતે, ૪૦૦થી વધુ બેઠકો). પરંતુ શું ભાજપે ૪૦૦ બેઠકો પાર કરી ? લોકોએ તમને (ભાજપને) ઘરભેગા કરી દીધા. ઉત્તરપ્રદેશની જનતાએ તમને ઘૂંટણિયે પાડી દીધા. ઉત્તરપ્રદેશના કારણે જ મોદી આજે શાંત બેઠા છે,'' ખડગેએ કહ્યું. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ઉત્તરપ્રદેશની ૮૦ લોકસભા બેઠકોમાંથી ૩૬ બેઠકો જીતી હતી. ખડગેએ એવો પણ દાવો કર્યો હતો કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના જાહેર નિવેદનો ઓછા કરી દીધા છે અને ઉમેર્યું હતું કે, ''મને ખબર નથી કે બંને (મોદી અને શાહ) વચ્ચે બને છે કે નહીં.'' ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો પરોક્ષ સંદર્ભ આપતા કોંગ્રેસ પ્રમુખે કહ્યું કે, લખનૌમાં અન્ય એક નેતાની નજર પણ પ્રધાનમંત્રીની ખુરશી પર છે.

ખડગેએ ભાજપના રૂા.૧૦,૦૦૦ કરોડના ભંડોળ પર સવાલ ઉઠાવ્યા : ભાજપને તેની નાણાકીય બાબતો પર નિશાન બનાવતા ખડગેએ પાર્ટી ફંડમાં લગભગ રૂા.૧૦,૦૦૦ કરોડના સ્ત્રોત પર સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે શાસક પક્ષ લોકોને ડરાવવા અને પૈસા એકઠા કરવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓના ઉપયોગથી ફાયદો ઉઠાવી રહ્યો છે. ''બધું જ મોંઘું થઈ ગયું છે. પરંતુ ભાજપની તિજોરીઓ ભરાઈ રહી છે. ભાજપ પાસે તેના પાર્ટી ફંડમાં રૂા.૧૦,૦૦૦ કરોડ ક્યાંથી આવ્યા ? તમે અમને સવાલ કરો છો, પરંતુ અમે તમને પૂછવા માંગીએ છીએ કે આ રૂા.૧૦,૦૦૦ કરોડ ક્યાંથી આવ્યા,'' તેમણે કહ્યું. તાજેતરમાં ચૂંટણી પંચને સુપરત કરાયેલા તેના વાર્ષિક ઓડિટ રિપોર્ટ મુજબ, ભાજપ પાસે લગભગ રૂા.૧૦,૦૦૦ કરોડની રોકડ અને થાપણો છે. ખડગેએ આરોપ લગાવ્યો કે લોકોને ધમકાવવા અને પૈસા પડાવવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), આવકવેરા વિભાગ (ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રાહુલ ગાંધીએ બંધારણનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી, તેને ભારતનું 'અન્યાય સામેનું સૌથી મોટું હથિયાર' ગણાવ્યું

લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે બંધારણ ભારતના લોકશાહીનો પાયો છે અને દરેક નાગરિકના સન્માન તથા અધિકારોનું રક્ષણ કરતી ઢાલ છે

(એજન્સી) તા.૨૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે બંધારણને રાષ્ટ્રનો આત્મા અને અન્યાય સામે દેશનું સૌથી મોટું હથિયાર ગણાવ્યું હતું અને તમામ સંજોગોમાં તેનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. બંધારણ દિવસે 'X' પર એક પોસ્ટમાં લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે બંધારણ ભારતના લોકશાહીનો પાયો છે અને દરેક નાગરિકના સન્માન અને અધિકારોનું રક્ષણ કરતી ઢાલ છે. "ભારતનું બંધારણ માત્ર એક પુસ્તક નથી; તે રાષ્ટ્રનો આત્મા છે. તે દરેક નાગરિકના સન્માન માટે ઢાલ છે, દરેક અવાજની તાકાત છે, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનું રક્ષક છે," ગાંધીએ કહ્યું. તેને દેશનું "અન્યાય સામેનું સૌથી મોટું હથિયાર" ગણાવતા, તેમણે કહ્યું કે તેમણે બંધારણનું રક્ષણ કરવાની અને દરેક ભારતીયના અધિકારો માટે લડવાનું ચાલુ રાખવાની પોતાની પ્રતિજ્ઞા ફરીથી લીધી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ બંધારણ દિવસે નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી અને બંધારણ તથા લોકશાહીનું રક્ષણ કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ડૉ. બી.આર. આંબેડકરને ટાંકતા ખડગેએ કહ્યું, "રાજકીય લોકશાહી ત્યાં સુધી ટકી શકે નહીં જ્યાં સુધી તેના પાયામાં સામાજિક લોકશાહી ન હોય." તેમણે મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, મૌલાના અબુલ કલામ આઝાદ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સરોજિની નાયડુ, આંબેડકર અને આધુનિક ભારતનો પાયો નાખનારા અન્ય રાષ્ટ્રીય નેતાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, ધર્મનિરપેક્ષતા અને સમાજવાદના બંધારણના મૂળભૂત આદર્શોનું રક્ષણ કરવું એ દેશની સૌથી મોટી રાષ્ટ્રીય જવાબદારી છે, ખડગેએ કહ્યું. તેમણે નાગરિકોને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા તથા ભારતની એકતા, અખંડિતતા અને સંવાદિતા જાળવી રાખવાની પોતાની પ્રતિબદ્ધતા નવી કરવા વિનંતી કરી હતી. કોંગ્રેસે બંધારણ દિવસ નિમિત્તે કથિત "વોટ ચોરી" વિરુદ્ધ દેશભરમાં વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું છે.

વધુ ખાંડ, મીઠું અને ચરબીવાળા ખાદ્યપદાર્થો માટે પેકેટના આગળના ભાગમાં અલગ સુચના દર્શાવતા લખાણ લગાડવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

જાહેર આરોગ્ય એ ઉદ્યોગના હિત કરતાં ઘણું વધુ મહત્ત્વપૂર્ણ છે તેવો ચુકાદો આપતા, સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદામાં વધુ મીઠું, ખાંડ અને ચરબી ધરાવતા પેકેજ્ડ ફૂડ પર ચિત્રાત્મક ચેતવણી ફરજિયાત કરી છે

(એજન્સી) તા.૨૬

વધુ ખાંડ, મીઠું અથવા ચરબી ધરાવતા પેકેજ્ડ ફૂડના પેકેજિંગના આગળના ભાગમાં સ્પષ્ટ, અલગ ચેતવણી લેબલ લગાવવા પડશે, કારણ કે સુપ્રીમ કોર્ટે ગુરુવારે ગ્રાહકો માટે બિનઆરોગ્યપ્રદ ઉત્પાદનો ઓળખવાનું સરળ બનાવવા માટે પ્રસ્તાવિત નિયમો વધુ કડક બનાવ્યા છે. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI)ને ફૂડ રેગ્યુલેટર દ્વારા પ્રસ્તાવિત એક સંયુક્ત ચેતવણીને બદલે, ચિંતાના દરેક પોષક તત્વ માટે અલગ લાલ, ષટ્કોણ (hexagon) આકારની ચેતવણીઓ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. ખાંડ, મીઠું અથવા સેચ્યુરેટેડ ફેટ (સંતૃપ્ત ચરબી) માટે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય તેવા ઉત્પાદનોએ સંબંધિત ચેતવણી – "હાઈ સુગર" (HIGH SUGAR), "હાઈ સોલ્ટ" (HIGH SALT) અથવા "હાઈ ફેટ" (HIGH FAT) – દર્શાવવી પડશે. આ લેબલો પેકેટના આગળના ભાગમાં સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવાના રહેશે, જેથી ગ્રાહકોને પેકેટ ફેરવીને અને ઝીણા અક્ષરોમાં લખેલું પોષણ કોષ્ટક (nutrition table) વાંચ્યા વિના જ પોષક ચેતવણીઓ દેખાઈ શકે. ભારતમાં સ્થૂળતા, ડાયાબિટીસ, હાયપરટેન્શન અને અન્ય બિન-ચેપી રોગોના વધતા બોજ અંગેની ચિંતાઓ વચ્ચે કોર્ટનો આ હસ્તક્ષેપ આવ્યો છે, જેમાં બાળકો પેકેજ્ડ નાસ્તા, ખાંડવાળા પીણાં અને અત્યંત પ્રોસેસ્ડ ફૂડના સંપર્કમાં વધુને વધુ આવી રહ્યા છે. પ્રસ્તાવિત લેબલોમાં સફેદ પૃષ્ઠભૂમિ સામે લાલ ષટ્કોણ (red hexagons) હોવાની અપેક્ષા છે, જે પેકેજિંગની ઉપરની ડાબી બાજુએ સ્પષ્ટ રીતે મૂકવામાં આવશે. તેમનું ફોન્ટ સાઈઝ પાછળના ભાગમાં પોષણ માહિતી કોષ્ટકમાં વપરાતા ફોન્ટ કરતાં ઓછામાં ઓછું એક પોઈન્ટ મોટું રાખવું પડશે, જેથી વધુ દૃશ્યતા સુનિશ્ચિત થાય. આ પગલું FSSAIના અગાઉના પ્રસ્તાવને વધુ કડક બનાવે છે, જેમાં ફ્રન્ટ-ઓફ-પેક લેબલિંગના તબક્કાવાર અમલીકરણની કલ્પના કરવામાં આવી હતી, જે શરૂઆતમાં બે અથવા વધુ પોષક તત્વો વધુ માત્રામાં ધરાવતા ઉત્પાદનોને આવરી લેતું હતું. કોર્ટના નિર્દેશનો અર્થ એ છે કે જો નિર્દિષ્ટ પોષક તત્વોમાંથી એક પણ નિર્ધારિત મર્યાદા કરતાં વધી જાય તો ચેતવણી જરૂરી રહેશે.

બેરોજગારોને રૂા.૫,૦૦૦, ખેડૂતોનું દેવું માફ અખિલેશ યાદવના ચૂંટણી ઢંઢેરામાં મોટા વચનો

સપા પ્રમુખ અખિલેશ યાદવે ૨૦૨૭ની યુપી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો, આ ચૂંટણી ઢંઢેરામાં તેના PDA આઉટરીચ પર ધ્યાન કેન્દ્રિત કરીને રોજગાર, ખેડૂતોના કલ્યાણ, શિક્ષણ, આરોગ્યસંભાળ, મહિલા સુરક્ષા, કામદારોના કલ્યાણ, માળખાગત સુવિધાઓ અને શાસન પર મુખ્ય પગલાંનું વચન આપવામાં આવ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ગુરૂવારે યુપી વિધાનસભા ચૂંટણી પહેલાં પોતાની પાર્ટીનું ''PDA ચૂંટણી ઢંઢેરો'' જાહેર કર્યું. આ જાહેરાત બંધારણ દિવસે કરવામાં આવી છે. અખિલેશ યાદવ દ્વારા પ્રચારિત એક રાજકીય સૂત્ર, PDAનો અર્થ પિછડે (પછાત વર્ગો), દલિત અને અલ્પસંખ્યક (લઘુમતીઓ) થાય છે. સપાએ સંકેત આપ્યો છે કે, ચૂંટણીના મહિનાઓ પહેલાં પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડવાથી તેમને ચૂંટણી પ્રચાર પહેલાં જનતા સમક્ષ પોતાના પ્રસ્તાવો લઈ જવાની તક મળશે. PDA યુવાનોને એક વિશેષ રાજ્ય શિક્ષણ નીતિ દ્વારા ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવશે. પેપર લીકની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે, તમામ પરીક્ષાઓ સમયસર લેવામાં આવશે અને પરિણામો સંપૂર્ણ પારદર્શિતા સાથે જાહેર કરવામાં આવશે. સ્નાતક વિદ્યાર્થીઓને રોજગારીની તકો પૂરી પાડવામાં આવશે. જેઓ બેરોજગાર રહેશે તેમને દર મહિને ૫,૦૦૦ રૂપિયાનું ભથ્થું મળશે. પાર્ટી ૨૫ લાખ યુવાનોને સરકારી નોકરીઓ આપશે અને અન્ય ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી કરશે. લક્ષિત ઉત્થાન માટે નીતિઓ ઘડવા માટે રાજ્યભરમાં જાતિ-સર્વેક્ષણ શરૂ કરશે. સમાજવાદી કેન્ટીનો સ્થાપવામાં આવશે, જ્યાં પ્રતિ પ્લેટ ૫ રૂપિયામાં ભોજન ઉપલબ્ધ થશે. વૃદ્ધ મહિલાઓને પેન્શન તરીકે ૪૦,૦૦૦ રૂપિયા મળશે, જેની રકમ સીધી તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે કહ્યું કે, મજૂરો, મહિલા કામદારો, કારીગરોને પણ ૪૦,૦૦૦ રૂપિયા વાર્ષિક પેન્શન મળશે. ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓને ફરીથી લેપટોપ આપવામાં આવશે, વર્તમાન યુપી સરકાર દ્વારા બંધ કરવામાં આવેલી ૨૬,૦૦૦ પ્રાથમિક શાળાઓ ફરીથી ખોલવામાં આવશે. ૫૦ કરોડ રૂપિયા સુધીના સરકારી કોન્ટ્રાક્ટ માટે PDA સમુદાયના સભ્યોને ૫૦% અનામત આપવામાં આવશે. પાર્ટી દ્વારા જિલ્લા, શહેર અને મહિલા-કેન્દ્રિત સહિત વધુ બે વિગતવાર ચૂંટણી ઢંઢેરા જાહેર કરવામાં આવે તેવી અપેક્ષા છે.

પંજાબમાં AAP સાથે કોઈ જોડાણ નહીં, કોંગ્રેસ INDIA ગઠબંધનના ભાગીદારો માટે ખુલ્લી: બાજવા

● શિરોમણી અકાલી દળ (SAD) અને BJP વચ્ચેના ગઠબંધન અંગે, બાજવાએ તેના રાજકીય મહત્ત્વને નકારી કાઢતા કહ્યું, 'O+O=O'

(એજન્સી) તા.૨૬

સંવિધાન દિવસના અવસર પર, બંધારણીય મૂલ્યોનું રક્ષણ કરવા, કથિત ચૂંટણી ગેરરીતિઓનો વિરોધ કરવા અને પંજાબમાં ડ્રગ્સના ત્રાસને ઉજાગર કરવાના પક્ષના દેશવ્યાપી અભિયાનના ભાગરૂપે પંજાબ કોંગ્રેસે ગુરૂવારે 'સંવિધાન બચાવો રેલી' યોજી હતી. રેલીની બાજુમાં મીડિયાકર્મીઓને સંબોધતા, વિપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ પંજાબમાં આમ આદમી પાર્ટી (AAP) સાથે કોઈપણ ગઠબંધનનો ઇન્કાર કર્યો હતો, પરંતુ કહ્યું હતું કે, કોંગ્રેસ INDIA ગઠબંધનમાં સમાન વિચારધારા ધરાવતા પક્ષો સાથે હાથ મિલાવવા માટે ખુલ્લી છે. તેમણે ઉમેર્યું હતું કે, પસંદગી સમિતિની બેઠક બાદ, આગામી વિધાનસભા ચૂંટણી માટેના ઉમેદવારો આવતા મહિનાની શરૂઆત સુધીમાં જાહેર કરવામાં આવશે.

શિરોમણી અકાલી દળ (SAD) અને BJP વચ્ચેના ગઠબંધન અંગે, બાજવાએ તેના રાજકીય મહત્ત્વને નકારી કાઢતા કહ્યું, ''O+O=O''.

વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ સામેના ખેડૂત આંદોલનને લઈને અલગ થયાના લગભગ છ વર્ષ પછી, SAD બુધવારે NDAમાં પાછું ફર્યું અને BJP સાથે પોતાનું ગઠબંધન ફરીથી જીવંત કર્યું.

બાજવાએ SAD પર પણ કટાક્ષ કરતા કહ્યું કે, સુખબીર બાદલે સ્પષ્ટતા કરવી જોઈએ કે શું BJPએ તેમને કૃષિ કાયદા, બંદી સિંહોની મુક્તિ અને અગ્નિવીર યોજના રદ કરવા અંગે કોઈ ખાતરી આપી હતી, જે પંજાબને લગતા મુખ્ય સળગતા મુદ્દાઓ હતા. ઇન્ડિયા ગેટ નજીક એક રિસોર્ટમાં યોજાયેલી આ રેલીમાં પંજાબ કોંગ્રેસના પ્રમુખ પરગટ સિંહ અને અન્ય વરિષ્ઠ પક્ષના નેતાઓ પણ હાજર રહ્યા હતા, જેમાં કાર્યકારી PPCC પ્રમુખો રાજકુમાર વેરકા, ગુરજીત ઔજલા, ડૉ. બંદાલા, જસબીર ડિમ્પા, સુનીલ દત્તી અને હરપ્રતાપ અજનાલાનો સમાવેશ થાય છે. વક્તાઓએ ડ્રગ્સના ત્રાસ અને ગેંગસ્ટરવાદ મુદ્દે BJPની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને પંજાબમાં AAP સરકારને નિશાન બનાવી હતી અને દાવો કર્યો હતો કે, પંજાબને અસરકારક શાસન આપવા અને કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા સક્ષમ વૈકલ્પિક સરકારની જરૂર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, માત્ર કોંગ્રેસ જ રાજ્યને ડ્રગ્સ અને ગેંગસ્ટરવાદથી મુક્ત કરવા માટે કાર્યક્ષમ સરકાર આપી શકે છે.

પાકિસ્તાન: AI ચેટબોટ ક્લોડ (Claude) પાસેથી મદદ માંગ્યા બાદ કોલેજમાં બોમ્બ હુમલાનું કાવતરૂં ઘડવા બદલ ૧૭ વર્ષના કિશોરની ધરપકડ

FBI અને ક્લોડના ડેવલપર, એન્થ્રોપિક (Anthropic), એ તેની શંકાસ્પદ વાતચીત વિશે પાકિસ્તાની સત્તાવાળાઓને ચેતવણી આપી હતી

(એજન્સી) તા.૨૬

વિસ્ફોટકો બનાવવા અંગે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચેટબોટ, ક્લોડ, પાસેથી માર્ગદર્શન માંગ્યા બાદ શૈક્ષણિક સંસ્થા પર બોમ્બ હુમલાનું કાવતરૂં ઘડવાના કથિત આરોપસર પાકિસ્તાનના લાહોરમાં ૧૭ વર્ષના વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, સ્થાનિક કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થી એવા આ કિશોરની સોમવારે બેડિયન રોડ વિસ્તારમાં આવેલા તેના નિવાસસ્થાનેથી નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA)ના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અમેરિકન ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) અને ક્લોડ વિકસાવનાર અમેરિકન કંપની એન્થ્રોપિકે AI ચેટબોટ સાથેની કિશોરની વાતચીત વિશે પાકિસ્તાની સત્તાવાળાઓને ચેતવણી આપ્યા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. કથિત હુમલો કરવા તરફ તેણે કોઈ પગલાં લીધાં હતાં કે કેમ તે નક્કી કરવા માટે તપાસકર્તાઓ હવે તેની ઓનલાઈન પ્રવૃત્તિની તપાસ કરી રહ્યા છે.

વિદ્યાર્થીનું કથિત બોમ્બ કાવતરૂં કેવી રીતે પ્રકાશમાં આવ્યું ? : NCCIAના એડિશનલ ડિરેક્ટર લાહોર આતિફ અમીરના જણાવ્યા અનુસાર, એજન્સીને ચેટબોટ સાથેની કિશોરની વાતચીત વિશે FBI અને ક્લોડના ડેવલપર્સ પાસેથી માહિતી મળી હતી. તપાસકર્તાઓને જાણવા મળ્યું કે, વિદ્યાર્થીએ કથિત રીતે ઘરે ઉપલબ્ધ રસાયણોનો ઉપયોગ કરીને વિસ્ફોટક ઉપકરણ બનાવવા અંગે ક્લોડ પાસે માર્ગદર્શન માંગ્યું હતું. અહેવાલો મુજબ, તેણે મોટી ઈમારતને નુકસાન પહોંચાડવા સક્ષમ વિસ્ફોટક તૈયાર કરવા માટે પોટેશિયમ એમોનિયમ નાઈટ્રેટ અને ખાંડ સહિતના રસાયણો ભેળવવા અંગે ચર્ચા કરી હતી. કિશોરે કથિત રીતે લાહોરની એક સરકારી કોલેજને નિશાન બનાવવા અંગે પણ ચર્ચા કરી હતી. એક અસામાન્ય વિગતમાં, અમીરે દાવો કર્યો કે, વિદ્યાર્થીએ એક કપ કોફી પીવા વિશે સહજ રીતે વાત કરતી વખતે હુમલો કરવા વિશે વાત કરી હતી. ત્યારબાદ આ માહિતી પાકિસ્તાની સત્તાવાળાઓ સાથે શેર કરવામાં આવી, જેના પગલે NCCIAએ તપાસ શરૂ કરી અને કિશોરની ધરપકડ કરી.

NZ ટેસ્ટ: સિરાજની જગ્યા શંકાસ્પદ રહેતા ઝડપી બોલિંગના સંયોજન પર સૌની નજર

શુભમન ગિલ અને સાથીઓએ બહુ દૂરનું વિચારવાને બદલે વિદેશમાં દુર્લભ સિરીઝ જીતવા માટે જોર લગાવવાની જરૂર છે

(એજન્સી) તા.૨૬

જો શુક્રવાર, ૨૭ નવેમ્બરથી ક્રાઇસ્ટચર્ચમાં શરૂ થતી ભારતની બીજી અને અંતિમ ટેસ્ટ અગાઉ એક મુખ્ય પ્રશ્ન એ હતો કે, શું મોહમ્મદ સિરાજને તક મળશે, તો તેનો જવાબ જાણવા માટે આવતીકાલ સવાર સુધી રાહ જોવી પડશે. વિરાટ કોહલી હેઠળના એક તબક્કાને બાદ કરતાં, ભારતીય ટીમ સામાન્ય રીતે 'સસ્પેન્સ' જાળવી રાખવામાં માનતી રહી છે અને બોલિંગ કોચ મોર્ને મોર્કેલે મેચ પહેલાંની મીડિયા વાતચીતમાં આ પરંપરા જાળવી રાખી. પ્રથમ ટેસ્ટમાં મોટાભાગના સમય સુધી પ્રભુત્વ રાખવા છતાં મેચ પૂરી કરવામાં નિષ્ફળ રહેવા બદલ શુભમન ગિલ અને સાથીઓની ટીકા થયા બાદ, ખેલાડીઓને આપવાનો તેમનો અપેક્ષિત સંદેશ ''બહારની વાતો પર ધ્યાન ન આપવા'' નો હતો, પરંતુ તેઓ એજ પ્લેઈંગ ઇલેવન સાથે ઉતરશે કે કેમ તે અંગે આ દક્ષિણ આફ્રિકન કોચ અસ્પષ્ટ રહ્યા હતા. જો વાતો વચ્ચેનો અર્થ સમજવામાં આવે, તો વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ચક્રમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બોલરને આત્મનિરીક્ષણ કરવાનો એક સૂક્ષ્મ સંદેશ જરૂર હતો: ''મેં તેની (સિરાજની) સાથે જે વાતચીત કરી તેમાં કહ્યું કે, સાંભળ, બસ થોડું મૂળભૂત બાબતો પર ધ્યાન આપ. આપણે અત્યારે ક્યાં છીએ, આપણે શેમાં સુધારો કરવાની જરૂર છે અને આપણે ક્યાં વધુ સારા બની શકીએ ? પસંદગી ખરેખર આપણા હાથમાં નથી. અને આ બધું આત્મ-જવાબદારી વિશે છે, તેને સ્વીકારવા વિશે છે.'' તેનાથી કોઈપણ અનુમાન લગાવી શકે છે, પરંતુ જો ગૌતમ ગંભીર એ જ ઇલેવન સાથે ચાલુ રાખે તો તે ખરેખર આશ્ચર્યજનક નહીં હોય-જોકે ગુરનૂર બ્રારની બોડી લેંગ્વેજ અંગે થોડો ઉત્સાહ છે, જે સૂચવે છે કે, તેના માટે ટેસ્ટ કેપ નજીકમાં હોઈ શકે છે, કારણ કે મુલાકાતી ટીમ માટે 'ખૂબ જ લીલી' (very green) વિકેટ રાહ જોઈ રહી છે. બેસિન રિઝર્વની વિકેટે બતાવ્યું તેમ દેખાવ છેતરામણો હોઈ શકે છે, પરંતુ એવું માની લેવું અશક્ય છે કે ભારત અહીં પણ ચાર ઝડપી બોલરોના આક્રમણ સાથે નહીં ઉતરે. ''જ્યારથી તે (ગુરનૂર) ભારતીય ટીમમાં જોડાયો છે ત્યારથી તેની ઝડપ અને બાઉન્સને લઈને ઘણો ઉત્સાહ છે,'' મોર્કેલે અવલોકન કર્યું, સાથે જ નવોદિત અંશુલ કંબોજની અંતિમ ઇલેવનમાં પસંદગી થવાની શક્યતા પણ વ્યક્ત કરી. જો ટીમ મેનેજમેન્ટને લાગે કે તેનો બીજો સૌથી વરિષ્ઠ ઝડપી બોલર અત્યારે પૂરી ગતિએ બોલિંગ નથી કરી રહ્યો, તો આનાથી ઝડપી બોલિંગ યુનિટની પસંદગી વિવાદાસ્પદ બની જાય છે. ન્યુઝીલેન્ડથી મળેલા સમાચાર એ છે કે, ક્રાઇસ્ટચર્ચમાં આખી સવાર ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે મેચ શરૂ થવામાં વિલંબ થઈ શકે છે અને ટોસ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. શરૂઆતથી જ પહેલ કરવાનો સવાલ છે, અને ભારતીય બેટ્સમેનો વેલિંગ્ટનની હકારાત્મક બાબતોનો લાભ લેશે, જ્યાં તેમણે વિશાળ સ્કોર ખડકવા માટે ઉત્તમ ધૈર્ય અને સમજદારી બતાવી હતી.

તાજમહેલમાં વાંદરાઓનો ત્રાસ : વાંદરાઓના ટોળા સ્મારક પર કબજો જમાવતા પ્રવાસીઓને સુરક્ષાની ચિંતા

તાજમહેલમાં ફરતા વાંદરાઓના મોટા જૂથોએ પ્રવાસીઓની સુરક્ષા અંગે ચિંતા ઊભી કરી છે, જેમાં સ્મારકના પૂર્વીય, પશ્ચિમી અને શાહી દરવાજા પાસેના પ્રાણીઓના વીડિયો વાયરલ થયા છે. તેમની વસ્તીને નિયંત્રિત કરવાના વારંવારના પ્રયાસો છતાં, આ ત્રાસ યથાવત્ છે

(એજન્સી) તા.૨૬

આગ્રામાં એક મુખ્ય પ્રવાસી આકર્ષણ અને ભારતના સૌથી જાણીતા વારસાગત સ્થળોમાંના એક એવા તાજમહેલના પરિસરમાં વાંદરાઓના મોટા જૂથોની હાજરી અંગે ચિંતા વધી રહી છે. સ્મારકની આસપાસ ફરતા વાંદરાઓના ટોળા દર્

અમદાવાદ આવેલ જે.પી.નડ્ડાના રાહુલ ગાંધી પર નામ લીધા વિના પ્રહારો

અબોધ બાળકને ઈતિહાસની ખબર નથી ને 'વોટ ચોર, વોટ ચોર' કર્યા કરે છે : કેન્દ્રીય મંત્રી

કોંગ્રેસે વોટ ચોરી કરી ડો. બાબાસાહેબ આંબેડકરને હરાવી દીધા હતા : નડ્ડા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના ટાગોર હોલમાં સંવિધાન ગૌરવ દિવસે ભાજપ દ્વારા યોજાયેલા 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન'માં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ સંવિધાનને લઈ નામ લીધા વિના કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા. નડ્ડાઓ કહ્યું - ઈતિહાસની અબોધને ખબર નથી'ને 'વોટ ચોર...વોટ ચોર' કરે છે. UCC અને આર્ટિકલ ૩૭૦ને લઈને પણ કોંગ્રેસને આડેહાથ લીધી હતી. નડ્ડાએ જણાવ્યું હતું કે, ડો. આંબેડકરે ૧૯૪૯-૫૦માં કહ્યું હતું કે, યુનિફોર્મ સિવિલ કોડ (UCC) હોવું જોઈએ. ભાજપે તેનો માત્ર અમલ કર્યો છે.

પ્રબુદ્ધ નાગરિકોને સંબોધતા નડ્ડાએ વધુમાં પ્રહારો કરતાં જણાવ્યું કે, જે તે સમયે ડો. બાબાસાહેબ આંબેડકરે આર્ટિકલ ૩૭૦ લાગુ કરવાની ના પાડી હતી. પરંતુ, બાબાસાહેબના રાજીનામા બાદ ૩૭૦ને લાગુ કરી દેવામાં આવી. કોંગ્રેસ, ડો. બાબાસાહેબ આંબેડકરની વિરોધી છે. ડો. બાબાસાહેબને સંવિધાન સભામાં ચૂંટાતા કોંગ્રેસે જ રોક્યા હતા. ડો. આંબેડકરને ભારતરત્ન પણ ભાજપ સમર્થનવાળા વી.પી. સિંહની સરકાર સમયે આપવામાં આવ્યો. નડ્ડાએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના પ્રહારો કરતા કહ્યું કે, અબોધ બાળક આખો દિવસ 'વોટ ચોર...વોટ ચોર' કરે છે. લાલ પુસ્તક લઈને ફરે છે પણ સંવિધાનના એક અક્ષરની પણ ખબર નથી. ડો. બાબાસાહેબ આંબેડકરને સંવિધાનસભામાં સદસ્ય બનવાથી કોંગ્રેસે જ રોક્યા હતા. વોટચોરી કોંગ્રેસે કરી હતી. બાબાસાહેબ આંબેડકરના બેલેટ પેપરની ચોરી કરી હરાવ્યા હતા.

અમદાવાદના ચાંદલોડિયા ગરનાળા પાસે કરૂણાંતિકા સર્જાઈ !

વેકેશન બાદ સ્કૂલો ખૂલતાં પ્રથમ દિવસે જ ભણવા જઈ રહેલી માસૂમ બાળકી ટ્રકના ટાયરમાં કચડાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના ચાંદલોડિયા ગરનાળા પાસે આજે(૨૬ નવેમ્બર) સવારે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ૫ વર્ષીય માસૂમ બાળકીનું મોત નીપજ્યું છે. બાળકી પોતાના પિતા સાથે બાઈક પર બેસીને સ્કૂલે જઈ રહી હતી, તે દરમિયાન પૂરઝડપે આવતા એક ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે બાળકી નીચે પટકાતા ટ્રકના ટાયર નીચે આવી જતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે પિતાને ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતાં. સમગ્ર મામલે છ ટ્રાફિક ડિવિઝન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



SG હાઈવે પર કાર પલટી ખાતાં ચાલકનું ઘટનાસ્થળે જ મોત

તો બીજા અકસ્માતમાં આજે સવારે એસ.જી. હાઈવે પર આવેલા સોલા બ્રિજ પરથી પસાર થઈ રહેલી i10 કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. આ કારમાં ૪ મિત્રો સવાર હતા, જેમાંથી ગંભીર ઈજાઓને કારણે કાર ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ મિત્રોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

રાણીપ અને ચાંદલોડિયાને જોડતા રેલવેના ગરનાળા પાસે સવારે ૫ વર્ષીય બાળકી નેહલ પટેલ તેના પિતા સાથે બાઈક પર બેસીને નીલકંઠ સ્કૂલમાં જઈ રહી હતી. પાછળથી આવી રહેલા ટ્રકે પૂર ઝડપે બાઈકને ટક્કર મારતા પિતા-પુત્રી જમીન પર પટકાયા હતા. જે બાદ ટ્રકનું ટાયર બાળકી પર ફરી વળતા બાળકીને ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માતમાં બાળકીના પિતાને પણ ખભા ઉપર ઈજા પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાળકીના પિતાને સારવાર માટે સોલા સિવિલથી KD હોસ્પિટલમાં ખસેડાયા છે. જ્યારે બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ ટ્રક ડ્રાઈવરને ઝડપીને પોલીસને સોંપ્યો હતો. પોલીસે ઘટના સ્થળના આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. હાલ ટ્રક ચાલકની અટકાયત કરવામાં આવી છે. સમગ્ર મામલે છ ટ્રાફિક ડિવિઝન પોલીસ દ્વારા ગુનો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે અન્ય બનાવમાં શહેરના SG હાઈવે પર આવેલા સોલા બ્રિજ પરથી સવારના સમયે પસાર થઈ રહેલી એક i10 કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કાર ચાલક ૩૦ વર્ષીય સંતોષ શાહુનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ મિત્રો ઉદિત શર્મા, મનીષ યાદવ, ઉદિત સુરાણાને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. કારમાં સવાર ચારેય મિત્રો મૂળ રાજસ્થાનના વતની હતા અને અમદાવાદમાં PGમાં રહેતા હતા. સવારના સમયે આ ચારેય મિત્રો કાર લઈને ચા પીવા માટે નીકળ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. ઘટનાની જાણ થતા જ હાલ ચારેય યુવકોના પરિવારજનો અમદાવાદ આવી પહોંચ્યા છે. પોલીસે તપાસ શરૂ કરી છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વરસાદની સંભાવના

ગુજરાતમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી : ખેડૂતોને ખાસ સાવચેતીની સલાહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં ખેડૂતો માટે ફરી એકવાર ચિંતાના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગે રાજ્યમાં માવઠાની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર આગામી ૨૬થી ૨૮ દરમિયાન સુધી રાજ્યમાં વરસાદ પડી શકે છે. જ્યારે ૨૬ અને ૨૭ નવેમ્બર એમ બે દિવસ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી છે. રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની પણ સંભાવના છે. જેમાં અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.



ભારે પવન ફૂંકાવવાની પણ શક્યતા : ઠંડીનું જોર વધવાની પણ આગાહી

ગુજરાતમાં હવે શિયાળો જામવા લાગ્યો છે ત્યારે રાજ્યમાં ઠંડીનું મોજું યથાવત રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે ૨૬ નવેમ્બરના રોજ આઠ રાજ્યોમાં હળવાથી ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન ૬૦થી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. હવામાન વિભાગ પ્રમાણે ૨૬ નવેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ ગુજરાતમાં હવામાન મુખ્યત્વે સ્વચ્છ અને તડકાવાળું રહેશે, જેમાં મહત્તમ તાપમાન 31°C અને લઘુત્તમ તાપમાન 17° સે રહેવાની શક્યતા છે. ભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને, હવામાન વિભાગે ખેડૂતોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે. તમિલનાડુમાં, ડાંગરના ખેતરોને યોગ્ય ડ્રેનેજ સુનિશ્ચિત કરવા અને લણાયેલા પાકને કાપવા અને તેમને સુરક્ષિત, સૂકી જગ્યાએ સંગ્રહ કરવાની સલાહ આપવામાં આવી છે. રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની પણ સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. તો સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, ભરૂચ, આણંદ, વડોદરામાં આગાહી છે. અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદામાં પણ વરસાદની આગાહી છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા માટે ઓનલાઈન અરજીનો પ્રારંભ

રાજ્યમાં ૧૨,૯૯૩ પોલીસ કર્મીઓની ભરતીમાં શારીરિક કસોટી, પરીક્ષા વગેરેના નિયમો જાહેર

લેખિત પરીક્ષામાં પાર્ટ-A અને પાર્ટ-B એમ બંનેમાં અલગ-અલગ પાસ થવું જરૂરી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી માટે જાહેરાત બાદ હવે ઉમેદવારો માટે વિગતવાર સૂચનાઓ પણ જાહેર કરવામાં આવી છે. ભરતી પ્રક્રિયામાં શારીરિક કસોટી, લેખિત પરીક્ષા, નેગેટિવ માર્કિંગ, અનામતના પ્રમાણપત્રો, પરીક્ષા ફી, વધારાના ગુણ અને દસ્તાવેજ ચકાસણી સહિતના નિયમો સ્પષ્ટ કરાયા છે. ઉમેદવારોએ અરજી કરતા પહેલાં આ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવી પડશે. ખાસ કરીને શારીરિક કસોટીમાં દોડના માપદંડ અને લેખિત પરીક્ષામાં બંને વિભાગમાં અલગથી પાસ થવાની જોગવાઈ ઉમેદવારો માટે મહત્ત્વપૂર્ણ છે.



જારી કરાયેલ સૂચના મુજબ જનરલ કેટેગરીના ઉમેદવારોએ રૂા.૧૦૦ પરીક્ષા ફી ઉપરાંત લાગુ પડતા બેંક સર્વિસ ચાર્જ ચૂકવવાના રહેશે. જ્યારે EWS, SC, ST, SEBC અને માજી સૈનિક ઉમેદવારોને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ફી માત્ર ઓનલાઈન ભરવાની રહેશે. ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૬ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધીની છે. ભરતી પ્રક્રિયા અંગે ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ: ૨૬ નવેમ્બર, ૨૦૨૬ એટલે કે આજે બપોરે ૨:૦૦ વાગ્યેથી પ્રારંભ થઈ જવા પામેલ છે. જ્યારે અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬ નિર્ધારિત કરાઈ છે. ઉમેદવારો OJASની સત્તાવાર વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકશે. ભરતી અંગેની વિગતવાર માહિતી અને સૂચનાઓ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની વેબસાઈટ https://gprb.gujarat.gov.in પર ઉપલબ્ધ રહેશે. ભરતી પ્રક્રિયામાં દોડમાં ઉત્તીર્ણ થનારા ઉમેદવારોની ઊંચાઈ અને છાતીનું માપ લેવામાં આવશે. પુરુષ ઉમેદવારો માટે સામાન્ય રીતે ૧૬૫ સેમી ઊંચાઈ અને ૭૯થી ૮૪ સેમી છાતીનું માપ જરૂરી છે. મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના પુરુષ ઉમેદવારો માટે ઊંચાઈ ૧૬૨ સેમી રાખવામાં આવી છે. મહિલાઓ માટે સામાન્ય રીતે ૧૫૫ સેમી અને મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે ૧૫૦ સેમી ઊંચાઈ જરૂરી છે. શારીરિક કસોટીમાં પાસ થયેલા ઉમેદવારોને બીજા તબક્કાની ઓબ્જેક્ટિવ MCQ પરીક્ષા માટે બોલાવવામાં આવશે. પરીક્ષા કુલ ૨૦૦ ગુણની રહેશે, જેમાં ૨૦૦ પ્રશ્નો પૂછાશે અને સમય ૩ કલાકનો રહેશે. પરીક્ષામાં પાર્ટ-Aમાં ૮૦ ગુણ રહેશે. જેમાં રિઝનિંગ અને ડેટા ઈન્ટરપ્રિટેશન – ૩૦ ગુણ ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યૂડ – ૩૦ ગુણ ગુજરાતી ભાષાનું કોમ્પ્રિહેન્શન – ૨૦ ગુણ, આ વિભાગમાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવવા પડશે. જ્યારે પાર્ટ-Bમાં ૧૨૦ ગુણ રહેશે. જેમાં ભારતનું બંધારણ – ૩૦ ગુણ વર્તમાન પ્રવાહો, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાન્ય જ્ઞાન – ૪૦ ગુણ ગુજરાત અને ભારતનો ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો અને ભૂગોળ – ૫૦ ગુણ, આ વિભાગમાં પણ ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે બંને વિભાગમાં અલગ-અલગ પાસ થવું જરૂરી રહેશે. માત્ર કુલ ગુણના આધારે પાસ ગણવામાં આવશે નહીં. લેખિત પરીક્ષામાં દરેક સાચા જવાબ માટે ૧ ગુણ મળશે, જ્યારે ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કપાશે. દરેક પ્રશ્નમાં 'E' એટલે કે 'Not Attempted'નો વિકલ્પ આપવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ ખબર ન હોય તેવા કિસ્સામાં ઉમેદવાર ઈ વિકલ્પ પસંદ કરી શકશે. આ વિકલ્પ પસંદ કરવાથી કોઈ નેગેટિવ માર્કિંગ થશે નહીં. જોકે, કોઈ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે અથવા એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરવામાં આવે તો ૦.૨૫ ગુણ કપાશે. OMR શીટમાં સફેદ શાહીનો ઉપયોગ કરવા પર પણ જવાબ ખોટો ગણાશે અને ૦.૨૫ ગુણ કપાશે. આ ઉપરાંત NCC, RRU અને રમતવીરોને વધારાના ગુણનો લાભ મળશે તેની સ્પષ્ટતા કરતા બોર્ડના જણાવ્યા અનુસાર NCC 'C' સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારોને ૨ વધારાના ગુણ મળશે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાંથી એક વર્ષ કે તેથી વધુ સમયનો માન્ય કોર્સ કરનારને કોર્સના સમયગાળા મુજબ ૩થી ૧૦ ગુણ મળશે. નિર્ધારિત શરતો પૂર્ણ કરતા રમતવીરોને લેખિત પરીક્ષામાં મેળવેલા કુલ ગુણના ૫ ટકા વધારાના ગુણ મળશે. પુનઃલગ્ન ન કરનાર વિધવા મહિલા ઉમેદવારોને પણ લેખિત પરીક્ષાના કુલ ગુણના ૫ ટકા વધારાના ગુણ મળશે. લેખિત પરીક્ષાના ગુણ અને નિયમ મુજબ મળવાપાત્ર વધારાના ગુણના આધારે મેરિટ તૈયાર કરાશે. ત્યારબાદ ખાલી જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. દસ્તાવેજ ચકાસણી વખતે ઉમેદવારોએ કેડરની પસંદગીનો ક્રમ આપવાનો રહેશે. એક વખત પસંદગીનો ક્રમ આપ્યા બાદ તેમાં ફેરફાર કરી શકાશે નહીં. બોર્ડે ઉમેદવારોને એક જ અરજી કરવા સૂચના આપી છે. જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરશે તો છેલ્લે કન્ફર્મ કરેલી અરજી માન્ય ગણાશે અને અગાઉની અરજીઓ રદ થશે. બોર્ડે ઉમેદવારોને અરજીમાં પોતાનો ચાલુ મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી આપવા સલાહ આપી છે. બિનહથિયારી કોન્સ્ટેબલ, હથિયારી કોન્સ્ટેબલ અને જેલ સિપાઈ તરીકે પસંદ થયેલા ઉમેદવારો માટે પાંચ વર્ષનો કરાર આધારિત સમયગાળો રહેશે. આ દરમિયાન હથિયારી કોન્સ્ટેબલ (SRPF) સહિત માસિક રૂા.૨૬,૦૦૦નું ફિક્સ વેતન મળશે.

ભાજપ નેતા પબુભા માણેકના નિવેદન બાદ પ્રત્યાઘાતોનો દોર જારી, હવે હાર્દિક પટેલ, કથીરિયા આવ્યા મેદાનમાં !

મારી શાંતિને નબળાઈ સમજવાની ભૂલ ના કરતા, દરેક જવાબ શબ્દોથી જ આપવામાં આવે તે જરૂરી નથી

હાર્દિક પટેલની આક્રમક પોસ્ટના સમર્થનમાં કથીરિયા; 'અમારી ખામોશીને કમજોરી ના સમજતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

પાટીદાર અનામત આંદોલનથી ગુજરાતના રાજકારણમાં પોતાની અલગ ઓળખ ઊભી કરનારા હાર્દિક પટેલ અને અલ્પેશ કથીરિયા ફરી એકવાર સોશિયલ મીડિયા પોસ્ટને કારણે ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. વિરમગામના ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે મૂકેલી એક સૂચક પોસ્ટ બાદ, તેમના સમર્થનમાં અલ્પેશ કથીરિયાએ પણ એવા જ આક્રમક અંદાજમાં પોસ્ટ મૂકતા પાટીદાર સમાજ અને રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થઈ ગયા છે.

સમગ્ર ઘટનાની શરૂઆત ૨૫ નવેમ્બરની સાંજે થઈ હતી, જ્યારે વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો હતો. આ પોસ્ટના બેકગ્રાઉન્ડમાં તમિલ સુપરસ્ટાર અને નેતા વિજય થલપતિનું ગીત મૂકવામાં આવ્યું હતું. જોકે, સૌથી વધુ ધ્યાન તેના કેપ્શને ખેંચ્યું હતું, જેમાં હાર્દિકે લખ્યું હતું કે, "મારી શાંતિને મારી નબળાઈ સમજવાની ભૂલ ન કરતા, દરેક જવાબ શબ્દોથી જ આપવામાં આવે એ જરૂરી નથી." આ પોસ્ટ ગણતરીના કલાકોમાં જ વાયરલ થઈ ગઈ હતી. હાર્દિક પટેલની પોસ્ટ વાયરલ થયા બાદ, આંદોલન સમયના તેમના સાથી અને પાસ (PAAS)ના પૂર્વ કન્વીનર અલ્પેશ કથીરિયાએ પણ હાર્દિક સાથેની એક જૂની તસવીર શેર કરી હતી. તેમણે હાર્દિકના સૂરમાં સૂર પુરાવતા કેપ્શનમાં લખ્યું કે, "અમારી ખામોશીને કમજોરી સમજવાની ભૂલ ના કરતા, અમારા સ્વાભિમાનને તમારી શરતોમાં તોલતા નહીં. અમે સમય આવ્યે ઈતિહાસ લખવાની તાકાત રાખીએ છીએ, બાકી અમને દરેક પાને પોતાનું નામ લખવાનો શોખ નથી." એક જ સમયે બંને નેતાઓની આવી પોસ્ટે રાજકીય ગરમાવો વધારી દીધો છે. એક સમયે સરકાર સામે બાંયો ચઢાવનાર આ બંને નેતાઓ હાલ ભારતીય જનતા પાર્ટી (BJP)માં સક્રિય છે. ત્યારે અચાનક આવી પોસ્ટ કોને ઉદ્દેશીને લખવામાં આવી છે તે અંગે ચર્ચાઓ તેજ બની છે. આ સમગ્ર મામલે જ્યારે અલ્પેશ કથીરિયાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટતા કરી હતી કે, તેમણે આ પોસ્ટ માત્ર હાર્દિક પટેલના સમર્થનમાં જ મૂકી છે. જોકે, હાર્દિક પટેલે આ પોસ્ટ કયા સંદર્ભમાં અને શા માટે લખી છે તે અંગે પોતાને કોઈ જાણ ન હોવાનું તથા આ બાબતે તેમની વચ્ચે કોઈ વાતચીત ન થઈ હોવાનું કથીરિયાએ જણાવ્યું હતું. ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને હજુ એક વર્ષ જેટલો સમય બાકી છે, પરંતુ રાજ્યમાં અત્યારથી જ રાજકીય હલચલ તેજ બની ગઈ છે. આવા સમયે હાર્દિક અને અલ્પેશની આ પોસ્ટ અનેક સવાલો ઊભા કરી રહી છે. શું આ બંને નેતાઓ પક્ષના કોઈ નિર્ણય કે નેતાથી નારાજ છે? કે પછી આગામી ચૂંટણી પહેલાં પોતાનું રાજકીય વજન અને મહત્ત્વ બતાવવા માટે આ પ્રકારનો મેસેજ આપવામાં આવી રહ્યો છે? હાલ તો આ બંને નેતાઓની 'ખામોશી' પાછળનો અસલી ઈશારો કોના તરફ છે, તે સમગ્ર ગુજરાતના રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપના અગ્રણી નેતા પબુભા માણેકના કોળી સમાજના CM અંગેના નિવેદનથી મધપૂડો છંછેડાયો અને તેના જુદા જુદા પ્રત્યાઘાતો બહાર આવી રહ્યા છે અને તેના ભાગરૂપે જ કોળી સમાજ તથા પાટીદાર સમાજમાં પણ નિવેદનબાજી શરૂ થઈ જતાં રાજકીય માહોલ ગરમાયો છે.

ઈન્કમટેક્સના ઈન્સ્પેક્ટરો પાસે કામગીરી માટે અદ્યતન યુગમાં પણ લેપટોપ નથી !

ડિજિટલ યુગની બડાશો વચ્ચે ઈન્કમટેક્સના લેપટોપ વિનાના અધિકારીઓએ કર્યું વિરોધ પ્રદર્શન

પડતર માગણીઓ ના સંતોષાય તો ૧ ડિસેમ્બરથી કામગીરીનો કરાશે બહિષ્કાર

(સંવાદદાતા દ્વારા) સુરત/અમદાવાદ, તા.૨૬

વડાપ્રધાન મોદી દેશમાં ડિજિટલ ક્રાંતિની વાતો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ ડિજિટલ યુગમાં પણ ઈન્કમટેક્સ (IT) ઈન્સ્પેક્ટરો પાસે સત્તાવાર કામગીરી માટે લેપટોપ જ નથી ! આ ચોંકાવનારી હકીકત અને અન્ય લાંબા સમયથી પડતર ૧૨ સૂત્રીય માંગણીઓને લઈને આજે સુરતમાં ૫૦૦થી વધુ ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટરો, અધિકારીઓ અને કર્મચારીઓ સવારે ૧૧ વાગ્યાથી સામૂહિક વોકઆઉટ કરી કચેરીએથી ઉતરી ગયા હતા. રેડ (દરોડા) દરમિયાન નિવેદન નોંધવા સહિતની મહત્વપૂર્ણ કામગીરી માટે લેપટોપ અને ઈન્ટરનેટની સુવિધાના અભાવે અધિકારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જોઈન્ટ કાઉન્સિલ ઓફ એક્શન (JCA)ના બેનર હેઠળ ITEF અને ITGOA દ્વારા રાષ્ટ્રવ્યાપી આંદોલનના ભાગરૂપે સુરતમાં આ વિરોધ પ્રદર્શન યોજાયું હતું. IT ઈન્સ્પેક્ટર રાકેશ રંજને જણાવ્યું હતું કે, 'અમારી ૧૨ સૂત્રીય માંગણીઓમાં રિ-સ્ટ્રક્ચરિંગ, ICT અને ઓફિસર્સને લેપટોપ આપવાની મુખ્ય માંગ છે. અમારા લોકલ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટની સુવિધા હોતી નથી, જેના કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે ડિપાર્ટમેન્ટલ કામકાજ યોગ્ય રીતે થઈ શકતું નથી અને કામનું ભારણ ખૂબ વધી ગયું છે. આજે સુરતના ૯૦ ટકા કર્મચારીઓ વોકઆઉટ પર છે.' JCAના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ વર્ષમાં (૨૦૧૩-૧૪થી ૨૦૨૩-૨૪) ઈન્કમટેક્સ રિટર્નની સંખ્યા ૩.૮૦ કરોડથી વધીને ૮.૬૧ કરોડ (૧૨૭% વૃદ્ધિ) અને શુદ્ધ પ્રત્યક્ષ કર સંગ્રહ રૂા.૬.૩૯ લાખ કરોડથી વધીને રૂા.૧૯.૬૦ લાખ કરોડ (૨૦૭% વૃદ્ધિ) થયો છે. મહેસૂલ



સંગ્રહ ત્રણ ગણો વધવા છતાં ૨૦૧૪થી ઓલ ઈન્ડિયા સિનિયોરિટી લિસ્ટ, કેડર રિવ્યુ, ભરતી નિયમોમાં સુધારો અને આઉટસોર્સિંગ બંધ કરવા જેવા મુદ્દાઓ વર્ષોથી લટકી પડ્યા છે. તેમણે વધુમાં ચીમકી ઉચ્ચારી હતી કે, આજે આંદોલનના પ્રથમ તબક્કાનો અંતિમ દિવસ છે. જો સરકાર અને CBDT દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી ૧ ડિસેમ્બર ૨૦૨૬થી ઈન્કમટેક્સના કોઈપણ અધિકારી કે કર્મચારી 'સર્ચ' (દરોડા) અને 'સર્વે' (TDS સર્વે સહિત)ની કામગીરીમાં ભાગ લેશે નહીં. આ ઉપરાંત ૯, ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ દેશભરની કચેરીઓમાં આખો દિવસ સામૂહિક વોકઆઉટ કરવામાં આવશે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી તેમની ન્યાયી માંગણીઓ પર સમયબદ્ધ નિર્ણય નહીં લેવાય, ત્યાં સુધી સંગઠનાત્મક એકતા સાથે આ સંઘર્ષ યથાવત રહેશે.

ખાનગી સ્કૂલોની ફીના સ્લેબ સુધારણાના અહેવાલ પર અઢી વર્ષે પણ નિર્ણય ન લેવાયો

૨૦૧૭માં નક્કી થયેલા ફીના ધોરણોને ૯ વર્ષ છતાં તેમાં હજુ સુધી કોઈ જ ફેરફાર થયા નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

રાજ્યની ખાનગી શાળાઓની ફી નિર્ધારણની પ્રક્રિયા હાલ સરકારની ઉદાસીનતા અને ઢીલી નીતિનો ભોગ બની રહી હોય તેમ જણાય છે. ૨૦૧૭માં નક્કી થયેલા ફીના ધોરણોને ૯મું વર્ષ ચાલી રહ્યું હોવા છતાં તેમાં હજુ સુધી કોઈ જ ફેરફાર થયા નથી. ફીના સ્લેબ સુધારણા માટે રચાયેલી સમિતિએ જૂન ૨૦૨૪માં રિપોર્ટ સુપરત કરી દીધો હોવા છતાં લગભગ અઢી વર્ષથી આ અહેવાલ શિક્ષણ વિભાગના કબાટમાં ધૂળ ખાઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

વર્ષ ૨૦૧૭માં ફી નિર્ધારણ કાયદા હેઠળ પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક રૂા.૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે રૂા.૨૫ હજાર તેમજ ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહ માટે રૂા.૩૦ હજારના ફીના સ્લેબ નક્કી કરાયા હતા. મોંઘવારી, શિક્ષકોના પગાર અને નિભાવ ખર્ચમાં વધારા છતાં આ સ્લેબમાં સુધારો ન થતા ખાનગી શાળા સંચાલકો દ્વારા સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતો બાદ જૂન ૨૦૨૩માં શિક્ષણ બોર્ડના ચેરમેનના અધ્યક્ષસ્થાને અને ચાર મહાનગરોના જિલ્લા શિક્ષણાધિકારીઓને સામેલ કરીને એક સમિતિ રચાઈ હતી. વાલીઓ, સંચાલકો અને નાગરિકો પાસેથી સૂચનો મેળવ્યા બાદ બોર્ડના તત્કાલીન સચિવે જૂન ૨૦૨૪માં શિક્ષણ વિભાગને અહેવાલ સોંપ્યો હતો. જો કે, અઢી વર્ષ વીતી ગયા છતાં નિર્ણય ન લેવાતા સંચાલકોમાં નારાજગી વધી છે અને સમિતિ રચવાની કવાયત સામે સવાલો ઉઠી રહ્યા છે.



For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. લિસમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com